


# ઓગસ્ટ

## ૨૦૨૨

## તમામ માહિતી સાથે

Most IMP
Current Affairs

www.crackgpsc.com

Crack GPSC™

## કરન્ટ અફેર્સ તો Crack GPSC નું જ

2021 - 22 ની પરીક્ષાઓમાં
કરન્ટ અફેર્સ

PSI
100 %

બિન
સચિવાલય
100 %

સિનિયર કલર્ક
100 %

ATDO
100 %

નાયબ મામલતદાર
તથા Dy. SO પરીક્ષામાં

**48 માંથી**

**44 પ્રશ્નો**

સીધા Crack GPSC માંથી જ

સરકારી નોકરીની તૈયારી કરવા આજે જ ડાઉનલોડ કરો.

સ્પર્ધાત્મક પરીક્ષા ક્ષેત્રે

**5,00,000+**

યુઝર્સ ધરાવતી ગુજરાતની પ્રથમ એપ

7600051070

ગુજરાતની No. 1 એપ

**CRACK GPSC**

UPSC - GPSC - PI - PSI - Dy. SO / મામલતદાર

બિનસચિવાલય કલર્ક | તલાટી | કોન્સ્ટેબલ

RFO | TAT | TET | HTAT

# * 1 ઓગસ્ટ - 2022 *

## [*] વામપંથી ઉગ્રવાદ (LWE - Left Wing Extremism)

→ તાજેતરમાં લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન ગૃહ મંત્રાલયે ભારતમાં વામપંથી ઉગ્રવાદથી સંબંધિત આંકડાઓ આપ્યા.

→ 2009 થી 2021 વચ્ચે નક્સલી હિંસાઓ 77% નો ઘટાડો થયો જ્યારે છત્તીસગઢમાં પાછલા ત્રણ વર્ષોમાં આતંકવાદી હિંસા દ્વારા અન્યોથી વધુ સુરક્ષા દળના જવાનો શહિદ થયા.

→ વર્ષ 2021માં કુલ સુરક્ષા કર્મચારીઓની મોતના 90% (50માંથી 45) મોત છત્તીસગઢમાં થઈ. જ્યારે ઝારખંડ એકમાત્ર રાજ્ય છે જ્યાં 2021માં છત્તીસગઢ ઉપરાંત 5 ના મૃત્યુ થયા.

→ વર્ષ 2010માં 96 જિલ્લામાં નક્સલી હુમલાઓની સૂચનાઓ સામે વર્ષ 2021માં માત્ર 46 જિલ્લાઓમાંજ તે પ્રકારની સૂચનાઓ આપવામાં આવી.

→ વામપંથી ઉગ્રવાદી સંગઠનનું જૂથ છે જે હિંસાક્રાંતિના માધ્યમથી પરિવર્તનનો પ્રયાસ કરે છે. તેઓ લોકતાંત્રિક સંસ્થાના વિરુદ્ધ છે અને તેઓ લોકતંત્રની પ્રક્રિયાઓને હિંસાત્મક પ્રવૃત્તિથી અસર પહોંચાડે છે.

→ આતંકવાદીઓનું સરળ લક્ષ્ય એ છે કે જે લોકો પાસે આજીવિકાનો કોઈ સ્ત્રોત નથી તેઓને પોતાની સાથે જોડે છે અને તેમને હથિયાર, દારૂગોળો અને નાણાં પૂરાં પાડે છે.

→ વામપંથીઓની વિરુદ્ધમાં લડવા માટે સરકારનો (SAMADHAN) સિદ્ધાંત

S = સ્માર્ટ લીડરશીપ

A = આક્રમક વ્યૂહનીતિ

M = પ્રેરણા અને પ્રશિક્ષણ

A = એક્શનેબલ ઇન્ટેલિજન્સ

D = ડેશબોર્ડ આધારિત મુખ્ય પ્રદર્શન સંકેત અને મુખ્ય પરિણામ ક્ષેત્ર.

H = હાર્નેસિંગ ટેક્નોલોજી

A = એક્શન પ્લાન ફોર એચ થિયેટર

N = નો એક્સેસ ટૂ ફાઈનાન્સ (નાણાં સુધીની પહોંચ અટકાવવી

Current Affairs By C.H.Shingala

→ LWE ના સંકટને રોકવા સરકારે 66 મી ભારતીય આરક્ષિત બટાલિયન (IRB) ની રચના કરી છે.

→ આંધ્ર પોલીસે રાજ્યમાં નક્સલવાદનો સામનો કરવા 'ગ્રેહાઉન્ડ' નામક વિશેષ દળને તૈનાત કર્યું છે.

→ સરકારે મુખ્ય બે બાબતોની ખાતરીની જરૂર છે. એક શાંતિપ્રિય લોકોની સુરક્ષા અને બીજી નક્સલ પ્રભાવિત ક્ષેત્રનો વિકાસ

(*) વિજ્ઞાનીઓએ એન્ટિબાયોટિક્સની અસરકારકતાને વધુ સક્રિય બનાવવા માટે નવી પદ્ધતિ વિકસાવી.

→ વૈજ્ઞાનિકોએ એન્ટિબાયોટિક સહાયકો સાથે સંયોજનમાં એન્ટિબાયોટિક્સના ઉપયોગ કર્યો, એવો પદાર્થો કે જે હાલની એન્ટિબાયોટિક્સ સામે પ્રતિકાર કરી શકે.

→ વિજ્ઞાનિકોએ ટ્રાઈમિન ધરાવતા સંયોજનમાં ચક્રીય હાઈડ્રોફોબિક મોઈટીઝના સમાવેશ કર્યો. જેમાં ટ્રાયમિન એ ત્રણ એમિનો જૂથ ધરાવતું સંયોજન છે. જ્યારે હાઈડ્રોફોબિક મોઈટીઝ - પાણીમાં અદ્રાવ્ય થાય તેવું તત્વ છે.

→ એન્ટિબાયોટિક એ શરીરને નુકસાન પહોંચાડ્યા વિના વ્યક્તિના શરીરમાં રહેલા જૈવિક જીવોને મારવા માટે સક્ષમ દવા છે. જેનો ઉપયોગ શસ્ત્રક્રિયા દરમિયાન ચેપ અટકાવવાથી લઈ કીમોથેરાપીમાંથી પસાર થતા કેન્સરના દર્દીઓને બચાવવા માટે થાય છે.

(*) ભારતમાં ગર્ભપાત અંગેનો કાયદો.

→ તાજેતરમાં ભારતની સર્વોચ્ચ અદાલતે અપરિણીત મહિલાઓને 24 અઠવાડિયામાં ગર્ભપાત કરવાની મંજૂરી આપી હતી, તેના કાયદામાં દિલ્લી હાઈકોર્ટે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમટીપી) એક્ટની જોગવાઈઓને ટાંકીને આવા કેસમાં ગર્ભપાતની મંજૂરી આપવાનો ઈન્કાર કર્યો.

→ દિલ્લી હાઈકોર્ટ અનુસાર મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ માત્ર વિવાહિત મહિલાઓને 20 અઠવાડિયા પછી ગર્ભપાતની મંજૂરી આપી છે, જ્યારે અવિવાહિત મહિલાને ગર્ભપાતની મંજૂરી આપતો નથી

→ સુપ્રીમ કોર્ટના કાયદા અનુસાર MTP એક્ટમાં 2021ના સુધારા મુજબ 'પતિને બદલે પાર્ટનર' શબ્દનો સમાવેશ કરાયો છે, કાયદા અનુસાર AIIMSના ડાયરેક્ટર દ્વારા મહિલાની તપાસ માટે બે ડોક્ટરોનું બોર્ડ બનાવવાનો આદેશ કરાયો છે. જે મહિલાના ગર્ભપાતથી તેના જીવના જોખમ અંગે તપાસ કરશે અને શોધતા હશે AIIMS હેઠળ ગર્ભપાત કરાવી શકાશે.

→ ભારતમાં 1960ના દાયકા સુધી ગર્ભપાત ગેરકાયદેસર હતો અને ભારતીય દંડ સંહિતા (IPC) ની કલમ 312 હેઠળ મહિલાને ત્રણ વર્ષની જેલ અને/અથવા દંડની જોગવાઈ હતી.

→ સરકારે ડૉ. શાંતિલાલ શાહ સમિતિની રચનાથી આ કાયદામાં સંશોધન માટે આદેશ આપ્યા બાદ શાહ સમિતિએ લોકસભા અને રાજ્યસભામાં મેડિકલ ટર્મિનેશન બિલ રજૂ કર્યું. અને કાયદામાં ફેરફાર અનુસાર સ્ત્રીની સંમતિથી ગર્ભપાત કરવામાં આવે ત્યારે તે 'ગર્ભપાત કરાવવો' એ ગુનો ગણવામાં આવ્યો, સિવાય કે સ્ત્રીના જીવને જોખમ હોય.

→ એમટીપી એક્ટ 1971 મુજબ બે પરિસ્થિતિમાં ડોક્ટર ગર્ભાવસ્થાને સમાપ્ત કરવાની મંજૂરી આપે છે.

① વિભાવના બાદ 12 અઠવાડિયા સુધી ગર્ભપાત માટે ડોક્ટરનો અભિપ્રાય.

② જ્યારે મહિલાના જીવને જોખમ હોય, મહિલાના શારીરિક અને માનસિક સ્વાસ્થ્ય પર ખતરો હોય, બળાત્કારને કારણે ગર્ભપાત થતો હોય ત્યારે જ ગર્ભપાત થઈ શકે, પરંતુ તમામમાં ડોક્ટરનો અભિપ્રાય જરૂરી છે.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

**અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં**

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality** એટલે
**Crack GPSC**

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ કલાસ કરવાની જરૂર જ નથી.

**ઘરે બેઠાં તૈયારી કરો,**
**મોબાઈલ કે ટેબ્લેટ પરથી**

કલાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

## એક એપ, બધી પરીક્ષાઓ

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, કલાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

**કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...**

**ડાઉનલોડ કરો Crack GPSC એપ**
**અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી**

76000 51070

Crack G GPSC
ક્રેક GPSC

## [*] સ્ટ્રીટ વેન્ડર્સ :-

→ તાજેતરમાં હાઉસિંગ અને અર્બન અફેર્સ મંત્રાલયે નેશનલ એસોસિએશન ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયા (NASVI)ની 6ઠ્ઠી આવૃત્તિને સંબોધિત કરી. જેની થીમ 'From Encroachers to Self-Employed (અતિક્રમણકારોથી સ્વરોજગાર સુધી)'

→ સ્ટ્રીટ વેન્ડર્સ એવી વ્યક્તિઓ છે કે જેઓ સામાન વેચવા માટે કાયમી બિલ્ટ સ્ટ્રક્ચર વિના મોટા પાયે જાહેર જનતાને માલ વેચે છે. અને એ માટે તેઓ ફૂટપાથ અથવા અન્ય ખાનગી/જાહેર જગ્યાઓ પર કબજો કરે છે.

→ વિશ્વના મોટા શહેરો જેવાં કે એશિયા, લેટિન અમેરિકા, આફ્રિકા વગેરેમાં શેરી વિક્રેતાઓની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે

→ ભારતમાં લગભગ 49.48 લાખ સ્ટ્રીટ વેન્ડર્સની ઓળખ કરવામાં આવી છે. ઉત્તરપ્રદેશમાં સૌથી વધુ 8.49 લાખ સ્ટ્રીટ વેન્ડર્સ છે, ત્યારબાદ મધ્યપ્રદેશમાં 7.04 લાખ અને દિલ્હીમાં 72,457 સ્ટ્રીટ વેન્ડર્સ નોંધાયા છે. અત્યાર સુધીમાં સિક્કિમમાં કોઈ સ્ટ્રીટ વેન્ડર્સની ઓળખ થઈ નથી.

→ ભારતના બંધારણની કલમ 19(1)(g)માં ભારતીય નાગરિકોને કોઈપણ વ્યવસાય કરવા અથવા વ્યવસાય, વેપાર ચાલુ રાખવાનો મૂળભૂત અધિકાર છે.

→ સરકાર દ્વારા સ્વનિધિ યોજના (SVANidhi) શહેરી વિસ્તારના 50 લાખથી વધુ શેરી વિક્રેતાઓને લાભ આપવા માટે શરૂ કરવામાં આવી જેમાં રૂ.1200 સુધીના કેશ-બેક પ્રોત્સાહનોથી ડિજિટલ (કેશલેસ) વ્યવહારોને પ્રોત્સાહન આપવામાં આવે છે.

→ NASVI (નેશનલ એસો. ઓફ સ્ટ્રીટ વેન્ડર્સ ઓફ ઈન્ડિયા) એ દેશભરમાં હજારો શેરી વિક્રેતાઓના આજીવિકા અધિકારોનું રક્ષણ કરવા માટે કામ કરતી સંસ્થા છે.

---

## (C) કરંટ ઈન શોર્ટ (1)

[*] ભારત ૨૦૨૫માં મહિલા વનડે વર્લ્ડ કપની યજમાની કરશે.

[*] ACI ના વિશ્વના સૌથી વ્યસ્ત 20 એરપોર્ટની યાદીમાં એટલાન્ટા એરપોર્ટ પ્રથમ સ્થાને.

[*] તાજેતરમાં ભારતે 5 નવા રામસર સ્થળો જાહેર કર્યા.

[*] BCCI એ માસ્ટર કાર્ડને ટાઈટલ સ્પોન્સર બનાવ્યું.

[*] ચેન્નાઈમાં આયોજિત 44 માં ચેસ ઓલિમ્પિયાડમાં એ. આર. રહેમાને થીમ સોંગ રજૂ કર્યું.

[*] 1 ઓગસ્ટ - WWW (World Wide Web) દિવસ
(1998 - ટીમ બર્નર્સ લી.)

# * 2 ઑગસ્ટ - 2022 *

**[*] વિયેતનામ-ભારત દ્વિપક્ષીય સૈન્ય અભ્યાસ 'Ex Vinbax-2022' શરૂઆત.**

→ વિયેતનામ-ભારત વચ્ચેનો ત્રીજો આ સૈન્ય અભ્યાસ ચંડીમંદિર ખાતે શરૂ થયો.

→ વિયેતનામ ભારતની એક્ટ ઈસ્ટ પોલિસી અને ઈન્ડો પેસિફિક વિઝનમાં મહત્ત્વપૂર્ણ ભાગીદાર છે

→ Ex Vinbax-2022ની થીમ યુનાઈટેડ નેશન્સ કન્ટીજન્સી ફોર પીસ કીપિંગ ઓપરેશન્સના ભાગરૂપે એન્જિનિયરિંગ કંપની અને મેડિકલ ટીમ.

→ ભારતીય સેનાનું પ્રતિનિધિત્વ 105 એન્જિનિયર રેજિમેન્ટના સૈનિકો એ કર્યું હતું.

**[*] અચિંતા શુલીએ ભારતને ત્રીજો ગોલ્ડ મેડલ અપાવ્યો.**

→ કોમનવેલ્થ ગેમ્સ 2022માં વેઈટલિફ્ટિંગમાં મેન્સ 73 કિગ્રા ફાઈનલમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

→ અચિંતાએ સૌથી વધુ 143kg વજન ઉંચક્યું જે આ ગેમનો એક નવો જ રેકોર્ડ છે.

→ અચિંતાએ પ્રથમ પ્રયાસે 137kg, બીજા પ્રયાસે 140kg અને ત્રીજા પ્રયાસે 143kg વજન ઊંચકીને ગોલ્ડ મેળવ્યો.

→ અચિંતાએ 2011માં તેમના મોટાભાઈ પ્રેરણા મેળવીને વેઈટલિફ્ટિંગમાં ડેબ્યુ કર્યું હતું.

Current Affairs By C.H.Shingala

**[*] વિશ્વ સ્તનપાન સપ્તાહ-2022 = 1 થી 7 ઑગસ્ટ.**

→ સ્તનપાનને સમર્થન આપવા તથા તેને પ્રોત્સાહિત કરવા માટે WHO અને સંયુક્ત રાષ્ટ્ર આંતરરાષ્ટ્રીય બાળ આપાતકાલ કોષે 1990માં ઉદ્ઘોષણા દ્વારા આ દિવસ જાહેર કર્યો.

→ 1991માં વર્લ્ડ એલાયન્સ ફોર બ્રેસ્ટફીડિંગ એક્શન (WABA)ની સ્થાપના થઈ.

→ પ્રથમ વિશ્વ સ્તનપાન સપ્તાહ 1992માં મનાવાયો હતો.

**[*] અલીબાગ (મહારાષ્ટ્ર)ની સફેદ ડુંગળીને GI ટેગ મળ્યો.**

→ મહારાષ્ટ્રના અલીબાગની સફેદ ડુંગળીને GI ટેગ મળતા ખેડૂતોને તેના પ્રીમિયમ ભાવ મળતા આર્થિક લાભો થશે.

→ અલીબાગ એ મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લામાં આવેલું દરિયાકિનારાનું પ્રવાસન સ્થળ છે.

→ આ સફેદ ડુંગળી તેના ઔષધીય ગુણો અને તેની મીઠાશને કારણે GI માં સમાવેશ પામી. તથા આ ડુંગળીની ખેતી પરંપરાગત રીતે એટલે કે કુદરતી ખાતરની મદદથી કરવામાં આવે છે.

**શું છે GI ટેગ?**

→ GI Tag એ એવા ઉત્પાદનો પર વપરાતી નિશાની છે. જે ચોક્કસ ભૌગોલિક સ્થાન, મૂળ દર્શાવે છે.

→ તમામ GI Tag પ્રાપ્ત વસ્તુઓ પેરિસ કન્વેન્શન ફોર ધ પ્રોટેક્શન ઓફ ઈન્ડસ્ટ્રીયલ પ્રોપર્ટી હેઠળ આવે છે.

→ ભારતમાં GI Tagની નોંધણી 1999ના ભૌગોલિક સંકેતો (નોંધણી અને સંરક્ષણ) અધિનિયમ અંતર્ગત થાય છે.

**[*] ભારતને મળી નવી 5 રામસર (વેટલેન્ડ) સાઈટ.**

→ 1971માં યુનેસ્કો દ્વારા સ્થાપિત પર્યાવરણીય સંધિ, રામસર સંમેલન હેઠળ ઈરાનના 'રામસર' શહેરના નામ પરથી જાહેર કરવામાં આવતા તમામ સ્થળોને રામસરના નામે ઓળખવામાં આવે છે.

→ તાજેતરમાં ભારતમાં જાહેર થયેલ પાંચ નવી સાઈટમાં તમિલનાડુમાં કારિકિલી પક્ષી અભયારણ્ય, પલ્લીકરનાઈ માર્શ રિઝર્વ ફોરેસ્ટ અને પિચાવરમ મેન્ગ્રોવ ત્રણ સ્થળ સ્થળો, મિઝોરમમાં પાલા વેટલેન્ડ અને મધ્યપ્રદેશમાં સખ્ય સાગર નો સમાવેશ થતા ભારતમાં કુલ વેટલેન્ડની સંખ્યા <u>54</u> પહોંચી.

• <u>શું છે રામસર?</u>

→ આંતરરાષ્ટ્રીય મહત્વ ધરાવતા 'કન્વેન્શન ઓન વેટલેન્ડ્સ' તરીકે ઓળખાતા રામસર સંમેલન-1971માં એવા સ્થળો કે જે આર્દ્રભૂમિ (વેટલેન્ડ) ધરાવે છે તેને રામસરમાં સ્થાન અપાય છે.

→ ખાસ કરીને આ સ્થળો 180થી પણ વધારે યાયાવર તથા પ્રાદેશિક પક્ષીઓની જાત માટે નિવાસસ્થાન પ્રદાન કરે છે.

## કરન્ટ ઈન શોર્ટ

(*) ઈંગ્લેન્ડના લીસેસ્ટર ક્રિકેટ ગ્રાઉન્ડનું નામ ભારતના ક્રિકેટર સુનીલ ગાવસ્કરના નામ પરથી રખાયું.

(*) કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલે 'ભાલરક્ષા' મોબાઈલ એપ લોન્ચ કરી.

(*) જેફરી આર્મસ્ટ્રોંગને ડિસ્ટિંગ્યુઈશ્ડ ઈન્ડોલોજિસ્ટ ફોર 2021 પુરસ્કાર મળ્યો.

(*) પેરિસ ઓલિમ્પિક 2024 માટે થીમ - Game Wide Open જાહેર કરવામાં આવી.

(*) મહારાષ્ટ્ર રાજ્ય સરકારે પ્લાસ્ટિક કોટિંગવાળી વસ્તુઓ પર પ્રતિબંધ મૂક્યો.

(*) તાજેતરમાં છત્તીસગઢ સરકારે 'મહતારી ન્યાય રથયાત્રા'ની શરૂઆત કરી.

---

## કરન્ટ ઈન શોર્ટ

(*) ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુએ તમિલનાડુ પોલીસને પ્રતિષ્ઠિત 'કલર્સ ઓફ પ્રેસિડેન્ટ' પ્રદાન કર્યું.

(*) દિલ્હીની રહેવાસી 14 વર્ષીય સ્ક્વૉશ ખેલાડી અનાહત સિંહ બર્મિંગહામ ખાતેના CWGમાં ભાગ લેનાર સૌથી નાની ઉંમરની ભારતીય ખેલાડી બની.

(*) તાજેતરમાં 31 જુલાઈએ World Ranger Day ઉજવાયો. જેની વર્ષ 2022ની થીમ = 'રેંજર્સ આર ના સ્ટ્રેન્થર્સ ટૂ ડાયવર્સિટી' છે.

(*) પંજાબ સરકારે ગ્લોબલ વોર્મિંગની તપાસ કરવા માટે 'અંડર 2 કોએલિશન' નામક પ્રતિષ્ઠિત ગ્લોબલ નેટવર્કના સદસ્ય બનવા માટે હસ્તાક્ષર કર્યા. હાલ આ નેટવર્કમાં 43 દેશોના 221 રાજ્યો સદસ્ય છે.

(*) ટાટા સ્ટીલે વંદે ભારત માટે 'ફર્સ્ટ ઈન ઈન્ડિયા' સીટિંગ સિસ્ટમ લોન્ચ કરી, જેમાં સીટ 180 ડિગ્રી સુધી ફરી શકે છે. વંદે ભારત ટ્રેનની ઝડપ 230 km/hr છે.

---

# * 3 ઓગસ્ટ - 2022 *

**(*) ભારતના સંકેત સરગરે વેઈટલિફ્ટિંગમાં સિલ્વર મેડલ મેળવ્યો.**

→ સંકેત મહાદેવ સરગરે કોમનવેલ્થમાં 2022માં પુરુષ 55kg વર્ગમાં ભારતોલન (વેઈટલિફ્ટિંગ) માં આ મેડલ મેળવ્યો.

→ તેમણે સ્નેચ સ્પર્ધામાં 113kg વજન ઉચકીને આ જીત મેળવી.

→ આ ઉપરાંત તેમણે ક્લીન એન્ડ જર્કમાં પ્રથમ પ્રયાસે 135kg વજન ઉચક્યો જ્યારે બે વખત 139kg વજન ઉચકવામાં નિષ્ફળ રહ્યા.

→ તેમણે કુલ 248kg ભાર ઉચક્યો.

**(*) કોમનવેલ્થ 2022માં ગુરુરાજા પુજારીએ બ્રોન્ઝ મેળવ્યો.**

→ ગુરુરાજા પુજારીએ 61kg ફાઈનલમાં પુરુષ કેટેગરીમાં આ મેડલ મેળવ્યો.

→ પુજારીએ 269kg (સ્નેચમાં 118kg તથા ક્લીન એન્ડ જર્કમાં 151kg) ના સંયુક્ત વજન ઉચક્યા બાદ આ મેડલ મેળવ્યો.

→ આ અગાઉ તેમણે 2018માં ગોલ્ડ કોસ્ટ ગેમ્સમાં ભારત માટે સિલ્વર મેડલ મેળવ્યો હતો.

GPSC Current Affairs by C.H. Shingala

**(*) દેશમાં 2021માં સૌથી લાંબું સત્ર ચલાવવાની બાબતમાં કેરળ પ્રથમ ક્રમે.**

→ કેરળે 61 દિવસ માટે દેશની સૌથી લાંબી સત્રની કાર્યવાહી સાથે 2021માં પ્રથમ સ્થાન મેળવ્યું.

→ PRS લેજિસ્લેટિવ રિસર્ચ થિંક ટેંક, નવી દિલ્હીએ રાજ્યોની વિધાનસભાઓ માટે આપેલા આ રિપોર્ટમાં આ બાબત જણાવાય છે.

→ કર્ણાટક 40 દિવસ સાથે બીજા સ્થાને, તમિલનાડુ 34 દિવસ સાથે ત્રીજા સ્થાને, રહ્યા.

**(*) પ.બંગાળમાં કુલ નવા સાત જિલ્લા બનતા જિલ્લાઓની સંખ્યા 30 થશે.**

→ મમતા બેનર્જીના નેતૃત્વવાળી પશ્ચિમ બંગાળ સરકારે પ્રશાસનિક કાર્યોને સરળ બનાવવા આ સાત જિલ્લા નવા સ્થાપવાની જાહેરાત કરી.

→ આ નવનિર્મિત જિલ્લાઓમાં સુંદરવન, ઈછામતી, રાણાઘાટ, બિષ્ણુપુર, કાંદીપુર, બેરહામપુર, બશીરહાટનો સમાવેશ થાય છે.

→ અગાઉ પ.બંગાળમાં 23 જિલ્લા હતા.

(*) 1 ઓગસ્ટથી ભારત અને ઓમાન સૈન્યાભ્યાસ 'AL-NAJAH-IV' નું આયોજન કરશે.

⇒ ભારત-ઓમાન વચ્ચેની ચોથી આવૃત્તિનું રાજસ્થાનના મહાજન ફીલ્ડ ફાયરિંગ રેન્જમાં તેનું આયોજન થયું.

⇒ ઓમાનની રોયલ સેનાની 60 સભ્યની ટીમે આ અભ્યાસમાં ભાગ લીધો.

⇒ ભારતીય સેનાનો પ્રતિનિધિત્વ 18 મેકેનાઈઝ્ડ ઈન્ફેન્ટ્રી બટાલિયન -ના સૈનિકોએ કર્યું.

⇒ આ અભ્યાસનું અગાઉનું આયોજન 2019માં મસ્કટ ખાતે થયું હતું.

(*) 2 ઓગસ્ટ, 2022 - પિંગલી વેંકૈયાની 146મી જન્મજયંતી

⇒ વેંકૈયા, એક સ્વતંત્રતા સેનાની અને કટ્ટર ગાંધીવાદી સ્વતંત્રતા સેનાની હતા.

⇒ 1921માં તેમણે પ્રથમ વખત રાષ્ટ્રીય ધ્વજની ડિઝાઈન તૈયાર કરી હતી.

⇒ તેમણે ડિઝાઈન કરેલ રાષ્ટ્રીય ધ્વજને 1921માં વિજયવાડા ખાતે ગાંધીજીએ મંજૂરી આપી હતી.

⇒ 4 જુલાઈ - 1963ના રોજ તેમનું નિધન થયું હતું.

(*) CWG 2022માં પુરુષ 67kg માં જેરેમી લાલરિનુંગાએ ગોલ્ડ મેળવ્યો.

⇒ ભારતીય વેઇટલિફ્ટર જેરેમી લાલરિનુંગાએ બર્મિંગહામ ખાતે ચાલી રહેલ CWG માં આ મેડલ મેળવ્યો.

⇒ તેઓએ ક્લીન એન્ડ જર્ક સેગમેન્ટમાં 160kg વજન ઉપાડ્યો. અને કુલ 300kg નો વજન ઉપાડ્યો.

⇒

(*) ફિલિપાઈન્સના પૂર્વ રાષ્ટ્રપતિ ફિદેલ રામોસનું નિધન.

⇒ રામોસ (94 વર્ષની વય) એ 1992 થી 1998 સુધી ફિલિપાઈન્સના 12માં રાષ્ટ્રપતિ તરીકે કાર્યરત રહ્યા.

⇒ તેમના કાર્યકાળ દરમિયાન ફિલિપાઈન્સની અર્થવ્યવસ્થામાં આંતરરાષ્ટ્રીય બાબતોમાં તેમણે મજબૂત બનાવી.

⇒ રાષ્ટ્રપતિ બનતા પહેલા, રામોસે ફિલિપાઈન્સના સશસ્ત્ર દળના ચીફ ઓફ સ્ટાફ તરીકે કામ કર્યું હતું.

Current Affairs By C.H.Shingala

# * 4 ઓગસ્ટ, 2022 *

[*] સંસદે સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમની ડિલિવરી સિસ્ટમ (ગેરકાયદેસર પ્રવૃત્તિઓ પર પ્રતિબંધ) સુધારા બિલ 2022 અને ભારત એન્ટાર્કટિક બિલ, 2022 પસાર કર્યું.

→ આ બિલ 2005ના અધિનિયમમાં કરાયેલ ફેરફારો પર આધારિત છે.

→ 2005નો કાયદો સામૂહિક વિનાશના શસ્ત્રો અને તેમના વિતરણના સામગ્રીઓથી સંબંધિત ઉત્પાદન, પરિવહન અથવા ટ્રાન્સફર જેવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓને પ્રતિબંધિત કરે છે.

→ સામૂહિક વિનાશના શસ્ત્રોમાં જૈવિક, રાસાયણિક અથવા પરમાણુ શસ્ત્રોનો સમાવેશ થાય છે.

→ એન્ટાર્કટિક બિલ એન્ટાર્કટિક સંધિ, એન્ટાર્કટિક મરીન લિવિંગ રિસોર્સિસના સંરક્ષણ પરના સંમેલન અને એન્ટાર્કટિક સંધિના પર્યાવરણીય રક્ષણ પર અસર કરે છે.

[*] CWG-2022માં હરજિંદર કૌરે બ્રોન્ઝ મેડલ જીત્યો.

→ આ મેડલ તેમણે મહિલાઓના 71kg ફાઈનલમાં જીત્યો.

→ તેમણે ભારત માટે નવમું વેઈટલિફ્ટિંગ મેડલ અને CWGમાં કુલ નવ મેડલ જીત્યા.

→ તેમણે કુલ 212kg (સ્નેચમાં 93 અને ક્લીન એન્ડ જર્કમાં 119)નો વજન ઉપાડ્યો.

GPSC Current Affairs By C.H.Shingala

[*] કેરળે આંગણવાડીના બાળકો માટે ઈંડા અને દૂધની યોજના ઘડી.

→ કેરળના CM પિનારાઈ વિજયને રાજ્યના તમામ બાળકોને ઈંડા અને દૂધ ઉપલબ્ધ કરાવવા માટે મહિલા અને બાળ વિકાસ વિભાગની યોજનાનું ઉદ્ઘાટન કર્યું.

→ આ યોજના માટે રાજ્ય સરકારે 61.5 કરોડ રૂપિયા ફાળવ્યા છે.

→ યોજના હેઠળ બાળકોને 44 સપ્તાહ (10 મહિના) સપ્તાહમાં બે દિવસ 125ml દૂધ અને સપ્તાહમાં બે વાર એક ઈંડુ આપવામાં આવશે.

(2)

* મધ્યપ્રદેશમાં બનશે વિશ્વનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ.
  - ⇒ આ પ્લાન્ટ મધ્યપ્રદેશના ખંડવા ખાતે સ્થાપિત થશે.
  - ⇒ 2022-23 માં નિર્મિત આ પ્લાન્ટ 600 MW ની વીજળી ઉત્પન્ન કરી શકશે.
  - ⇒ વર્તમાનમાં ભારતનો સૌથી મોટો ફ્લોટિંગ સોલાર પાવર પ્લાન્ટ તેલંગાણા ખાતે ચાલુ છે

* ભારત-અમેરિકા સૈન્યાભ્યાસ...
  - ⇒ ભારત-અમેરિકા ઓક્ટોબર 2022માં ઉત્તરાખંડમાં ઔલી ખાતે 15 દિવસના સંયુક્ત સૈન્ય અભ્યાસનું આયોજન કરશે.
  - ⇒ આ સૈન્ય અભ્યાસને 'યુદ્ધ અભ્યાસ' નામ અપાયું છે. જેની 18મી આવૃત્તિ 14 થી 31 ઓક્ટોબર સુધી આયોજિત થશે.
  - ⇒ આ અભ્યાસનો ઉદ્દેશ્ય સેનાઓ વચ્ચેની સમજૂતી, સહયોગ અને કાર્યક્ષમતા વધારવાનો છે.
  - ⇒ અગાઉની આવૃત્તિ ઓક્ટોબર 2021માં અમેરિકાના અલાસ્કા ખાતે આયોજિત થઈ હતી.

Crack GPSC
Current Affairs By C.H.Shingala

---

## (1) કરન્ટ ઇન શોર્ટ (1)

* નાઈક કંપનીએ અભિનેત્રી વાણી કપૂરને તેમની મહિલાઓની X-Fit-2 ~~[illegible]~~ સીરીઝ સ્પોર્ટ્સબ્રાની એમ્બેસેડર નિયુક્ત કરી.
* સત્યેન્દ્ર પ્રકાશ PIB ના મુખ્ય મહાનિર્દેશક નિયુક્ત થયા.
* કારગિલ ક્ષેત્રના દ્રાસમાં પોઈન્ટ 5140 ને 'ગન હિલ' નામ અપાયું.
* CWG-2022માં જૂડો 48 કિગ્રા કેટેગરીમાં સુશીલા દેવીએ સિલ્વર મેડલ જીત્યો.
* એર ઈન્ડિયાએ પાયલટની નિવૃત્તિ વય મર્યાદા 58 થી વધારી 65 વર્ષ કરી.

## * 5 ઓગસ્ટ - 2022 *

(*) અમેરિકાએ સ્વીડન, ફિનલેન્ડને NATOમાં સામેલ થવાની મંજૂરી આપી.

→ આ માટે થયેલા મતદાનમાં 95 સેનેટરોનું સમર્થન પ્રાપ્ત થયું.

→ આ મતદાનમાં એક અસંમતિનો મત મિઝોરીના રિપબ્લિકન સેનેટર જોશ હોલી તરફથી આપાયો જેમણે દલીલ કરી કે યુરોપમાં સુરક્ષા પર ઓછું ધ્યાન આપવું જોઈએ અને ચીનના ખતરા પર વધુ ધ્યાન આપવું જોઈએ.

→ વોશિંગ્ટન ખાતે થયેલા આ મતદાન અગાઉ હાઉસની નેશનલ એસેમ્બલીમાં થયેલા મતદાનમાં 209 સ્વીડિશ અને ફિનિશ સભ્યોએ તેની તરફેણમાં મતદાન કર્યું હતું. જ્યારે 46 સભ્યોએ તેની વિરુદ્ધમાં મતદાન કર્યું.

→ યુક્રેન પર રશિયન આક્રમણને પગલે સ્વીડન અને ફિનલેન્ડે પશ્ચિમી સંરક્ષણ સંગઠનમાં (NATO) જોડાવા માટે અરજી કરી હતી.

(*) વડાપ્રધાને ગુજરાતમાં શ્રીમદ રાજચંદ્ર મિશનના વિવિધ પ્રોજેક્ટ્સનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યો.

→ વડાપ્રધાને ધરમપુર ખાતે શ્રીમદ રાજચંદ્ર મિશનના રૂ.300 કરોડથી વધુની કિંમતના વિવિધ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન કર્યું.

→ પ્રધાનમંત્રીએ ધરમપુર ખાતે 250 બેડની શ્રીમદ રાજચંદ્ર મલ્ટિસ્પેશિયાલિટી હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું તથા અન્ય 150 બેડની શ્રીમદ રાજચંદ્ર એનિમલ હોસ્પિટલનો શિલાન્યાસ કર્યો.

→ આ ઉપરાંત મહિલાઓ માટે શ્રીમદ રાજચંદ્ર સેન્ટર ઓફ એક્સેલન્સનો પણ શિલાન્યાસ કર્યો.

(*) CWGમાં લવપ્રીત સિંહને બ્રોન્ઝ મેડલ.

→ લવપ્રીત સિંહે પુરુષોની 109kg વેઈટલિફ્ટિંગમાં આ મેડલ મેળવ્યો

→ તેણે ક્લીન એન્ડ જર્કમાં 192kg સાથે કુલ 355 kg વજન ઉપાડ્યો.

→ આ કેટેગરીમાં કેમરૂનના જ્યુનિયરે ગોલ્ડ તથા સમોઆના જેક ઓપેલોગે સિલ્વર મેડલ મેળવ્યો.

* પૈરા-પાવરલિફ્ટિંગમાં સુધીરે મેળવ્યો ગોલ્ડ મેડલ.
→ CWGમાં ભારત તરફથી પુરુષ કેટેગરીમાં હેવીવેઇટ ફાઇનલમાં 212 kgમાં સર્વશ્રેષ્ઠ વજન સાથે સુધીરે આ મેડલ મેળવ્યો
→ આ મેડલ સાથે ભારતે CWGમાં પૈરા-વેઇટલિફ્ટિંગમાં પોતાનો પ્રથમ ગોલ્ડ મેડલ મેળવ્યો.

* પુરુષ લાંબી કૂદમાં મુરલી શ્રીશંકરને સિલ્વર મેડલ.
→ ભારતના મુરલી શ્રીશંકરે CWGમાં આ મેડલ મેળવ્યો.
→ બર્મિંગહામ ખાતેના આ ગેમ્સમાં ટ્રેક એન્ડ ફિલ્ડ સ્પર્ધામાં ભારતનો બીજો મેડલ છે.
→ શ્રીશંકર પુરુષ લાંબી કૂદમાં બહામાસના લાકુઆન નૈર્ન બાદ પોતાના પાંચમા પ્રયાસે 8.08 મીટરની છલાંગ સાથે આ મેડલ મેળવ્યો

* પુનીત રાજકુમારને 'કર્ણાટક રત્ન'.
→ કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ કન્નડ સુપરસ્ટાર પુનીત રાજકુમારને મરણોપરાંત 'કર્ણાટક રત્ન' 1 નવેમ્બરે એનાયત કરશે.
→ 1 નવેમ્બર કન્નડ રાજ્યોત્સવ, રાજ્ય સ્થાપના દિવસ મનાવાય છે.
→ આ રાજ્યના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર સન્માન મેળવનાર પુનીત 10માં વ્યક્તિ બનશે.

Current Affairs By C H Shingala

## * કરંટ ઇન શોર્ટ *

* રંજીત રથે ઓઇલ ઇન્ડિયાના CMD તરીકે પદગ્રહણ કર્યું.

* રવિન્દર ટક્કર વોડાફોન ઇન્ડિયાના નવા અધ્યક્ષ બન્યા. તેઓ હિમાંશુ કપાનિયાનું સ્થાન લેશે.

* એમેઝોન ઇન્ડિયાએ પોતાની સેવાઓને વિસ્તારવા માટે ભારતીય રેલવે સાથે કરાર કર્યો.

* કેન્દ્ર સરકારે 'પર્સનલ ડેટા પ્રોટેક્શન બિલ' 2019 પરત ખેંચ્યું.

* આઇસક્રીમ પાર્લરો પર 18% GST લગાડાયો.

## * 6 ઑગસ્ટ - 2022 *

**[*] દક્ષિણ કોરિયાએ ચંદ્ર પર દેશનું પ્રથમ અંતરિક્ષયાન મોકલ્યું.**

→ દક્ષિણ કોરિયાનું આ યાન ભારત અને U.S.ના અગાઉના કાર્યરત અવકાશયાન સાથે જોડાશે અને પછીથી પોતાનું કાર્ય કરશે.

→ આ ઉપગ્રહ ડિસેમ્બર મહિનાના મધ્યમાં પૃથ્વી પર પરત ફરશે.

→ ભારત, રશિયા, જાપાન પણ વર્ષના અંત ભાગમાં ચંદ્ર મિશન લોન્ચ કરશે.

→ દ. કોરિયાનું આ યાન $180 મિલિયન ડોલરનું મિશન દેશનું પ્રથમ મિશન છે જે ચંદ્રની સપાટીથી 62 માઇલ (100km) ઉપર પોતાનું સ્થાન નિશ્ચિત કરશે.

**[*] રશિયાએ આંતરરાષ્ટ્રીય અવકાશ મથક છોડવાનો નિર્ણય કર્યો.**

→ રશિયાના રોસકોસમોસ અવકાશ એજન્સીના વડા દ્વારા રશિયા 2024 પછી આ અવકાશ મથક છોડશે એવી જાહેરાત કરી.

→ ઇન્ટરનેશનલ સ્પેસ સ્ટેશન વર્ષ 1998થી ભ્રમણકક્ષામાં છે. જેને રશિયા અને અમેરિકા સંયુક્ત રીતે ચલાવેલ છે

→ રોસકોસમોસ ચીફ = યુરી બોરીસોવ

→ રશિયાના રાષ્ટ્રપતિ = વ્લાદિમીર પુતિન

→ યુક્રેન પ્રમુખ = વોલોદિમીર ઝેલેન્સ્કી.

**[*] ચાબહાર ડે કોન્ફરન્સનું મુંબઈ ખાતે આયોજન કરાયું.**

→ આ કોન્ફરન્સમાં કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્બાનંદ સોનોવાલ અને જહાજના રાજ્યમંત્રી શ્રીપદ નાઈક દ્વારા આયોજિત કરાયેલ છે. જેમાં કઝાકિસ્તાન, ઈરાન, તાજિકિસ્તાન, કિર્ગિસ્તાન, ઉઝબેકિસ્તાન, તુર્કમેનિસ્તાન, અફઘાનિસ્તાનના મહાનુભાવોએ ભાગ લીધો.

→ ભારત અને ઈરાને મે 2016માં દ્વિપક્ષીય કરાર પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં ભારત શાહિદ બેહેશ્તી બંદર પરના એક ભાગના નવીનીકરણ માટે સહમત થયું હતું.

→ ભારત આ બંદર પર 600 મીટર લાંબા કન્ટેનર હેન્ડલિંગ ફિક્સરોનું પુનર્નિર્માણ કરવા સંમત થયું હતું. અને 2017માં ભારતે ચાબહાર બંદરેથી અફઘાનિસ્તાનને ઘઉંનો પ્રથમ શિપમેન્ટ મોકલ્યો હતો.

(*) વાઇલ્ડ લાઇફ (પ્રોટેક્શન) એમેન્ડમેન્ટ બિલ, 2021

→ આ બિલ લોકસભા દ્વારા મંજૂર કરવામાં આવ્યું. અને તેમાં દંડની જોગવાઈઓમાં થયેલો વધારો મંજૂર કરાયો.

→ બિલમાં નિયમના ભંગ બદલ કરવામાં આવતા 25,000ના દંડને વધારીને 1,00,000 કરવામાં આવ્યો.

→ ખાસ આરક્ષિત પ્રાણીઓને લગતા નિયમોનો ભંગ કરવા બદલ દંડ 10,000 થી વધારીને 25,000 કરવામાં આવ્યો.

→ દેશમાં છેલ્લા 8 વર્ષમાં સંરક્ષિત વિસ્તારની સંખ્યા 987 છે.

(*) બિહારની લંગટ સિંહ કોલેજ એસ્ટ્રોનોમી લેબ યુનેસ્કો હેરિટેજમાં સામેલ થઈ.

→ બિહારના મુઝફ્ફરપુરમાં લંગટસિંહ કોલેજ ખાતેની 106 વર્ષ જૂની ખગોળશાસ્ત્રીય વેધશાળાને આ સ્થાન અપાયું.

→ 123 વર્ષ જૂની કોલેજમાં 1916માં ઓબ્ઝર્વેટરી બનાવવામાં આવી હતી, જે હવે ભીમરાવ આંબેડકર બિહાર યુનિવર્સિટી સાથે જોડાયેલ છે.

→ કોલેજના રહેઈ જુબ્બા [?], કોલેજના પ્રોફેસરો એસ્ટ્રો લેબોરેટરીની જરૂરિયાત અનુભવ્યા પછી 1916માં તેનો વિકાસ કરાયો.

→ 1915માં કોલેજે ઈંગ્લેન્ડમાંથી ટેલિસ્કોપ, ખગોળશાસ્ત્રીય ઘડિયાળ, સમઆલેખક [?] જેવાં સાધનો મંગાવ્યાં હતાં.

---

## (11) કરન્ટ ઈન શોર્ટ

(*) ASCDCL - ઔરંગાબાદ સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ કોર્પોરેશન લિ.ના જણાવ્યાનુસાર ઔરંગાબાદમાં Google તરફથી EIE- એન્વાયર્નમેન્ટલ ઈનસાઈટ્સ એક્સપ્લોરર ડેટા સત્તાવાર રીતે બહાર પડાયો.

(*) અલકાયદાના નેતા અયમાન અલ-ઝવાહિરીનું અમેરિકાના ડ્રોન હુમલામાં મોત થયું. તેણે 2011માં ઓસામા બિન લાદેનના મૃત્યુ બાદ અલકાયદાનો કાર્યભાર સંભાળ્યો હતો.

(*) PMOમાં નવા ડિરેક્ટર તરીકે શ્વેતા સિંહની નિયુક્તિ.

(*) IDF WDS- ઈન્ટરનેશનલ ડેરી ફેડરેશન વર્લ્ડ ડેરી સમિટ- 2022નું નવી દિલ્હી ખાતે આયોજન થશે.

GPSC Current Affairs by C.H Shingala

## * 7 એપ્રિલ - 2022 *

**[*] પિચ બ્લેક 2022 યુદ્ધાભ્યાસ.**

→ ઓસ્ટ્રેલિયાના ઉત્તરી ભાગમાં આયોજિત થનારી 17 દેશો વચ્ચે મેગા એર કોમ્બેટ પિચ બ્લેકમાં ભારત ભાગ લેશે.

→ વર્ષ 2022ના સહભાગીઓમાં ઓસ્ટ્રેલિયા, કેનેડા, ભારત, ફ્રાન્સ, જર્મની, ઈન્ડોનેશિયા, જાપાન, મલેશિયા, નેધરલેન્ડ, ન્યુઝીલેન્ડ, ફિલિપાઈન્સ, રિપબ્લિક ઓફ કોરિયા, સિંગાપોર, થાઈલેન્ડ, યુએઈ. અને યુ.એસ.નો સમાવેશ થાય છે.

→ પિચ બ્લેક એ દ્વિવાર્ષિક બહુરાષ્ટ્રીય લાર્જ ફોર્સ એમ્પ્લોયમેન્ટ વોરફેર કવાયત છે.

**[*] કેન્દ્રીય કેબિનેટે જળવાયુ પરિવર્તનમાં નવા લક્ષ્યાંકો માટેની નીતિને મંજૂરી આપી.**

→ ગ્લાસગો જળવાયુ પરિવર્તનમાં સંમેલનમાં વડાપ્રધાન મોદીએ 'પંચામૃત વ્યૂહ' આધારિત નવા લક્ષ્યાંકો આપ્યા.

→ નવી નીતિ મુજબ ભારત 2005ની સરખામણીએ 2030 સુધીમાં અર્થતંત્રની ઉત્સર્જન તીવ્રતામાં 45% સુધી ઘટાડો કરશે તથા 2030 સુધીમાં બિનઅશ્મિભૂત ઈંધણ આધારિત ઊર્જા સંસાધનોના 50% સંચિત વિદ્યુત પ્રાપ્ત કરવા પ્રતિબદ્ધ છે.

→ વૈશ્વિક તાપવૃદ્ધિ 1.5°C ની નીચે રાખવાનો લક્ષ્યાંક છે.

**[*] 7 ઓગસ્ટ - નેશનલ હેન્ડલૂમ દિવસ.**

→ સ્વદેશી ચળવળની શરૂઆત 7 ઓગસ્ટ, 1905ના રોજ થઈ હતી, જેના ભાગરૂપે 2015 થી આ દિવસની ઉજવણી કરવામાં આવે છે.

→ 7 ઓગસ્ટ, 2015ના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ચેન્નાઈથી આ દિવસની શરૂઆત કરવામાં આવી હતી.

→ હાથવણાટના કામો અને ભારતીય હસ્તકલાને પ્રોત્સાહન આપવા માટે દર વર્ષે કલાકારો અને વણકરોને આ દિવસે 'સંત કબીર પુરસ્કાર' થી સન્માનિત કરવામાં આવે છે.

Current Affairs By C.H.Bhingala

✱ મોહિત ગ્રેવાલ, દિવ્યા કાકરાનને બ્રોન્ઝ મેડલ.

→ બર્મિંગહામ ખાતેના CWG-2022 માં પુરુષ ફ્રીસ્ટાઇલ 125 kg વર્ગમાં મોહિત ગ્રેવાલે જમૈકાના આરોન જોનસનને હરાવી આ મેડલ મેળવ્યો.

→ ભારતીય પહેલવાન મોહિતે 3 મિનિટ 30 સેકન્ડના સમયમાં આ જીત મેળવી.

→ ભારતીય પહેલવાન દિવ્યાએ મહિલાઓની 68kg ફ્રીસ્ટાઇલ શ્રેણીમાં કાંસ્ય (બ્રોન્ઝ) મેડલ મેળવ્યો.

✱ ભારતે બાંગ્લાદેશને હરાવી 5-2 થી SAFF અંડર-20 ફુટબોલ ચેમ્પિયનશીપ જીતી.

→ SAFF - સાઉથ એશિયન ફુટબોલ ફેડરેશન.

→ આ ફુટબોલ ચેમ્પિયનશિપ ઓડિશાના ભુવનેશ્વરના કલિંગા સ્ટેડિયમ ખાતે આયોજિત થઈ હતી.

→ ગુરકીરત સિંહના ચાર ગોલ અને હિમાંશુ જાંગરાના એક માત્ર ગોલથી ભારતની ટીમે જીત નિશ્ચિત કરી.

→ ભારતે સતત બીજી વખત આ ચેમ્પિયનશિપ જીતી છે.

→ SAFF નું વડુંમથક = ઢાકા, બાંગ્લાદેશ

→ SAFF ના પ્રમુખ = Kazi Salahuddin

Current Affairs by C.H Shingala

✱ બજરંગ પૂનિયા, સાક્ષી મલિક અને દીપક પૂનિયાને CWGમાં ગોલ્ડ મેડલ.

→ તમામે CWG-2022 માં કુસ્તીમાં ભારત તરફથી ગોલ્ડ મેડલ મેળવ્યા.

→ પુરુષ 65kg ફાઇનલમાં, બજરંગે કેનેડાના પહેલવાન મેક્નીલને હરાવી, જ્યારે મહિલા 62kg ફાઇનલમાં સાક્ષીએ કેનેડાની આના ગોડિનેઝ ગોન્ઝાલેજને હરાવી.

→ દીપકે પુરુષ 86kg ફાઇનલમાં પાકિસ્તાનના મુહમ્મદ ઈનામને હરાવી પોતાનો CWGનો પ્રથમ ગોલ્ડ મેડલ મેળવ્યો.

(*) રૂપલ ચૌધરી: U-20 એથ્લેટિક્સ ચેમ્પિયનશિપમાં બે મેડલ જીતનાર પ્રથમ ભારતીય બની

→ રૂપલે 4x400 મીટર રિલે દોડમાં સિલ્વર મેડલ મેળવ્યા બાદ મહિલાઓની 400 મીટર દોડમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યું.

→ રૂપલે બ્રિટનની યેમી મેરી જોન (51.50) અને કેન્યાની દમારિસ મુટુંગા (51.71) બાદ ત્રીજા સ્થાને 51.80 સેકન્ડમાં દોડ પૂરી કરી.

(*) CWGમાં અંશુ મલિકને સિલ્વર મેડલ મળ્યો.

→ અંશુ મલિકે મહિલા ફ્રીસ્ટાઇલ કુસ્તીમાં 57kg શ્રેણીમાં ફાઇનલમાં આ મેડલ મેળવ્યો.

→ તેણે ફાઇનલમાં નાઇજીરિયાની ઓડુનાયો ફોલાસાડે અદેકુઓરોયે સામે 3-7થી હારતા સિલ્વર મળ્યો.

→ અંશુએ ક્વાર્ટર ફાઇનલમાં ઓસ્ટ્રેલિયાની આઇરીન સિમોનિડિસને હરાવી હતી.

→ 2021માં અંશુ વિશ્વ કુસ્તી ચેમ્પિયનશિપ જીતનાર પ્રથમ ભારતીય મહિલા બની.

Crack GPSC

——— * ——— * ———

## ⊘ કરન્ટ ઈન શૉર્ટ ⊘

Current Affairs by C.H.Shingala

(*) ભારતની પ્રથમ એન્ડ-ટુ-એન્ડ ડિજિટલ લોક અદાલત રાજસ્થાન ખાતે 13 ઓગસ્ટથી પોતાની કાર્યવાહી શરૂ કરશે.

(*) ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યભરમાં ભારતીય કિસાન ખાતર સહકારી લિમિટેડ (IFFCO)ના નેનો યુરિયાના છંટકાવની યોજના શરૂ કરી.

(*) હરારે ખાતે ઝિમ્બાબ્વે સામે રમાયેલ વનડે માં વનડે કેપ્ટન તમિમ ઈકબાલ વનડે માં 8000 રન બનાવનાર બાંગ્લાદેશનો પ્રથમ બેટર બન્યો.

(*) કેરળ સ્થિત ફેડરલ બેંક આવકવેરા વિભાગના TIN 2.0 પ્લેટફોર્મ પર પોતાની પેમેન્ટ ગેટવે પ્લેટફોર્મને સૂચિબદ્ધ કરનાર ભારતની પ્રથમ બેંક બની.

(*) કેન્દ્રએ કેબિનેટ સચિવ રાજીવ ગૌબાને એક વર્ષનું એક્સટેન્શન આપ્યું.

(*) ભારતીય સેનાએ LOC નજીક રહેતા યુવાઓમાં રમત ક્ષેત્રે જાગૃતતા લાવવા 'પહેલ મહિલા ક્રિકેટ લીગ'ની શરૂઆત કરી

# * 8 ઓગસ્ટ - 2022 *

(*) જગદીપ ધનખડ 14માં ઉપરાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.

→ નેશનલ ડેમોક્રેટિક અલાયન્સના ઉમેદવાર જગદીપ ધનખડને 14માં ઉપરાષ્ટ્રપતિ તરીકે પસંદ કરાયા.

→ વર્તમાન ઉપરાષ્ટ્રપતિ વેંકૈયા નાયડુનો કાર્યકાળ પૂર્ણ થયા બાદ તેઓ પદ ગ્રહણ કરશે.

→ ધનખડ 74.36% ના વોટશેર સાથે આ ચૂંટણીમાં જીત્યા જે છેલ્લા 6 ઉપરાષ્ટ્રપતિની ચૂંટણીમાં સૌથી વધુ છે. જ્યારે તેમના વિરોધી માર્ગારેટ આલ્વાને 182 મત મળ્યા.

(*) વિનેશ ફોગાટે CWG-2022માં ગોલ્ડ મેડલ મેળવ્યો.

→ ભારતની વિનેશ ફોગાટે મહિલાઓની 53kg ફ્રીસ્ટાઈલ કુસ્તીમાં ગોલ્ડ જીત્યો.

→ તેમણે ફાઈનલમાં શ્રીલંકાની ચામોદ્યા કેશાની મદુરવલગેને હરાવી.

→ વિનેશે સતત ત્રીજી વખત CWGમાં ગોલ્ડ મેડલ મેળવ્યો છે.

(*) 6 ઓગસ્ટ :- હિરોશિમા દિવસ

→ બીજા વિશ્વયુદ્ધ દરમિયાન જાપાનના શહેરો પર પરમાણુ બોમ્બના હુમલાઓની બાબતને ચિહ્નિત કરવા આ દિવસ મનાવાય છે.

→ પ્રથમ અણુબોમ્બ 6 ઓગસ્ટ 1945ના હિરોશિમા પર ફેંકાયો ત્યારબાદ 3 દિવસ બાદ 9 ઓગસ્ટે નાગાસાકી પર બીજો બોમ્બ ફેંકાયો જેમાં અનેક લોકોના મૃત્યુ થયા.

→ વિશ્વને પરમાણુ બોમ્બના વિનાશકારી પરિણામોથી વાકેફ કરવા માટે દર વર્ષે આ દિવસ મનાવાય છે.

(*) P.V. સિંધુએ CWGમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.

→ P.V. સિંધુએ બર્મિંઘમ ખાતેના CWG 2022માં મહિલા સિંગલ્સ બેડમિન્ટનમાં કેનેડાની મિશેલ લીને હરાવી ગોલ્ડ મેડલ મેળવ્યો.

→ તેમણે મિશેલને 21-15, 21-13 થી હાર આપી.

→ સિંધુનો પોતાની કારકિર્દીનો કોમનવેલ્થ ગેમ્સનો પ્રથમ ગોલ્ડ મેડલ છે.

→ અગાઉ તેણી 2018 અને 2014ની આવૃત્તિમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીતી ચૂકી છે.

[*] ગુસ્તાવો પેટ્રો કોલંબિયાના પ્રથમ વામપંથી રાષ્ટ્રપતિ બન્યા.
→ તેઓ કોલંબિયાના M-19 ગુરિલ્લા સમૂહના પૂર્વ સદસ્ય છે.
→ નવા રાષ્ટ્રપતિએ કોલંબિયાની તેલ સંશોધન અને નવા લાયસન્સ આપવાના બંધ કરવાની શરૂઆત કરી છે.
→ કોલંબિયા એ દક્ષિણ અમેરિકાનો દેશ છે.
→ રાજધાની- બોગોટા
→ ચલણ = કોલંબિયાઈ પેસો

[*] પેરા ટેબલ ટેનિસમાં ભાવિના પટેલે ગોલ્ડ મેળવ્યો
→ ભારતની પેરા ટેબલ ટેનિસ ખેલાડી ભાવિના પટેલે મહિલા સિંગલ્સમાં નાઈજીરિયાની ઈફેચુકુડે ક્રિસ્ટિયાના ઈકપોયીને 3-0થી હરાવી આ મેડલ મેળવ્યો.
→ ટોક્યો પેરાલિમ્પિક 2021માં સિલ્વર બાદ આ તેનો બીજો મેડલ છે

---

## કરન્ટ ઈન શોર્ટ

[*] વીજળીમાં સબસીડી આપવામાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, કર્ણાટક ટોચના (કુલ 36.4%) રાજ્યો.

[*] CSIRની પ્રથમ મહિલા મહાનિર્દેશક બનશે નલ્લાથંબી કલાઈસેલ્વી. તેઓ શેખર મંડેનું સ્થાન લેશે. CSIR એ દેશભરમાં 38 શોધ સંસ્થાઓનો એક સમૂહ છે.

[*] વિશ્વનાથન આનંદ આંતરરાષ્ટ્રીય શતરંજ મહાસંઘના ઉપાધ્યક્ષ બન્યા.

[*] ગોવા સરકાર (CM પ્રમોદ સાવંત) આવતા વર્ષથી જ 100% NEP ઉચ્ચ શિક્ષણમાં લાગૂ કરશે.

[*] UNSCની આતંકવાદ વિરુદ્ધની ઓક્ટોબર માસની બેઠકની ભારત અધ્યક્ષતા કરશે

[*] AFI (એથ્લેટિક્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા) નીરજ ચોપડાને સન્માનિત કરવા (87.58 મીટરનો થ્રો) 7 ઓગસ્ટ રાષ્ટ્રીય ભાલા દિવસ તરીકે મનાવ્યો

---

[*] ભારતીય મહિલા ક્રિકેટ ટીમે ઓસ્ટ્રેલિયાને હરાવી સિલ્વર મેળવ્યો.

***૭ ઑગસ્ટ, ૨૦૨૨***

(*) કિદાંબી શ્રીકાંતે બેડમિન્ટનમાં બ્રોન્ઝ મેડલ મેળવ્યો.
→ કિદાંબીએ CWG-2022માં પુરુષ બેડમિન્ટન સિંગલ્સમાં આ મેડલ મેળવ્યો
→ ટ્રીસા જોલી અને ગાયત્રી ગોપીચંદની બેડમિન્ટન મહિલા ડબલ્સમાં ઓસ્ટ્રેલિયાની ચેન સુઆન-યુ-વેંડી અને ગ્રોન્યા સોમરવિલેને સ્ટ્રેટમાં 21-15, 21-18થી હરાવી બ્રોન્ઝ મેળવ્યો

(*) સાગર અહલાવતે મુક્કેબાજીમાં સિલ્વર મેળવ્યો.
→ ભારતના સાગરે CWG-2022માં આ મેડલ મેળવ્યો.
→ તેમણે 92kg કેટેગરીમાં ફાઇનલમાં ઇંગ્લેન્ડના ડેલિશિયસ ઓરી સામે હાર થતા સિલ્વર મળ્યો.
→ ભારતે મુક્કેબાજીમાં સાત મેડલ (ત્રણ ગોલ્ડ, એક સિલ્વર, ત્રણ બ્રોન્ઝ મેળવ્યા).
→ ભારતે આ અગાઉ ગોલ્ડ કોસ્ટમાં 2018માં ત્રણ ગોલ્ડ સાથે ૯ મેડલ મેળવ્યા હતા.

(*) ભારતીય મુક્કેબાજ નિખત ઝરીને CWGમાં ગોલ્ડ મેળવ્યો.
→ ઝરીને આ મેડલ 50kg લાઇટ ફ્લાઇવેટ કેટેગરીમાં મેળવ્યો.
→ ઝરીને ફાઇનલમાં કાર્લી એમ.સી. નૌલને 5-0થી હરાવી.
→ CWGમાં ઝરીનનો આ પ્રથમ ગોલ્ડ મેડલ છે.
→ તેમણે મે 2022માં મહિલા વિશ્વ ચેમ્પિયનશિપમાં 52kg શ્રેણીમાં ગોલ્ડ મેળવ્યો હતો.

(*) એલ્ડોસ પૉલે CWGમાં ટ્રિપલ જંપમાં ગોલ્ડ મેળવ્યો.
→ એલ્ડોસે 17.03 મીટરની સર્વશ્રેષ્ઠ કૂદ સાથે આ મેડલ મેળવ્યો
→ CWG-2022માં ભારતનો એથ્લેટિક્સ ક્ષેત્રનો આ પ્રથમ ગોલ્ડ મેડલ છે.
→ આ સાથે આ જ ઈવેન્ટમાં ભારતના અબ્દુલ્લા અબૂબકરે 17.02 મીટરની છલાંગ સાથે સિલ્વર મેડલ મેળવ્યો.

## શેવેલિયર એવોર્ડ

→ ફ્રાન્સ સરકારે ભારત અને ફ્રાન્સ વચ્ચેના પુરાતન સહયોગમાં યોગદાન બદલ કલાચુવાડુના પ્રસારક કન્નન સુંદરમને નાઈટ ઓફ ધ ઓર્ડર ઓફ ધ મેરિટ, શેવલિયર ડી લ'ઓર્ડે નેશનલ ડુ મેરીટ એવોર્ડ આપ્યા

→ આ એવોર્ડ માટે નવી દિલ્હીમાં ફ્રેંચ રાજદૂતના નિવાસસ્થાને સમારોહ આયોજિત કરવામાં આવ્યો હતો

## ભારત-અમેરિકા સંયુક્ત અભ્યાસ 'વજ્ર પ્રહાર-2022'

→ ભારત-અમેરિકા વચ્ચે આ અભ્યાસની 13મી આવૃત્તિ હિમાચલ પ્રદેશના બકલોહમાં શરૂ થઈ.

→ 12મી આવૃત્તિનું આયોજન વોશિંગ્ટન (USA) ખાતે કરાયું હતું.

→ આ અભ્યાસનો ઉદ્દેશ્ય ભારત અને અમેરિકાના વિશેષ દળો વચ્ચેના આંતરિક સંચાલનને સુધારવાનો છે.

## 9 ઓગસ્ટ - વિશ્વ આદિવાસી દિવસ.

→ દર વર્ષે આ દિવસ લોકોમાં આદિવાસી સમુદાયો અંગે જાગૃતતા લાવવા તથા તેમના અધિકારોની રક્ષા કરવા માટે મનાવાય છે.

→ આ દિવસ પ્રથમ વાર UN એ ડિસેમ્બર 1994માં જાહેર કર્યો.

→ વર્ષ 2022ની થીમ - ધ રોલ ઓફ ઈન્ડિજિનિયસ વીમેન ઈન ધ પ્રિઝર્વેશન એન્ડ ટ્રાન્સમિશન ઓફ ટ્રેડિશનલ નોલેજ'

→ ગુજરાતમાં આદિવાસીઓના વિકાસ માટે નર્મદા જિલ્લાના રાજપીપળા ખાતે બિરસા મુંડા વિશ્વવિદ્યાલયની સ્થાપના કરવામાં આવી.

→ વર્ષ 2011 ના વસ્તીગણતરી મુજબ ભારતમાં ૮.૬% અને ગુજરાતમાં ૧૪.૯૨% આદિવાસી વસ્તી છે.

Current Affairs By C.H.Shingala

* દલાઈ લામાં લદ્દાખના સર્વોચ્ચ નાગરિક સન્માનથી સન્માનિત
→ તિબ્બતિ આધ્યાત્મિક નેતા દલાઈલામાને લદ્દાખનો સર્વોચ્ચ નાગરિક સન્માન 'dPal rNgam Duston' થી સન્માનિત કરવામાં આવ્યા.
→ આ સન્માન તેમને માનવતા માટે તેમણે આપેલા યોગદાન બદલ અપાયો.
→ આ પુરસ્કાર લદ્દાખ સ્વાયત્ત પહાડી વિકાસ પરિષદ (LAHDC), લેહ દ્વારા અપાયો.

* પુરુષ ડબલ બેડમિન્ટનમાં સાત્વિક અને ચિરાગને ગોલ્ડ.
→ CWGમાં ભારતીય પુરુષ ડબલમાં મળેલ (બેડમિન્ટનમાં) આ પ્રથમ ગોલ્ડ મેડલ છે.
→ તેમણે ફાઈનલમાં બેન લેન અને સીન મેંડીને 0-2 થી હરાવ્યા.

—— * —— * ——

## કરન્ટ ઈન શોર્ટ

* આઝાદીના 75 વર્ષના ભાગરૂપે ગૂગલે 'ઈન્ડિયા કી ઉડાન' નામક ઓનલાઈન પ્રોજેક્ટ લોન્ચ કર્યો. જેમાં ભારતની 75 વર્ષની યાત્રા લોકોના યોગદાનને પ્રદર્શિત કરતી માહિતી અપાઈ.

* CWG-2022માં 61 મેડલો સાથે ભારત ચોથા ક્રમે. જેમાં 22 ગોલ્ડ, 16 સિલ્વર અને 23 બ્રોન્ઝનો સમાવેશ થાય છે જેમાં સૌથી વધુ 12 મેડલ કુસ્તીમાં છે. ઓસ્ટ્રેલિયા 178 મેડલ સાથે પ્રથમ ક્રમે છે.

* ભારતના મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમન્નાએ તેમના અનુગામી તરીકે જસ્ટિસ યુ.યુ. લલિતના નામની ભલામણ કરી.

* RBIએ રેપો રેટમાં 50 બેસિસ પોઈન્ટનો વધારો કરતા રેપોરેટ 5.4% થયો. જ્યારે CRR 4.50% યથાવત રાખ્યો.

# * 10 ઓગસ્ટ - 2022 *

**[*] માઈક્રોસોફ્ટ ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સમાં સામેલ થનાર પ્રથમ કંપની બની.**

→ ONDC (ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સ) એક ભારત સરકાર સમર્થિત સંસ્થા છે જે તમામ ઈ-કોમર્સ કંપનીઓને એક સમાન તક પૂરી પાડે છે.

→ ONDCના માધ્યમથી તેનો ભારતીય બજારમાં સોશિયલ ઈ-કોમર્સ સ્થાપિત કરવાનો ઈરાદો છે.

→ તે ભારતમાં એક શોપિંગ એપ પણ લોન્ચ કરશે. જે ONDC નેટવર્ક ઉપર ઉપલબ્ધ થશે.

**[*] સમુદ્રમાં 6000 મીટર ઊંડાઈ સુધી મનુષ્યને સમુદ્રયાન મિશન મોકલશે.**

→ કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં સમુદ્રના ઊંડા પાણીનું સર્વેક્ષણ કરવા માટે 'સમુદ્રયાન' નામનું મહાસાગર મિશન શરૂ કરશે.

→ મિશન સમુદ્રયાનમાં ભારત, યુ.એસ., રશિયા, જાપાન, ફ્રાન્સ અને ચીન સાથે જોડાશે.

→ આ મિશનમાં ત્રણ વ્યક્તિઓને સમુદ્રમાં 6000 મીટરની પાણીની ઊંડાઈ સુધી લઈ જવા માટે સ્વ-સંચાલિત માનવ સબમર્સિબલ વિકસાવવાનો છે.

Current Affairs By C.H.Shingala

**[*] ભવાની દેવીએ તલવારબાજીમાં ગોલ્ડ મેડલ મેળવ્યો.**

→ CWGની તલવારબાજી ચેમ્પિયનશિપમાં સીનિયર મહિલા કૃપાણ વ્યક્તિગત વર્ગમાં આ મેડલ મેળવ્યો.

→ તેણીએ ઓસ્ટ્રેલિયાની વેરોનિકા વાસિલેવાને 15-10 થી હરાવી આ મેડલ મેળવ્યો.

→ તેણી 2020માં ફેન્સિંગ વર્લ્ડ કપના ક્વાર્ટર ફાઈનલમાં પહોંચ્યા બાદ ટોક્યો ઓલિમ્પિક માટે ક્વોલિફાય કરનાર પ્રથમ ભારતીય ફેન્સર બન્યા હતા.

(*) નીતિશકુમાર 9મી વખત બિહારના મુખ્યમંત્રી બન્યા.

→ નીતિશકુમાર અગાઉ પ્રધાનમંત્રી અટલ બિહારી વાજપેયીના નેતૃત્વમાં કેન્દ્રીય મંત્રી રહી ચુક્યા છે.

→ નીતિશકુમારે તથા JDU ના ધારાસભ્યો એ ગઠબંધનની સરકારમાંથી રાજીનામુ આપ્યા બાદ રાજદ, કોંગ્રેસ, ભાકપા માલે, ભાકપા અને JDUની બેઠકમાં મુખ્યમંત્રી તરીકે નીતીશકુમારને સમર્થન આપ્યા બાદ તેમની પસંદગી કરવામાં આવી.

→ મુખ્યમંત્રી તરીકે નીતીશકુમાર અને નાયબ મુખ્યમંત્રી તરીકે તેજસ્વી યાદવ શપથ લીધી.

→ હાલની ચાલુ બિહાર વિધાનસભાનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૫ સુધીનો છે.

(*) 10 ઓગસ્ટ - World Lion Day (વિશ્વ સિંહ દિવસ)

→ સિંહની વધતી જતી લુપ્તતાના સંરક્ષણ અંગે ચિંતા વ્યક્ત કરવાના ઉદ્દેશ્યથી દર વર્ષે 10 ઓગસ્ટે આ દિવસ મનાવાય છે.

→ સિંહ એ બિલાડી કુળનું IUCN રેડ લિસ્ટમાં લુપ્તપ્રાય પ્રજાતિમાં સામેલ થયેલ પ્રાણી છે.

→ બિલાડી કુળના અન્ય પ્રાણીઓમાં બંગાળ ટાઈગર, ઈન્ડિયન લેપર્ડ, ક્લાઉડેડ લેપર્ડ, સ્નો લેપર્ડનો સમાવેશ થાય છે.

→ જેમ સિંહ ઈકોલોજીકલ સિસ્ટમમાં સંતુલન જાળવી રાખે છે તેમ તેમનું સંરક્ષણ જૈવવિવિધતા અને કુદરતી વનના રક્ષણ માટે અત્યંત જરૂરી છે.

→ બિગ બિલાડી પરિવારના સ્થાપક ડેરેક અને બેવર્લી જોબર્ટ દ્વારા વર્ષ 2013થી આ દિવસ ઉજવવાની શરૂઆત કરવામાં આવી.

→ ગીર નેશનલ પાર્કની 4 સેન્ચ્યુરીમાં હાલ સિંહનો વસવાટ જોવા મળે છે.

→ છેલ્લા 15 વર્ષમાં એશિયાટિક સિંહોની વસતીમાં ૮૮ % નો વધારો જોવા મળ્યો છે.

→ ૨૦૦5માં સિંહની વસતી 359 હતી જે ૨૦૨૦માં વધીને 674 થઈ છે.

→ ૨૦૨૦માં સિંહોનો વસવાટ વિસ્તાર 30,000 ચો.કિમી જોવા મળે છે.

→ રાજ્યસભામાં આપવામાં આવેલી માહિતી મુજબ ગીર વિસ્તારમાં દર 100 ચો.કિમી એ 13થી 14 સિંહ વસે છે.

[*] વડાપ્રધાને સેકન્ડ જનરેશન ઇથેનોલ પ્લાન્ટ રાષ્ટ્રને સમર્પિત કર્યો.

→ વડાપ્રધાન મોદીએ હરિયાણાના પાણીપત ખાતે આ પ્લાન્ટનું વર્ચ્યુઅલ ઉદ્ઘાટન કર્યું.

→ આ ઇથેનોલ પ્લાન્ટ દેશમાં જૈવ ઇંધણના ઉત્પાદન અને વપરાશને વેગ આપવાના પ્રયાસને મજબૂત કરશે.

→ આ પ્લાન્ટ દિલ્હી, NCR અને હરિયાણામાં પ્રદૂષણનું સ્તર ઘટાડશે જેનાથી પર્યાવરણીય સમસ્યાઓથી રાહત મળશે.

→ હાલ પેટ્રોલમાં ઇથેનોલનું 8% જેટલું મિશ્રણ કરવામાં આવે છે.

→ આ ઇથેનોલ પ્લાન્ટ ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશને 900 કરોડના ખર્ચથી સ્થાપિત કર્યો છે.

→ આ પ્લાન્ટ પ્રતિ વર્ષ લગભગ 3 કરોડ લીટર ઇથેનોલનું ઉત્પાદન કરશે.

→ એપ્રિલ 2022માં પૂર્ણિયા, બિહાર ખાતે ભારતના પ્રથમ ઇથેનોલ પ્લાન્ટનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

---

## કરન્ટ ઇન શોર્ટ

[*] ભારતનું ચૂંટણી આયોગ એશિયન ઇલેક્શન ફોરમની વર્ચ્યુઅલ બેઠકમાં ભાગ લેશે. આ બેઠકની થીમ - Making our Elections Inclusive, Accessible and participative.

[*] ઝૂલોજિકલ સર્વે ઓફ ઇન્ડિયા (ZSI) એ 'ફીલ્ડ ગાઇડ, બર્ડ્સ ઓફ ઇન્ડિયા' નામક પુસ્તક પ્રકાશિત કર્યું. જે દેશમાં મળી આવતી 1331 એવિયન પ્રજાતિઓ પર આધારિત છે. ZSI નું મુખ્યાલય કોલકાતા ખાતે છે.

[*] ICC મહિલા T20I બેટર રેન્કિંગમાં હરમનપ્રીત 19મા સ્થાને આવતા પ્રથમવાર Top 20માં સ્થાન મળ્યું. ઓસ્ટ્રેલિયાની બેથ મૂની આ યાદીમાં પ્રથમ સ્થાને છે.

[*] 44માં શતરંજ ઓલિમ્પિયાડમાં ભારતની પુરુષ 'B' ટીમે તથા મહિલા 'A' ટીમે બ્રોન્ઝ મેડલ મેળવ્યો.

[*] 10 ઓગસ્ટ - World Biofuel Day. (વિશ્વ બાયોફ્યુઅલ દિવસ)

[*] ટેનિસ ખેલાડી સેરેના વિલિયમ્સ (અમેરિકા) એ સન્યાસની જાહેરાત કરી. સેરેના એકમાત્ર મહિલા છે જેણે ચાર ગ્રેન્ડ સ્લેમમાં 6 થી વધુ જીત મેળવી.

---

## * 11 ઓગસ્ટ, 2022 *

**[*] ભારતમાં રૂ.12000 સુધીના કિંમતના ફોન પર પ્રતિબંધ લગાવાશે.**

→ દેશમાં ઘરેલું ઉદ્યોગોને વેગ આપવાના ઉદ્દેશ્યથી સરકાર આ અંગે વિચારણા કરી રહી છે.

→ આ તમામમાં ચીની કંપનીઓ કે જે રૂ.12000 સુધીની કિંમતના મોબાઈલ બનાવી રહી છે તેના પર પ્રતિબંધ મુકાશે. આ અહેવાલ બ્લૂમબર્ગના રિપોર્ટમાં જાહેર કરાયો છે.

→ હાલ એક અંદાજ પ્રમાણે હાલ 1.75 લાખ કરોડના ભારતીય સ્માર્ટફોન બજાર ઉપર ચીની કંપનીઓએ કબજો જમાવ્યો છે.

→ આ અંતર્ગત Realme, Tecno, Itel, Infinix, Xiaomi જેવી કંપનીઓને અસર થશે.

**(*) ગુજરાતની વીજ કંપનીઓને મળ્યું A+ રેટિંગ**

→ ભારત સરકારના ઊર્જા મંત્રાલય દ્વારા હાથ ધરાયેલા 10માં એન્યુઅલ ઈન્ટિગ્રેટેડ રેટિંગમાં DGVCL, MGVCL, UGVCL, PGVCLને વહીવટી અને નાણાકીય કામગીરીની ઉચ્ચ ક્ષમતા બદલ A+ રેટિંગ પ્રાપ્ત કર્યું.

→ આ રેટિંગ નીચે મુજબની બાબતોને કારણે અપાયું.

- 1895 MW ક્ષમતા સાથે સોલાર રૂફટોપમાં દેશમાં ગુજરાત પ્રથમ.
- ગેસ-કોલસાની વૈશ્વિક કટોકટી સમયે અવિરત વીજ સેવા
- વર્ષ 2015થી રાજ્યના નિયમાનુસાર લાયકાત ધરાવતા 100% ઘરોનું વીજળીકરણ
- 17,425 MW રિન્યુએબલ એનર્જી ઉત્પાદન ક્ષમતા સાથે ગુજરાત પ્રથમ.
- વિવિધ યોજનાઓ થકી વીજ ખરીદ દ્વારા વીજમાંગની સફળતાપૂર્વક પૂર્તતા.

**[*] ભારતમાં અમેરિકાની સરખામણીએ બમણી (12.4%) મહિલા પાઈલટ**

→ નિવેદિતા ભસીન (1989) સૌથી પ્રથમ યુવા એરલાઈન કેપ્ટન બન્યા બાદ આજે ભારતમાં અમેરિકાની અપેક્ષાએ વધુ માત્રામાં મહિલા પાયલટ છે.

→ ઈન્ટરનેશનલ સોસાયટી ઓફ વિમેન એરલાઈન્સ પાઈલટના અંદાજ અનુસાર અમેરિકામાં 5.5%, બ્રિટનમાં 4.7%, મહિલા પાયલટ છે.

→ 1948માં નેશનલ કેડેટ કોર્પ્સની એર વિંગ મારફતે મહિલા પાયલટમાં વિદ્યાર્થીઓને માઈક્રોલાઈટ એરક્રાફ્ટ ઉડાવવાની તાલીમ અપાઈ હતી.

[*] નેથન્ના બીમા યોજના- તેલંગાણા

→ તેલંગાણાના CM કે. ચંદ્રશેખર રાવે નેશનલ હેન્ડલૂમ દિવસે વણકરો માટે આ યોજના શરૂ કરી છે.

→ આ યોજનામાં 80,000 વણકરો અને તેમના પરિવારોને લાભ મળશે.

→ યોજનામાં લાભાર્થીના આકસ્મિક મૃત્યુના સંજોગોમાં રૂ. 5 લાખનું વીમા કવચ આપવામાં આવશે.

→ આ યોજના માટે રાજ્ય સરકારે LIC સાથે કરારો કર્યો છે.

→ હાલ કેન્દ્ર સરકારે હેન્ડલૂમ ઉદ્યોગ પર 5% ટેક્સ લાગૂ કર્યો છે.

[*] Family first- Samjavat નુ Sarnamu- યોજના.

→ ગુજરાત સરકારે પારિવારિક વિવાદો/ઝઘડાઓના કોર્ટની બહાર સમાધાન કરવાના હેતુથી આ યોજના શરૂ કરી.

→ યોજના હેઠળ જિલ્લા અને તાલુકા સ્તરે સમિતિનું ગઠન કરાશે.

→ આ સમિતિ કૌટુંબિક સમાનતા અને સુખાકારીને અસર કરતાં મુદ્દાઓની તપાસ બાદ પોતાના વિચારો આપશે.

* * *

## (///) કરન્ટ ઇવન્ટ શોર્ટ (///)

[*] મનીષા કલ્યાણ અને સુનીલ છેત્રી 2021-22 માટે AIFF અનુક્રમે મહિલા અને પુરુષ ફૂટબોલર ઓફ ધ યર પસંદ થયા.

[*] પ્રસિદ્ધ જાપાની ફેશન ડિઝાઇનર ઇસ્સી મિયાકેનું નિધન થયું.

[*] અમદાવાદ વિશ્વ વિદ્યાલયના પ્રોફેસર રામાધર સિંહ અમેરિકામાં સોસાયટી ફોર પર્સનાલિટી એન્ડ સોશ્યલ સાઇકોલોજી (SPSP) ની હેરિટેજ વોલ ઓફ ફેમ માં શામેલ થયા.

[*] મહારાષ્ટ્રના રાજ્યપાલ ભગતસિંહ કોશ્યારીએ મુંબઈ ખાતે રવીન્દ્ર નાટ્ય મંદિરમાં 22માં 'ભારત રંગ મહોત્સવ'નું ઉદ્ઘાટન કર્યું.

[*] પાવર ડિસ્ટ્રીબ્યુશન કંપનીને દેવા મુક્ત કરવા માટેની ભારત સરકારની યોજના UDAY- Ujwal DISCOM Assurance Yojana અમલમાં મુકી છે.

## * 12 ઓક્ટોબર, ૨૦૨૨ *

### [*] મીડિયા ટ્રાયલ.

→ તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે મીડિયા એજન્ડા આધારિત ચર્ચાઓ અને કાંગારૂ કોર્ટ ચલાવી રહ્યું છે, જે લોકશાહી માટે યોગ્ય નથી.

→ કાંગારૂ કોર્ટ શબ્દનો ઉપયોગ ન્યાયિક પ્રણાલી સામે કરવામાં આવે છે જ્યાં સામાન્ય રીતે આરોપી સામેનો ચુકાદો પૂર્વ-નિર્ધારિત હોય છે.

→ મીડિયા ટ્રાયલ એ એક શબ્દ છે. જેનો ઉપયોગ ૨૦મી સદીના અંતમાં અને ૨૧મી સદીમાં શરૂઆતમાં વ્યક્તિની પ્રતિષ્ઠા પર ટેલિવિઝન અને અખબારના કવરેજની અસરને વર્ણવવા માટે કરવામાં આવે છે.

→ તાજેતરમાં એવા કિસ્સાઓ સામે આવ્યા છે જેમાં કોર્ટ ચુકાદો સંભળાવે તે અગાઉ જ મીડિયા ટ્રાયલ કરીને પોતાનો ચુકાદો આપતા હે છે.

○ મીડિયા ટ્રાયલની અસરો ○

→ ન્યાયિક કામગીરીને અસર કરે છે જેનાથી સાચા-ખોટા, સારા-ખરાબ અને વાસ્તવિક-નકલી બાબતોનો તફાવત લાવવામાં અસમર્થ છે.

→ મીડિયા એવી બાબતોનું વર્ણન કરવામાં સફળ થાય છે જે ગુપ્ત રાખવી અત્યંત જરૂરી છે.

→ મીડિયા દ્વારા જાણતા અજાણતા વ્યક્તિને કોર્ટની અગાઉ જ દોષિત ઠેરવવામાં આવે છે

→ મીડિયા દ્વારા થતા આ કૃત્યને બંધારણની કલમ-21 અંતર્ગતના ગોપનિયતાના અધિકારનું ઉલ્લંઘન ગણાવાય છે.

○ ભારતમાં મીડિયા નિયમન માટેની ચાર સંસ્થાઓ ○

① પ્રેસ કાઉન્સિલ ઓફ ઈન્ડિયા - ઉદ્દેશ્ય પ્રેસની સ્વતંત્રતા જાળવવાનો.

② ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ સ્ટાન્ડર્ડ ઓથોરિટી

③ બ્રોડકાસ્ટ કન્ટેન્ટ ગ્રીવન્સ કાઉન્સિલ - સામાન્ય મનોરંજન ચેનલો સંબંધિત ફરિયાદોના નિવારણ માટેની સ્વ-નિયમનકારી સંસ્થા.

④ ન્યૂઝ બ્રોડકાસ્ટિંગ એસોસિએશન (NBA) - ખાનગી ટેલિવિઝન સમાચાર અને વર્તમાન ઘટનાઓના બ્રોડકાસ્ટર્સનું પ્રતિનિધિત્વ કરે

→ આ અભ્યાસના નિષ્કર્ષ રૂપે મીડિયાએ ન્યાયતંત્રને સ્વતંત્ર રાખી તેની બાબતોમાં દખલ ન કરીને તેની નૈતિકતા, સામાજિક જવાબદારી અને વિશ્વસનીયતા જાળવી રાખવી જોઈએ.

## ★ ભારતીય ધ્વજ સંહિતા.

→ તાજેતરમાં ભારત સરકારે રાષ્ટ્રધ્વજ જ્યાં ખુલ્લામાં પ્રદર્શિત થાય છે અથવા નાગરિકોના રહેઠાણ પર પ્રદર્શિત થાય છે, તે દિવસ-રાત લહેરાવવાની જાહેરાત કરી.

→ મશીનથી બનેલા અને પોલિએસ્ટરના ફ્લેગના ઉપયોગને મંજૂરી આપવા માટે સરકારે અગાઉ ફ્લેગ કોડમાં સુધારો કર્યો હતો.

→ સરકારે 'હર ઘર તિરંગા' અભિયાન આથી ફ્લેગ કોડ ઑફ ઈન્ડિયા, 2002માં સુધારો કર્યો છે જેનાથી રાત્રે પણ રાષ્ટ્રધ્વજ લહેરાવી શકાશે.

### • ભારતીય ધ્વજ કોડ સંહિતા - 2002 •

→ ભારતીય ધ્વજ કોડ સંહિતા, 2002 ત્રણ ભાગમાં વહેંચાયેલું છે. પ્રથમ ભાગમાં રાષ્ટ્રધ્વજનું સામાન્ય વર્ણન છે. બીજો ભાગ જાહેર, ખાનગી સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેના સભ્યો દ્વારા રાષ્ટ્રધ્વજના પ્રદર્શન સાથે સંબંધિત છે. જ્યારે ત્રીજો ભાગ કેન્દ્ર અને રાજ્ય સરકારો અને તેમની સંસ્થાઓ અને એજન્સીઓ દ્વારા રાષ્ટ્રધ્વજ ફરકાવવા વિશે માહિતી આપે છે.

→ સંહિતા મુજબ તિરંગાનો ઉપયોગ વ્યાપારી હેતુ માટે કરી શકાય નહિ.

→ ધ્વજનો ઉપયોગ તહેવાર તરીકે અથવા કોઈ પણ પ્રકારના શણગારના હેતુ માટે કરવો જોઈએ નહિ.

→ સત્તાવાર પ્રદર્શન માટે માત્ર ભારતીય માનક બ્યુરો દ્વારા નિર્ધારિત વિશિષ્ટતાઓને અનુરૂપ ચિહ્ન ધરાવતા ધ્વજનો ઉપયોગ કરી શકાય છે.

### • હર ઘર તિરંગા અભિયાન •

→ આ અભિયાન ભારતની આઝાદીના 75માં વર્ષે આઝાદીના અમૃત મહોત્સવના ભાગ રૂપે દરેક લોકો પોતાના ઘરે તિરંગો ફરકાવે તે માટે પ્રોત્સાહિત કરવાનું અભિયાન છે.

→ આ અભિયાન ન માત્ર તિરંગા સાથે વ્યક્તિગત જોડાણ સ્થાપિત કરે છે, પરંતુ રાષ્ટ્રનિર્માણ પ્રત્યેની આપણી પ્રતિબદ્ધતાનું પ્રતીક પણ બને છે.

### • ભારતનો રાષ્ટ્રધ્વજ •

→ પ્રથમ રાષ્ટ્રધ્વજ 1906ના રોજ કલકત્તામાં લોઅર સરક્યુલર રોડ નજીક પારસી બાગાન સ્ક્વેર ખાતે ફરકાવવામાં આવ્યો હતો.

→ વર્ષ 1921માં સ્વાતંત્ર્ય સેનાની પિંગલી વેંકૈયા એ બે લાલ અને લીલા પટ્ટા ધરાવતા ધ્વજની મૂળ ડિઝાઈનનો પ્રસ્તાવ મૂક્યો.

→ 1931માં કરાંચીમાં કોંગ્રેસ સમિતિની બેઠકમાં તિરંગાને રાષ્ટ્રીય ધ્વજ તરીકે અપનાવવામાં આવ્યો.

→ 22 જુલાઈ, 1947ના રોજ બંધારણ સભાની બેઠકમાં ભારતીય ધ્વજને તેના વર્તમાન સ્વરૂપમાં સ્વીકારવામાં આવ્યો.

Current Affairs By C.H Shingala

## • તિરંગા સંબંધિત નિયમો •

→ પ્રતીકો અને નામો (અયોગ્ય ઉપયોગ નિવારણ) અધિનિયમ, 1950, રાષ્ટ્રધ્વજ, રાષ્ટ્રીયપ્રતીક વગેરેના ઉપયોગ પર પ્રતિબંધ મૂકે છે.

→ રાષ્ટ્રીય ગૌરવ અધિનિયમ, 1971 રાષ્ટ્રધ્વજ, બંધારણ, રાષ્ટ્રીયગાન, અને ભારતના નકશા સહિત રાષ્ટ્રીય પ્રતીકોના અપમાન પર પ્રતિબંધ મૂકે છે

→ જો કોઈ વ્યક્તિ કાયદા હેઠળ દોષિત ઠરે તો તે 6 વર્ષ માટે સંસદ અને રાજ્ય વિધાનસભાની ચૂંટણી લડવા અયોગ્ય બને છે.

→ બંધારણના અનુચ્છેદ 51-A મુજબ, દરેક ભારતીય નાગરિકની ફરજ છે કે તે બંધારણનું પાલન કરે અને તેના આદર્શો અને સંસ્થાઓ, રાષ્ટ્રધ્વજ અને રાષ્ટ્રગાનનું સન્માન કરે.

## (*) રાજકીય પક્ષોની મફત ભેટની જાહેરાત અને સુપ્રીમકોર્ટનું અવલોકન.

→ તાજેતરમાં સુપ્રીમ કોર્ટે કેન્દ્ર સરકારને પૂછ્યું હતું કે શું ચૂંટણી પ્રચાર દરમિયાન મફત ભેટનું વિતરણ કરવું એ આર્થિક રીતે યોગ્ય છે.

→ રાજકીયપક્ષો લોકોના મત સુરક્ષિત કરવા માટે મફત વીજળી/પાણી પુરવઠો, બેરોજગારોને વેતન, મહિલાઓને ભથ્થા, સ્માર્ટફોન વગેરે જેવા ગેજેટ્સ આપવાનું વચન આપે છે.

→ અમુક અંશે આ પ્રકારની બાબતોમાં રોજગાર, શિક્ષણને લગતા, આરોગ્યલક્ષી વાયદાઓને નાગરિકની મૂળભૂત જરૂરિયાત સમજને યોગ્ય ગણવામાં આવે છે.

→ મેનીફેસ્ટોમાં મફતની રાજનીતિ ચર્ચાની પ્રાસંગિકતા વધારે છે અને કોઈને કોઈ સ્વરૂપમાં સબસિડી પર ધ્યાન કેન્દ્રિત કરે છે.

→ મફતભેટ આપવાથી રાજ્યોની તિજોરી પર અસર પડે છે તથા મતદારોને અયોગ્ય રીતે પ્રભાવિત કરે છે, અને ચૂંટણીની અખંડિતતાનો, નાશ કરે છે.

→ ખાસ કરીને જ્યારે મફત વીજળી પૂરી પાડવાની વાત આવે ત્યારે કુદરતી સંસાધનોના અતિશય ઉપયોગ તરફ દોરી જાય છે.

* 12 ઓગસ્ટ - World Elephant Day. (વિશ્વ હાથી દિવસ)

→ આ દિવસ સૌપ્રથમ વાર 12 ઓગસ્ટ, 2012ના રોજ મનાવાયો.
→ કેનેડિયન ફિલ્મ નિર્માતા પેટ્રીસિયા સિમ્સ અને HM ક્વીન સિરિકિટની એક પહેલ, એલીફેંટ રીઈન્ટ્રોડક્શન ફાઉન્ડેશન ઓફ થાઈલેન્ડ દ્વારા આ દિવસની સ્થાપના કરવામાં આવી.
→ આ દિવસ હાથીઓની દુર્દશા અંગે લોકોમાં જાગૃતતા લાવવાના ઉદ્દેશ્યથી મનાવાય છે.

* મહેન્દ્ર મેઘાણી.

→ ભાવનગરમાં 3 ઓગસ્ટે ગુજરાતી કવિતાના રતન સમા મહેન્દ્ર મેઘાણીનું 100 વર્ષની વયે નિધન થયું. તેમનો જન્મ 20 જૂન, 1923ના રોજ મુંબઈ ખાતે થયો હતો.
→ મહેન્દ્ર મેઘાણીએ પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ભાવનગરમાંથી તથા 1948માં કોલંબિયા યુનિવર્સિટીથી પત્રકારત્વનો અભ્યાસ કર્યો હતો.
→ તેઓ 'મિલાપ' નામનું માસિક ચલાવતા હતા. અને તેમના અડધી સદીની વાચનયાત્રા' નામક સાહિત્ય સંકલનના પાંચ ભાગ ખૂબ પ્રચલિત બન્યા.
→ તેમણે જીવન વર્ષ ઈન લિબર્ટ', 'ફ્રોન ટોકી' જેવાં વિશ્વ સાહિત્યના પુસ્તકો આપ્યા છે.
→ 'નહીં વિસરાતાં કાવ્યો' પુસ્તકમાં સો કવિઓનાં સો કાવ્યોનો સંગ્રહ આપ્યો.
→ ગુજરાત વિધાનસભા ચૂંટણી વખતે 'સૌને માટે રાજકારણનું સામાન્ય જ્ઞાન' એવી સો પાનાંની ખિસ્સાપોથી એ બહાર પાડી હતી.
→ તેમના બાળકો અને તેમના મિત્રો તેમને 'મીમી' કહીને બોલાવતા.
→ તેઓ 'ગ્રંથના ગાંધી'ના ઉપનામથી પણ જાણીતા હતા.
→ મહેન્દ્ર મેઘાણી રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના સૌથી મોટા પુત્ર હતા.

— * — * — * —

## કરન્ટ ઈન શોર્ટ

* અંડર-16 વર્ગની પ્રથમ ખેલો ઈન્ડિયા મહિલા હોકી લીગ નવી દિલ્હી ખાતે મેજર ધ્યાનચંદ સ્ટેડિયમમાં આયોજિત થશે.

* અમિત બર્મને ડાબર ઈન્ડિયાના અધ્યક્ષ પદેથી રાજીનામું આપ્યું.

* 12 ઓગસ્ટ = International Youth Day (આંતરરાષ્ટ્રીય યુવા દિવસ) સૌ પ્રથમ આ દિવસ 12 ઓગસ્ટ, 2000ના રોજ મનાવાયો. આ દિવસની વર્ષ 2022ની થીમ – 'ઈન્ટરજનરેશનલ સોલિડેરિટી: ક્રિએટિંગ અ વર્લ્ડ ફોર ઓલ એજિસ.' (આંતર-જનરેશનલ એકતા: તમામ ઉંમરના લોકો માટે વિશ્વનું સર્જન)

* ઉત્તર પૂર્વ ઓલિમ્પિકની બીજી આવૃત્તિની મેઘાલય મેજબાની કરશે. તેની પ્રથમ આવૃત્તિ 2018માં મણિપુર ખાતે આયોજિત થઈ હતી

* 13 ઑગસ્ટ, 2022 *

[*] ISRO એ ગગનયાનના LEM નું સફળ પરીક્ષણ કર્યું.
→ LEM- લો એલ્ટીટ્યૂડ એસ્કેપ મોટરનું હરિકોટા સ્પેસપોર્ટથી સફળ પરીક્ષણ કર્યું.
→ આ સિસ્ટમ કોઈ પણ દુર્ઘટનાની સ્થિતિમાં ગગનયાન મિશનના ક્રૂ મોડ્યુલને ત્યાંથી હટાવી અંતરિક્ષ યાત્રીઓને બચાવશે.
→ આ પરીક્ષણનો મુખ્ય ઉદ્દેશ્ય બેલિસ્ટિક માપદંડોનું મૂલ્યાંકન કરવું, મોટર સબસિસ્ટમનું પ્રદર્શન તપાસવાનો છે

[*] ક્રિકેટર ઋષભ પંત ઉત્તરાખંડના બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત થયા.
→ ઉત્તરાખંડના CM પુષ્કરસિંહ ધામીએ ઋષભની નિયુક્તિ કરી.
→ પંતનો જન્મ ઉત્તરાખંડના હરિદ્વાર જિલ્લાના રૂડકી ખાતે થયો હતો.
→ તે ભારતીય ક્રિકેટ ટીમમાં વિકેટકિપર તથા બેટર તરીકે જાણીતા છે.
→ IPL માં દિલ્હી કેપિટલ્સના કેપ્ટન તરીકે તેમને સ્થાન આપ્યું છે.
→ ઉત્તરાખંડની રાજધાની :- દહેરાદૂન (શિયાળામાં), ગૈરસૈણ (ઉનાળામાં)

[*] 12 ઑગસ્ટ - વિશ્વ સંસ્કૃત દિવસ. (2022)
→ વિશ્વ સંસ્કૃત દિવસ હિન્દુ કેલેન્ડરની શ્રાવણી પૂર્ણિમાએ મનાવાય છે.
→ સૌ પ્રથમ વાર 1969માં આ દિવસ મનાવાયો હતો.
→ ઈન્ડો- આર્યન ભાષા પ્રથમવાર 3500 વર્ષ પહેલા ઉત્પન્ન થયેલી.
→ જ્યારે સંસ્કૃત શાસ્ત્રોની ઉત્પત્તિ બીજી શતાબ્દી ઈ.સ. પૂર્વેમાં થઈ કે ઋગ્વેદની રચના સાથે જોડાયેલ છે.
→ પાણિનીના વ્યાકરણ ગ્રંથમાં તેને સત્તાવાર ભાષા તરીકે સ્થાપિત કરવામાં આવી છે.

Current Affairs by C.H Shingala

[*] 'આઝાદી કે રંગ' ઑનલાઈન ફિલ્મ મહોત્સવ.
→ ફિલ્મ વિભાગની વેબસાઈટ અને યૂટ્યુબ ચેનલ પર 13 થી 15 ઑગસ્ટ, 2022 સુધી 3 દિવસીય ઑનલાઈન ફિલ્મ મહોત્સવ 'આઝાદી કે રંગ'નું આયોજન કરાયું.
→ હમારે સ્વતંત્રતા સંગ્રામ ઔર સ્વતંત્રતા સેનાનીઓના પ્રમુખ મળીને કુલ 11 ફિલ્મો આ અવસરે પ્રદર્શિત કરશે.
→ ફિલ્મ સ્વતંત્રતા સંગ્રામ અને મહત્ત્વપૂર્ણ ઐતિહાસિક સ્થળો પર આધારિત હશે અને તેના આધારિત DVD સેટ પણ જાહેર કરાશે.

(*) મલેશિયા આયોજિત સૈન્યાભ્યાસ 'ઉદારશક્તિ'.

→ ભારતીય વાયુ સેના 'ઉદારશક્તિ' નામક દ્વિપક્ષીય અભ્યાસમાં ભાગ લેવા મલેશિયા ખાતે જશે.

→ ભારતીય વાયુ સેના અને રોયલ મલેશિયાઈ વાયુ સેના વચ્ચે આયોજિત થનાર આ પ્રથમ દ્વિપક્ષીય અભ્યાસ છે.

→ IAF, Su-30 MKI અને C-17 વિમાનો સાથે આ અભ્યાસમાં ભાગ લેશે.

(*) 13 ઓગસ્ટ - World Organ Donation Day. (વિશ્વ અંગદાન દિવસ)

→ આ દિવસ અંગદાનના મહત્ત્વને જાગૃત કરવા તથા તે માટે લોકોને પ્રોત્સાહિત કરવાના ઉદ્દેશ્યથી મનાવાય છે.

→ 1954 માં અમેરિકામાં પ્રથમ વાર જીવિત દાતાનું અંગ પ્રત્યારોપણ કરવામાં આવ્યું હતું.

→ ભારતમાં અંગદાન દિવસ 27 નવેમ્બરના રોજ મનાવાય છે. જ્યારે વિશ્વમાં તે 13 ઓગસ્ટે મનાવાય છે.

— * — * —

## ⓪ કરંટ ઈન શોર્ટ ⓪

Current Affairs By C.H. Shingala

(*) કેન્દ્રીય મંત્રી પુરુષોત્તમ રૂપાલાએ 'ફિશ એન્ડ સીફૂડ - એ કલેક્શન ઓફ 75 ગૌમેટ રેસિપીઝ' નામક પુસ્તકનું વિમોચન કર્યું.

(*) T20 માં 600 વિકેટ લેનાર પ્રથમ ક્રિકેટર ડ્વેન બ્રાવો બન્યા. અફઘાનના રશિદ ખાન 339 મેચમાં 466 વિકેટ સાથે બીજા સ્થાને છે.

(*) સંયુક્ત રાષ્ટ્ર મહાસચિવ એન્ટોનિયો ગુટેરેસે આર્જેન્ટીનાના રિયર એડમિરલ ગુઈલેર્મો પાબ્લો રિયોસને ભારત અને પાકિસ્તાનમાં UNMOGIP (United Nations Military Observer Group in India and Pakistan) ના મુખ્ય સૈન્ય પ્રમુખ નિયુક્ત થયા. તેઓ ઉરુગ્વેના મેજર જનરલ જોસ એલાડિયો અલ્કેનનું સ્થાન લેશે. UNMOGIP ની સ્થાપના 1949 માં થઈ જેનું મુખ્યાલય ઇસ્લામાબાદ, પાકિસ્તાનમાં છે.

(*) ફ્રાંસ સરકારે કોંગ્રેસના સાંસદ શશિ થરૂરને તેનો સર્વોચ્ચ નાગરિક સન્માન શેવેલિયર ડે લા લીજીયન ડી'હોનુર (દ લીજન ઓફ ઓનર) થી સન્માનિત કરાયા. આ પુરસ્કાર તેમને લેખન અને ભાષણ માટે અપાયો. જેની શરૂઆત 1802 માં નેપોલિયન બોનાપાર્ટે કરી હતી.

—

# * 14 ઑગસ્ટ-2022 *

## ☒ SMILE-75 પહેલ - સામાજિક ન્યાય મંત્રાલય.

→ સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રાલય દ્વારા આ યોજના શરૂ કરવામાં આવી.

→ સ્વતંત્રતાના 75 વર્ષના ઉત્સવના ભાગ રૂપે 75 નગરપાલિકાઓમાં ભીખ માંગતા વ્યક્તિઓના પુનર્વસન માટે શરૂ કરાયેલી યોજના છે.

→ આ પ્રોજેક્ટ હેઠળ 2025-26 સુધીમાં રૂ.100 કરોડ ફાળવવામાં આવ્યા છે.

→ સામાજિક ન્યાય અને સશક્તિકરણ મંત્રી વીરેન્દ્ર કુમાર દ્વારા શરૂ થયેલી પહેલના ઉદ્દેશ્યમાં 75 નગરપાલિકાઓને ભિક્ષા મુક્ત બનાવાશે.

## ☒ તમિલનાડુ પાંચમું હાથી અભયારણ્ય સ્થાપિત કરશે.

→ વિશ્વ હાથી દિવસની ઉજવણીના ભાગ રૂપે તમિલનાડુ અગસ્ત્યમલાઈમાં પાંચમું હાથી અભયારણ્ય સ્થાપિત કરશે.

→ આ તમિલનાડુનું પાંચમું અભયારણ્ય દેશનું 32મું હાથી અભયારણ્ય બનશે.

→ આ અભયારણ્ય તિરુનેલવેલી, કન્યાકુમારી અને તેનકાસી જિલ્લામાં આરક્ષિત વન અને ભૂમિક્ષેત્રમાં સ્થાપિત થશે.

→ આ સ્થાપનાથી રાજ્ય સરકાર કેન્દ્ર સરકારની 'પ્રોજેક્ટ એલિફન્ટ' હેઠળ હાથીના સંરક્ષણ માટે રૂ.2 કરોડનું ભંડોળ મેળવશે.

## ☒ LED લેમ્પની રોશની સમુદ્રના ખારા પાણીથી પ્રકાશિત કરાઈ.

Current Affairs By C.H.Shingala

→ કેન્દ્રીય મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે ભારતની પ્રથમ ખારા પાણીની LED નું અનાવરણ કર્યું.

→ આ LED માં ઈલેક્ટ્રોડ વચ્ચેના ઈલેક્ટ્રોલાઈટ તરીકે દરિયાના પાણીનો ઉપયોગ કરાશે.

→ ડૉ. જિતેન્દ્ર સિંહે દરિયાકાંઠાના સંશોધન માટે ચેન્નઈની નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઓશન ટેકનોલોજી (NIOT) દ્વારા સંચાલિત અને ઉપયોગમાં લેવામાં આવતા સાગર અન્વેષિકા, કોસ્ટલ રિસર્ચ વેસલની મુલાકાત દરમિયાન આ અનાવરણ કર્યું જેને 'રોશની' નામ આપ્યું.

→ આ અનાવરણ 2015માં શરૂ કરાયેલ ઉજાલા યોજનાના વિકાસને પણ વેગ આપશે.

[*] ભારતનું આંતરરાષ્ટ્રીય ટુરીઝમ 42 અબજને પાર થશે.

→ ભારતનું આંતરરાષ્ટ્રીય ટુરિઝમ બમણું થઈને 2024 સુધીમાં 42 અબજને પાર થશે.

→ ફિક્કી તેમજ નાન્ગિયા એન્ડરસન LLP દ્વારા સંયુક્ત પણે તૈયાર કરાયેલા રિપોર્ટમાં આ માહિતી આપવામાં આવી.

→ વિદેશી ક્રૂઝને ભારતની જળ સીમામાં પ્રવેશ આપવાથી ભારતમાં પ્રવાસન માટે આવતા તેમજ પ્રવાસન માટે વિદેશમાં જતાં ભારતીયોની સંખ્યા વધશે અને ભારતની આવક પણ વધશે.

[*] ડ્રોન પ્રમોશન એન્ડ યુસેજ પોલીસી - ગુજરાત સરકાર.

→ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર ખાતેથી આ પોલીસી જાહેર કરી.

→ ડ્રોન ઉત્પાદકો - વપરાશકર્તાઓ - પાઈલટ - સહપાઈલટે ડિજિટલ સ્કાય પ્લેટફોર્મ પર નોંધણી કરાવી UIN મેળવવો પડશે.

→ પોલીસીના અમલીકરણ માટે ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજકુમારની અધ્યક્ષતામાં આઠ વરિષ્ઠ સચિવોની એમ્પાવર્ડ કમિટીની રચના કરવામાં આવી છે.

→ આ પોલીસીની મુખ્ય બાબતો:

- નેનો ડ્રોન - 250 ગ્રામ સુધી
- માઈક્રો ડ્રોન - 250 ગ્રામથી 2 kg
- સ્મોલ ડ્રોન - 2 kg થી 25 kg
- મિડિયમ ડ્રોન - 25 kg થી 150 kg
- લાર્જ ડ્રોન - 150 kg થી વધુ.

## કરન્ટ ઈન શોર્ટ

[*] પ્રસિદ્ધ બાંગ્લાદેશી વાસ્તુકાર મરીના તબાસ્સુમ પ્રતિષ્ઠિત લિસ્બન ટ્રાઈનલે મિલેનિયમ લાઇફ્ટાઇમ અચીવમેન્ટ એવોર્ડ જીતનાર પ્રથમ દ.એશિયાઈ વાસ્તુકાર બની.

[*] વેપાર અને વિકાસ પરના સંયુક્ત રાષ્ટ્ર ના સંમેલનના રિપોર્ટ અનુસાર 2021માં લગભગ 7.3% ભારતીયો સાથે ડિજિટલ કરન્સીના સ્વામિત્વમાં ભારત સાતમા સ્થાને. આ યાદીમાં 12.7% સાથે યુક્રેન ટોચ પર.

[*] કન્નડ ગાયક શિવમોગ્ગા સુબ્બન્નાનું 83 વર્ષની વયે નિધન થયું.

[*] સામૂહિક ધર્માંતરણને રોકતું હિમાચલ પ્રદેશ ધર્મ સ્વતંત્રતા (સંશોધન) વિધેયક, 2022 વિધાનસભામાં પસાર કરાયું.

[*] WHO એ મંકીપોક્સના નવા વેરિયેન્ટને ક્લેડ્સ I, IIa અને IIb નામ આપ્યા.

# * 15 ઓગસ્ટ, 2022 *

(*) કૌશલ્યા - ધ સ્કિલ યુનિવર્સિટી અંતર્ગત સ્કૂલ ઓફ ડ્રોનનો શુભારંભ.

→ ગાંધીનગર ખાતેની આ યુનિવર્સિટી હેઠળ નીચે મુજબના લાભો પ્રદાન થશે.

- ડ્રોન તાલીમ માટે DGCA માન્ય ભારતની પ્રથમ રાજ્યકક્ષાની યુનિ.માં ડ્રોન પાઈલટ ટ્રેનિંગ વ્યવસ્થા
- રાજ્યના ખેડૂતોને રાહતદરે ડ્રોન પાઈલટની તાલીમ
- રાજ્યની 50 ITI મા ડ્રોનની તાલીમ
- ત્રિવાર્ષિક 20,000 ડ્રોન પાઈલટ તૈયાર કરવાનું આયોજન
- ધો-10 પાસ ઉમેદવાર પાઈલટ માટેની તાલીમ મેળવી શકશે.
- ડ્રોનને લગતા મેન્યુફેક્ચરિંગ એન્ડ સર્વિસિસ તથા ડ્રોન પ્રોસેસિંગ એન્ડ એનાલિટિક્સ કોર્સ

(*) 73મો વન મહોત્સવ અને 'વટેશ્વર વન'ની સ્થાપના.

→ ગુજરાત રાજ્ય સરકારે 12 ઓગસ્ટના રોજ 73માં વન મહોત્સવની ઉજવણી કરી.

→ 73માં વન મહોત્સવ અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના દુધરેજ ખાતે નર્મદા કેનાલની બાજુમાં ગુજરાત રાજ્યના 22માં સાંસ્કૃતિક વન - 'વટેશ્વર વન'ની સ્થાપના કરવામાં આવી.

→ વન વિસ્તાર બહારના વૃક્ષોની સંખ્યા જે 2004માં 25.10 કરોડ હતી તે હાલ વધીને 34.75 કરોડથી વધુની થઈ.

→ વન મહોત્સવ દરમિયાન જિલ્લાદીઠ એક એવા કુલ 33 'વૃક્ષરથ' દ્વારા ડોર ટુ ડોર રોપા વિતરણ કરવામાં આવ્યા.

→ રાજ્યના વન વિસ્તારમાં 69 ચો.કિમીનો વધારો જોવા મળ્યો છે.

→ વર્ષ 2004થી પર્યાવરણ બચાવવાના ઉદ્દેશ્યથી તત્કાલીન મુ.મંત્રી નરેન્દ્ર મોદીએ દરેક જિલ્લામાં એક વન સ્થાપવાની યોજના અમલમાં મૂકી હતી.

[*] 76મો સ્વતંત્રતા દિવસ - 2022,

→ 15 ઓગસ્ટ, 2022ના રોજ ભારતનો 76મો સ્વતંત્રતા દિવસ મનાવાયો.

→ વર્ષ 2022માં આઝાદીના 75 વર્ષ પૂર્ણ થવા પર ભારત સરકાર દ્વારા 'આઝાદીના અમૃત મહોત્સવ'ની ઉજવણી કરવામાં આવી.

→ 76માં સ્વતંત્રતા દિવસની ગુજરાત રાજ્યની રાજ્યકક્ષાની ઉજવણી 'બોરવદ'માં કરવામાં આવી.

[*] દલાલ સ્ટ્રીટના 'બિગ બુલ' તરીકે ઓળખાતા રાકેશ ઝુનઝુનવાલાનું 62 વર્ષની વયે નિધન થયું

→ તેઓ 5.8 બિલિયન ડૉલરની સંપત્તિ સાથે ભારતનાં 36માં સૌથી અમીર અબજપતિ હતા.

→ આકાસા એર- ઝુનઝુનવાલાની ભારત ખાતેની એરલાઈન છે.

→ તેઓ હંગામા મીડિયા અને એપ્ટેક લિમિટેડના અધ્યક્ષ હતા.

→ ઝુનઝુનવાલા ડીમાર્ટના સ્થાપક રાધાકિશન દામાણીને તેમના રોકાણ ગુરૂ અને નજીકના મિત્ર માનતા હતા.

[*] 14 ઓગસ્ટ- વિભાજન વિભીષિકા સ્મૃતિ દિવસ (Partition Horrors Remembrance Day).

→ 1947માં ભારતના વિભાજન દરમિયાન પીડિતો અને લોકોના દુ:ખને યાદ કરવા માટે આ દિવસ મનાવાય છે.

→ વર્ષ 2021ના સ્વતંત્રતા દિવસના ભાષણમાં પ્રધાનમંત્રી મોદીએ 14 ઓગસ્ટને આ દિવસ તરીકે ઉજવવાની જાહેરાત કરી હતી.

→ અંદાજ પ્રમાણે આ વિભાજનમાં 10થી 20 મિલિયન લોકો સ્થળાંતરિત થયા અને 2થી 20 લાખ લોકો મૃત્યુ પામ્યા.

# કરન્ટ ઈન શોર્ટ

- ભારતીય સ્વાતંત્ર્યસેનાની અને બ્રિટનના પ્રથમ ભારતીય સાંસદ દાદાભાઈ નવરોજના લંડન સ્થિત ઘરને 'બ્લૂ પ્લેક' સન્માન આપાયું.
- આવકવેરો ચૂકવતા કરદાતાઓ માટે સરકારની સામાજિક સુરક્ષા સ્કીમ 'અટલ પેન્શન યોજના (APY) નો લાભ બંધ કરાયો.
- બોલિવૂડ એક્ટર સલમાન ખાને 1998માં જોધપુર નજીક 'હમ સાથ સાથ હૈ'ના શૂટિંગ દરમિયાન કરેલા હરણના શિકારમાં તે હરણ (ચિંકારા) ની સ્મારક જોધપુરના કાંકાણી ગામમાં (વજન 800kg) સ્થાપિત કરાશે.
- સ્વતંત્રતા દિવસ, 2022 ના અવસરે 1082 પોલીસ કર્મીઓને પોલીસ પદકથી સન્માનિત કરવામાં આવ્યા.
- ગુજરાત રાજ્ય સરકારે રાજ્યના પોલીસકર્મીઓ માટે રૂ. 550 કરોડનું પેકેજ જાહેર કર્યું.
- મુંબઈ-અમદાવાદ વચ્ચે નવી એરલાઈન 'અકાસા એરલાઈન' શરૂ થઈ. આ એરલાઈનને કેન્દ્રીય નાગરિક ઉડ્ડયન મંત્રી જ્યોતિરાદિત્ય સિંધિયાએ લીલી ઝંડી બતાવી.

Crack GPSC
Current Affairs By C.H.Shingala

## * 16 ઓગસ્ટ - 2022 *

(*) જમ્મુ-કશ્મીરમાં ગ્રામ રક્ષા ગાર્ડ યોજના લાગૂ કરવામાં આવી.

→ આ યોજના અગાઉ ગ્રામ રક્ષા સમિતિના નામથી ઓળખાતી હતી. જેમાં ભારતીય સેના અને પોલીસ દ્વારા ગામના સ્વયંસેવકોને પ્રશિક્ષિત કરવામાં આવે છે.

→ આ યોજના હેઠળ, VDG (village Defence Group) ને રાઈફલો આપવામાં આવી અને તેની મદદથી આતંકવાદી હુમલાઓ અને આતંક સંબંધિત ગતિવિધિઓ અટકાવી શકાશે.

(*) SBI એ 'ઉત્સવ જમા' નામક યોજના શરૂ કરી.

→ દેશની આઝાદીના 75 વર્ષની ઉજવણીના ભાગ રૂપે SBI એ આ યોજના શરૂ કરી.

→ આ યોજના હેઠળ 1000 દિવસના કાર્યકાળ માટે ફિક્સ ડિપોઝિટ કરેલી રકમ પર 6.10% વાર્ષિક વ્યાજ આપવામાં આવશે.

→ આ યોજનામાં સિનિયર સિટિઝનને વધારાના 0.50% વ્યાજ આપવામાં આવશે.

(*) વિશ્વના સૌથી ઊંચા ગોલ્ડન જોઈન્ટ રેલવે બ્રિજનું ઉદ્ઘાટન.

→ ચિનાબ નદી પર આ બ્રિજનું ઉદ્ઘાટન કરવામાં આવ્યું છે.

→ આઝાદી બાદ પ્રથમ વાર વખત આ બ્રિજ શ્રીનગરને ભારતના અન્ય સ્થળો સાથે સરળતાથી જોડશે.

→ આ બ્રિજ માટે 'ગોલ્ડન જોઈન્ટ' શબ્દ સિવિલ એન્જિનિયર્સ દ્વારા અપાયો છે.

→ વિશ્વનો આ સૌથી ઊંચો બ્રિજ એફિલ ટાવર કરતા 35 મીટર વધુ ઊંચાઈ ધરાવે છે.

(*) ઓમીક્રોન વેક્સીનને મંજૂરી આપનાર UK પ્રથમ દેશ.

→ UK ઓમીક્રોન વેરિઅન્ટ માટે covid-19 વેક્સીનને અધિકૃત કરનાર પ્રથમ દેશ બન્યો.

→ મેડિસિન્સ એન્ડ હેલ્થકેર પ્રોડક્ટ્સ રેગ્યુલેટરી ઓથોરિટી દ્વારા આ વેક્સીનને મંજૂરી આપવામાં આવી છે.

→ આ વેક્સીન 18 વર્ષ કે તેનાથી વધુ ઉંમરનાઓ માટે ઉપયોગ કરી શકાશે.

[*] પ્રધાનમંત્રીએ સ્વતંત્રતા દિવસના ભાષણમાં આપેલ પાંચ પ્રતિજ્ઞાઓ.

→ ① ભારતને 2047 સુધીમાં વિકસિત રાષ્ટ્ર બનાવવું.
② ગુલામીના દરેક વિચારથી મુક્તિ.
③ વિરાસત પર ગર્વ
④ નારી સન્માન (મહિલાઓ પ્રત્યેની દ્વેષભાવનો અંત)
⑤ નાગરિકો દ્વારા પોતાના કર્તવ્યનું પાલન.

→ પ્રધાનમંત્રી મોદીએ પોતાના ભાષણમાં 'જય જવાન, જય કિસાન, જય વિજ્ઞાન અને જય અનુસંધાન'નો નારો આપ્યો.

[*] રોગ નાબૂદી કાર્યક્રમનું રાષ્ટ્રવ્યાપી અમલીકરણ...

→ મેલેરિયા, લિમ્ફેટિક ફાઈલેરિયાસીસ, કાલા-અઝર, ક્ષય, રક્તપિત્ત જેવા વિવિધ રોગોને દૂર કરવાનો કાર્યક્રમ ભારત સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવ્યો.

→ નેશનલ સેન્ટર ફોર વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ (NCVBDC) વેક્ટર બોર્ન ડિસીઝના નિવારણ અને નિયંત્રણ માટે નેશનલ વેક્ટર બોર્ન ડિસીઝ કંટ્રોલ પ્રોગ્રામ (NVBDCP)નું સંચાલન કરે છે.

→ NVBDCP હેઠળ, મેલેરિયા, ફાઈલેરિયા અને કાલાઅઝર નામના ત્રણ રોગો નાબૂદી કાર્યક્રમ હેઠળ છે.

→ કાર્યક્રમ અંતર્ગત ઉદ્દેશ્યો.
① 2030 સુધીમાં મેલેરિયા નાબૂદ કરવો.
② લિમ્ફેટિક ફાઈલેરિયાસિસને 2030 સુધીમાં દૂર કરવો.
③ કાલા અઝરને 2023 સુધીમાં નાબૂદ કરવો.

→ રક્તપિત્ત નાબૂદી માટે ભારત સરકારે રાષ્ટ્રીય રક્તપિત્ત નાબૂદી કાર્યક્રમ અમલમાં મૂક્યો છે જેના હેતુ જિલ્લા સ્તરે રક્તપિત્તના દર 1/10,000 થી ઓછો લાવવાનો છે.

→ ક્ષય રોગને વર્ષ 2025 સુધીમાં નાબૂદ કરવાનો લક્ષ્યાંક છે.

## (1) કરન્ટ ઈન શોર્ટ (1)

- [*] લાલ કિલ્લા પરથી પ્રધાનમંત્રી મોદીએ 9મું સંબોધન કર્યું.
- [*] 'મિસ ઈન્ડિયા USA-2022' - આર્યા વાલવેકરે જીત્યો
- [*] સ્માર્ટફોન ઈન્ડસ્ટ્રીઝ નવી વપરાશકર્તાઓના હેન્ડસેટને ભૌતિક ડેમેજનો સામનો કરવા 'ઓનમૂન કેર પ્રોગ્રામ' શરૂ કરશે.
- [*] હિન્દુસ્તાન પેટ્રોલિયમ દ્વારા 1947 માં ભારત-પાક. વિભાજનની માહિતી આપતું પ્રદર્શન આયોજન કરાયું.
- [*] ઓપન નેટવર્ક ફોર ડિજિટલ કોમર્સમાં સામેલ થનાર પ્રથમ ટેક કંપની Microsoft બની..
- [*] તાજેતરમાં ગૂગલે 'ઈન્ડિયા કી ઉડાન' યોજના શરૂ કરી.
- [*] 16 ઓગસ્ટ - અટલ બિહારી વાજપેયીની પુણ્યતિથિ
- [*] 16 ઓગસ્ટ - રામકૃષ્ણ પરમહંસની 136મી પુણ્યતિથિ

———— * ———— * ————

## (1) કરન્ટ ઈન શોર્ટ (1)

Crack GPSC
Current Affairs By C.H. Shingala

- [*] ભારતીય સેનાએ ઉપગ્રહ આધારિત પ્રણાલીઓના પરીક્ષણ માટે સ્કાયલાઈટ અભ્યાસ શરૂ કર્યો.
- [*] તાજેતરમાં ISRO નું પ્રથમ મિશન SSLV-D1 ફેઈલ ગયું.
- [*] જેમ્સ મારપે લગાતાર પાપુઆ ન્યૂ ગિનીના પ્રધાનમંત્રી બન્યા.
- [*] તમારા વાલકોટે 737.5 kg વજન ઉંચકી ગિનીસ પાવરલિફ્ટિંગ વર્લ્ડ રેકોર્ડ તોડ્યો.
- [*] SBI બાંગ્લાદેશમાં ભારતીય વીઝા સહાય કેન્દ્ર સ્થાપિત કરશે.
- [*] India @2047 યુવા સંવાદ દિલ્લી ખાતે નરેન્દ્ર મોદી, અનુરાગ ઠાકુર, ધર્મેન્દ્ર પ્રધાને સંબોધિત કર્યો.
- [*] કેરળ રાજ્યએ GST ચોરી અટકાવવા 'લકી બિલ એપ' લોન્ચ કરી.

# * 17 ઑગસ્ટ, 2022 *

[*] ઈપ્સોસ ઈન્ડિયા સર્વેક્ષણ રિપોર્ટ...

→ આ રિપોર્ટ અનુસાર રક્ષાદળ, RBI અને ભારતના પ્રધાનમંત્રીનું કાર્યાલય દેશની ત્રણ સૌથી ભરોસાપાત્ર સંસ્થાઓ.

→ ભારતની સર્વોચ્ચ અદાલત ચોથા અને CBI પાંચમા સ્થાને.

→ આ સર્વેક્ષણ રિપોર્ટમાં મહિલાઓ સહિત 2950 વયસ્કો દ્વારા મતદાન કરાયું હતું.

[*] 17 ઑગસ્ટ - મદનલાલ ઢીંગરાની પુણ્યતિથિ.

→ ઢીંગરા તેમના જીવનમાં શ્યામજી કૃષ્ણ વર્મા અને વી.ડી. સાવરકરથી પ્રભાવિત હતા.

→ 1 જુલાઈ-1909ના રોજ ઢીંગરાએ સાર્વજનિક સભામાં બ્રિટિશ પોલીસ અધિકારી કર્ઝન વાયલીની ગોળી મારી હત્યા કરી હતી, જેના બદલામાં તેમની ધરપકડ કરવામાં આવી અને ફાંસીની સજા અપાઈ.

→ તેમને પેંટનવિલે જેલમાં ફાંસી આપવામાં આવી હતી.

[*] 3-D પ્રિન્ટેડ કૃત્રિમ કોર્નિયા...

→ હૈદરાબાદના સંશોધકોએ કૃત્રિમ કોર્નિયાને 3-D પ્રિન્ટ કરીને સસલાની આંખમાં ટ્રાન્સપ્લાન્ટ કર્યું.

→ એલ.વી. પ્રસાદ આઈ ઈન્સ્ટિટ્યૂટ, હૈદરાબાદ, ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટેકનોલોજી હૈદરાબાદ અને સેન્ટર ફોર સેલ્યુલર એન્ડ મોલેક્યુલર બાયોલોજીના ચિકિત્સકો અને વૈજ્ઞાનિકોની ટીમે આ કોર્નિયા બનાવ્યું.

→ કોર્નિયલ ડેમેજ એ વિશ્વભરમાં અંધાપાનું મુખ્ય કારણ છે અને દર વર્ષે કોર્નિયલ અંધાપાના 1.5 મિલિયનથી વધુ નવા કેસ નોંધાય છે.

→ આ 3-D પ્રિન્ટેડ કોર્નિયા 3mm થી 13mm સુધીમાં વિવિધ વ્યાસમાં પ્રિન્ટ કરી શકાય છે અને દર્દીની વિશેષતાને આધારે કસ્ટમાઈઝ કરી શકાય છે.

(*) કર્ણાટક સરકારે ખેલાડીઓ માટે 2% આરક્ષણની જાહેરાત કરી.
→ કર્ણાટકના મુ.મંત્રી બસવરાજ બોમ્મઈએ તમામ ખેલાડીઓની રાજ્યના દરેક વિભાગમાં 2% અનામતની જાહેરાત કરી.
→ હાલ કર્ણાટકમાં પોલીસ અને વન વિભાગમાં ખેલાડીઓને અનામત આપવામાં આવે છે.
→ CMએ 'અમૃત ક્રીડા દત્તુ' યોજના હેઠળ 75 ખેલાડીઓને સન્માનિત કર્યા છે.

(*) દુર્ગાદાસ રાઠોરની પ્રતિમાનું અનાવરણ.
→ રક્ષા મંત્રી રાજનાથ સિંહે રાજસ્થાનના જોધપુરમાં પ્રસિદ્ધ મારવાડી યોદ્ધા વીર દુર્ગાદાસ રાઠોરની પ્રતિમાનું અનાવરણ કર્યું.
→ દુર્ગાદાસની 385મી જયંતીના અવસર પર આ અનાવરણ કરાયું.
→ તેઓ મારવાડ સામ્રાજ્યના રાઠોર રાજપૂત સેનાપતિ હતા.
→ તેઓએ 17મી સદીમાં મહારાજા જસવંતસિંહના મૃત્યુ બાદ મારવાડ પર રાઠોર વંશના શાસનને એકલા હાથે સંભાળ્યું હતું.

(*) અરુણાચલ પ્રદેશના ત્રીજા હવાઈ મથકનું નામ 'ડોની પોલો હવાઈ મથક' રખાયું.
→ અરુણાચલ પ્રદેશના ઈટાનગર ખાતે આ મથક સ્થાપિત કરાયું.
→ આ મથકનું નામ સૂર્ય (ડોની) અને ચંદ્રમા (પોલો) નો અર્થ દર્શાવે છે.
→ આ મથક ઉત્તર ભારતના 16મું હવાઈ મથક બનશે.

(*) મેક ઈન્ડિયા નંબર-1 મિશન...
→ દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે આ મિશનની જાહેરાત કરી છે.
→ આ મિશન દિલ્હીના તાલકટોરા સ્ટેડિયમમાં લોન્ચ કરાયું.
→ આ મિશન સ્વાસ્થ્ય, શિક્ષણ, કૃષિ અને રોજગાર પર ધ્યાનકેન્દ્રિત કરશે.

---

Current Affairs By C.H.Shingala

# * 18 ઑગસ્ટ - 2022 *

## (*) ઈન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમ

→ કેન્દ્ર સરકારની કેબિનેટે આ સ્કીમને લીલી ઝંડી આપી છે.

→ આ સ્કીમમાં સરકાર દ્વારા સહકારી સમિતિઓ અને બેન્કો મારફત ખેડૂતોને ઓછા વ્યાજ દર પર ટૂંકાગાળા માટે અને લાંબાગાળા માટે લોન આપવામાં આવે છે. આ લોનને ઘણાં ખેડૂતો સમયસર ચૂકવે છે જ્યારે ઘણા ખેડૂતો ચૂકવી શકતા નથી. જે ખેડૂતો સમયસર લોન ચૂકવે છે તેમને ઈન્ટરેસ્ટ સબવેન્શન સ્કીમનો લાભ મળે છે.

→ આ સ્કીમ હેઠળ ત્રણ લાખ સુધીની લોન લેનારા ખેડૂતોને વ્યાજમાં 1.5% છૂટ અપાશે. જેનાથી એગ્રિકલ્ચર સેક્ટરમાં પૂરતા ક્રેડિટ ફ્લોને સુનિશ્ચિત કરી શકાશે.

→ આ સિવાય ટ્રાવેલ, ટૂરિઝમ અને હોસ્પિટાલિટી સેક્ટરને ઈમરજન્સી ક્રેડિટ લાઈન ગેરંટી સ્કીમની મર્યાદામાં રૂ. 50,000નો વધારો કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

→ કેન્દ્રીય સૂચના અને પ્રસારણ મંત્રી - અનુરાગ ઠાકુર...

## (*) વિલિયમ રૂટો કેન્યાના રાષ્ટ્રપતિ બન્યા.

→ કેન્યાના ઉપરાષ્ટ્રપતિ વિલિયમ રૂટો કેન્યાના રાષ્ટ્રપતિ તરીકે ચૂંટાયા.

→ 50.5% મત સાથે તેમણે રૈલા ઓડિંગાને હાર આપી.

→ તેઓ રાષ્ટ્રપતિ ઉહુરૂ કેન્યાટાનું સ્થાન લેશે.

→ કેન્યાની રાજધાની: નૈરોબી

→ કેન્યાનું ચલણ = કેન્યાઈ શિલિંગ.

## (*) સ્વદેશ નિર્મિત હથિયાર પ્રણાલી ભારતીય સેનાને સોંપવામાં આવી.

→ રક્ષામંત્રી રાજનાથ સિંહે ભારતીય સેનાને નવી એન્ટી પર્સનલ માઈન 'નિપુણ' અને 'ફ્યૂચર ઈન્ફેન્ટ્રી સોલ્જર એઝ એ સિસ્ટમ' (F-INSAS) સોંપી.

→ નિપુણ એ મેડ ઈન ઈન્ડિયા લેન્ડિંગ ક્રાફ્ટ એસોલ્ટ છે જે દુશ્મન સૈનિકો પર નજર રાખવામાં મદદરૂપ થશે.

• F-INSAS શું છે? •

→ F-INSAS પ્રોજેક્ટનો ઉદ્દેશ્ય પાયદળને આધુનિક બનાવવા અને સૈનિકની ઓપરેશનલ ક્ષમતાને વધારવાનો છે.

→ આ પ્રોજેક્ટથી સૈનિકો હવામાન, ભૂપ્રદેશ જેવા તમામ પાસાઓની અવગણના કરી આધુનિક પ્રણાલીઓથી સજ્જ થશે.

→ આ પદ્ધતિ સરહદી વિસ્તારમાં તૈનાત સૈનિકોને 'સંપૂર્ણ લડાઈ મશીન' માં પરિવર્તિત કરશે.

→ F-INSAS સિસ્ટમમાં એક AK-203 એસોલ્ટ રાઈફલનો સમાવેશ થાય છે. ઉપરાંત રશિયન મૂળની ગન સંચાલિત, મેગેઝિન-ફેડ-300 મી રેન્જ સાથેની રાયફલ, બેલાસ્ટિક હેલ્મેટ, બેલેસ્ટિક ગોગલ્સ, બુલેટ પ્રૂફ જેકેટનો સમાવેશ થશે.

→ F-INSAS નું નિર્માણ ઉત્તરપ્રદેશના અમેઠીમાં ભારતીય અને રશિયન કંપનીના સંયુક્ત સાહસમાં કરવામાં આવશે.

• શું છે Nipun? •

→ Nipun એ ખાણક્ષેત્રોમાં સૈનિકોને મજબૂત બનાવતી પ્રણાલી છે.

→ આર્મમેન્ટ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ, પુણે અને ભારતીય ઉદ્યોગના સંયુક્ત પ્રયાસો દ્વારા નિપુન લેન્ડમાઈન વિકસાવવામાં આવી છે.

[*] 'અમ્મા યોજના' અને 'વાત્સલ્ય યોજના' - સિક્કિમ.

→ સિક્કિમના મુખ્યમંત્રી પી. એસ. તમાંગે રાજ્યની મહિલાઓના કલ્યાણ માટે આ બે યોજનાઓ અમલમાં મૂકી.

→ અમ્મા યોજના અંતર્ગત રાજ્ય તમામ બેરોજગાર માતાઓને વાર્ષિક 20,000 રૂપિયા બેંકના ખાતામાં જમા કરવામાં આવશે.

→ વાત્સલ્ય યોજના અંતર્ગત નિઃસંતાન મહિલાઓને ઈનવિટ્રો ફર્ટિલાઈઝેશન (IVF) ના ઉપચાર માટે રૂ. 3 લાખની સહાયતા કરવામાં આવશે.

[*] FIFA એ ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને સસ્પેન્ડ કર્યું.

→ FIFA કાઉન્સિલના બ્યુરોએ સર્વસંમતિથી ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનને ત્રીજા પક્ષોના અયોગ્ય પ્રભાવને કારણે તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવાનો નિર્ણય લીધો.

→ AIFF એક્ઝિક્યુટિવ કમિટીની સત્તાઓ રદ કરવામાં આવે અને AIFF વહીવટીતંત્ર ફરીથી AIFF પર સંપૂર્ણ નિયંત્રણ મેળવે ત્યારે વહીવટકર્તાઓની એક સમિતિની સ્થાપનાનો આદેશ રદ થયા બાદ જ સસ્પેન્શન ઉઠાવાશે.

→ FIFA - Federation Internationale de football Association

→ FIFA પ્રમુખ - Gianni Infantino

→ FIFA ની સ્થાપના - 21 મે, 1904.

→ FIFA મુખ્ય મથક - ઝ્યુરિખ, સ્વિટ્ઝરલેન્ડ

## (18) કરન્ટ ઇન શોર્ટ (18)

- ભૂચર મોરીના યુદ્ધ (ગુ. ધ્રોલ-જામનગર)ને 431મી વરસી (ઇ.સ. 1591)
- ભારતમાં 2014 થી 2019 વચ્ચે બાળમૃત્યુદર પ્રતિહજારે 35 થયો. જે 2014માં 45 હતો.
- કેન્દ્ર સરકારે ડ્રગ્સ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (DCGI) વી.જી. સોમાણીનો કાર્યકાળ 3 મહિના વધાર્યો.
- સુલતાન અઝલાન શાહ કપ-2022 (હોકી) મલેશિયા ખાતે આયોજિત થશે.
- સાઈમન સ્ટીલ યુએનના જળવાયુ પ્રમુખ નિયુક્ત થયા.
- રણવીર સિંહને IFFM એવોર્ડ 2022માં બેસ્ટ એક્ટરનો એવોર્ડ.

---

## (19) કરન્ટ ઇન શોર્ટ (19)

- HDFC બેંકે કેરળના કોઝીકોડમાં સંપૂર્ણ મહિલા સંચાલિત બેંક બ્રાન્ચ ખોલી.
- UEFA મહિલા ચેમ્પિયન્સ લીગમાં રમનાર મનીષા કલ્યાણ પ્રથમ ભારતીય ફૂટબોલર બની.
- કેન્દ્રીય મંત્રી સર્બાનંદ સોનોવાલ ઈરાન, સંયુક્ત આરબ અમીરાતની યાત્રા પર.
- ગોવા અને દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવ હર ઘર જલ પ્રમાણિત રાજ્ય/કેન્દ્રશાસિત પ્રદેશ બન્યા.
- નીતિન ગડકરીએ મુંબઈમાં ભારતની પ્રથમ ઈલેક્ટ્રિક AC ડબલ ડેકર બસનું અનાવરણ કર્યું. (Switch EiV22)
- અરુણાચલ પ્રદેશે ડ્રોન આધારિત સ્વાસ્થ્ય સેવાઓ 'મેડિસિન ફ્રોમ ધ સ્કાઈ' શરૂ કરી.

* 19 ઓગસ્ટ - 2022 *

[*] NIPAM નો 1 મિલિયનનો લક્ષ્યાંક પૂર્ણ થયો.

→ NIPAM - નેશનલ ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અવેરનેસ મિશને 1 મિલિયનનો લક્ષ્યાંક પૂર્ણ કર્યો.

→ NIPAM ની શરૂઆત 8 ડિસે, 2021 ના મીનીસ્ટ્રી ઓફ કોમર્સ અને ઈન્ડસ્ટ્રી દ્વારા કરવામાં આવી હતી.

→ NIPAM નો ઉદ્દેશ્ય બૌદ્ધિક સંપદા પર જાગૃતિ અને તાલીમ આપવાનો છે.

→ બૌદ્ધિક સંપદા જાગૃતિ મિશન હેઠળ તાલીમ પામેલા વિદ્યાર્થીઓ અથવા શિક્ષકોની સંખ્યા 10,05,272 છે.

[*] જર્મનીમાં ભારતીય ભારતીય સમુદાયના પ્રથમ પ્રતિનિધિ ગુરદીપ રંધાવા.

→ ભારતીય મૂળના ઉદ્યોગી ગુરદીપ રંધાવાની ભારતીય સમુદાયોના ચિંતાઓ સાંભળવા તથા રાજનૈતિક રૂપથી સક્રિય થવા પ્રોત્સાહિત કરવા આ નિમણૂક કરાઈ.

→ રંધાવા જર્મનીની ક્રિશ્ચયન ડેમોક્રેટિક યુનિયન (CDU) ના સદસ્ય છે.

→ CDU જર્મનીની સૌથી મજબૂત રાજનૈતિક પાર્ટી છે જેના અધ્યક્ષ ફ્રેડરિક મર્ઝ છે.

[*] 'આત્મનિરીક્ષણ: આર્મ્ડ ફોર્સિસ ટ્રિબ્યુનલ' પર રાષ્ટ્રીય સેમિનાર.

→ આ સેમિનારનું રક્ષામંત્રી રાજનાથ સિંહે ઉદ્ઘાટન કર્યું.

→ સશસ્ત્ર દળોના સેવા આપતા કર્મચારી ઉપરાંત ભૂતપૂર્વ સૈનિકો, તેમના પરિવારો અને યુદ્ધ-વિધવાઓને ઝડપી અને સસ્તો ન્યાય સુનિશ્ચિત કરવા આ ટ્રિબ્યુનલ સ્થાપવામાં આવેલ છે.

## [*] ટોબેકો એન્ડગેમ -

→ ૨૦૨૫ સુધીમાં ધુમ્ર મુક્ત થવાની યોજના પૂર્ણ કરવા માટે ન્યૂઝીલેન્ડની સંસદે ધુમ્રપાન મુક્ત વાતાવરણ અને નિયમ વિધાન (ઉત્પાદનો (સ્મોક્ડ ટોબેકો) સંપાદિત કર્યા.

→ ન્યૂઝીલેન્ડના અનુકરણથી મલેશિયાએ વર્ષ ૨૦૦૭ પછી જન્મેલા લોકો માટે તમામ તંબાકુ ઉત્પાદનોની વેચાણ પર પ્રતિબંધ મૂક્યો.

→ ટોબેકો એન્ડગેમ 'તંબાકુ મુક્ત ભવિષ્ય'ના ઉદ્દેશ્યથી તંબાકુથી થતી બિમારીને સમાપ્ત કરવા પર ધ્યાન હોય છે.

→ WHOના રિપોર્ટ મુજબ વર્ષે 8 મિલિયનથી વધુ લોકો તમાકુથી મૃત્યુ પામે છે જ્યારે આડકતરી રીતે તમાકુના સંપર્કથી 1.2 મિલિયન લોકો મૃત્યુ પામે છે.

→ ભારતમાં 15 વર્ષથી વધુ ઉંમરના 38% પુરુષો અને 9% સ્ત્રીઓ તમાકુના ઉત્પાદનનો ઉપયોગ કરે છે.

→ દર વર્ષે 31 મેના રોજ 'વિશ્વ તંબાકૂ નિષેધ' દિવસ મનાવાય છે.

## [*] ભારતની 'નેબરહુડ ફર્સ્ટ' નીતિ અને માલદિવની 'ઇન્ડિયા ફર્સ્ટ' નીતિ.

→ તાજેતરમાં ભારતીય વિદેશમંત્રીની માલદીવ મુલાકાત દરમિયાન આ નીતિઓ સંબંધિત ભાગીદારી કરવામાં આવી.

→ ભારત નેબરહુડ ફર્સ્ટ નીતિ અંતર્ગત તેના પાડોશીઓ સાથે મૈત્રીપૂર્ણ અને પરસ્પર ફાયદાકારક સંબંધો વિકસાવે છે.

→ ભારત આ નીતિ હેઠળ અન્ય રાષ્ટ્રો સાથે આર્થિક, સામાજિક, રોજગાર, ઉદ્યોગ, આપત્તિ વ્યવસ્થાપન ક્ષેત્રે સહયોગ વધારે છે.

## [*] ચીન-અમેરિકા તણાવ.

→ તાજેતરમાં અમેરિકી પ્રતિનિધિ સભાના અધ્યક્ષ તાઈવાનની મુલાકાત લીધી જે 1997 બાદની સર્વોચ્ચ મુલાકાત ગણાય છે.

→ તાઈવાન દક્ષિણપૂર્વ ચીનના દરિયાકિનારાથી લગભગ 160 km દૂર છે. જેનાથી ચીન અને અમેરિકા વચ્ચે તણાવ ઉદ્ભવ્યો.

→ બીજા વિશ્વયુદ્ધમાં જાપાનની હાર બાદ આ ટાપુ ચીન હસ્તક થયો. બંને વચ્ચેના ગૃહયુદ્ધમાં ચીન અને તાઈવાનના વિભાજન પછી સરકાર ઓફ ધ રિપબ્લિક ઓફ ચાઈના (ROC)ને તાઈવાનમાં તબદીલ કરવામાં આવી. બીજી તરફ ચીનની કમ્યુનિસ્ટ પાર્ટી (CPC)એ પીપલ્સ રિપબ્લિક ઓફ ચાઈના (PRC)ની સ્થાપના કરી. PRC તાઈવાનને દેશદ્રોહી પ્રાંત તરીકે જુએ છે અને શાંતિપૂર્ણ માધ્યમથી તાઈવાન સાથે પુનઃ એકીકરણની રાહ જુએ છે.

## * 20 ઓગસ્ટ, 2022 *

**[*] શિક્ષણમાં ડિજિટલ ટેકનોલોજીનો અભાવ.**

→ તાજેતરમાં શિક્ષણ મંત્રીએ લોકસભામાં માહિતી આપી કે ભારત કમ સે કમ 10 રાજ્યોની શાળાઓમાં ICT (Information and Communication Tech.) નો અભાવ ધરાવે છે.

→ અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન દ્વારા 2021માં હાથ ધરવામાં આવેલ અભ્યાસ મુજબ ભારતમાં લગભગ 60% શાળાના બાળકો ઓનલાઈન શીખવાની તકો એક્સેસ કરી શકતા નથી.

→ આર્થિક રીતે નબળા બાળકો ઈન્ટરનેટ અને કમ્પ્યુટરની એક્સેસના અભાવે પોતાનું શિક્ષણ અધવચ્ચેથી છોડી દે છે.

→ ભારતીય બંધારણના ભાગ-4 રાજ્યનીતિના માર્ગદર્શક સિદ્ધાંતો અનુસાર અનુચ્છેદ 45 અને 39(f) એ રાજ્ય દ્વારા ભંડોળ પૂરું પાડી શિક્ષણની જોગવાઈઓ અંગે માહિતી આપે છે.

→ ઈન્ટરનેટ કનેક્ટિવિટીની ઊંચી કિંમત, ટેકનિકલ સાધનોની કિંમત, તાલીમના દર એ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે ડિજિટલ ગેપને વિસ્તૃત કરવામાં મુખ્ય પરિબળ છે.

**[*] સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0.**

→ તાજેતરમાં મહિલા અને બાળ વિકાસ મંત્રાલયે સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0ના અમલીકરણ માટે માર્ગદર્શિકા બહાર પાડી.

→ નાણાકીય વર્ષ 2021-22માં ભારત સરકારે સંકલિત બાળ વિકાસ સેવાઓ અને પોષણ અભિયાનને સક્ષમ આંગણવાડી અને પોષણ 2.0માં પુન:ગઠિત કર્યું.

→ પુન:ગઠિત યોજનાઓમાં સમાવિષ્ટ યોજનાઓ ICDS, પોષણ અભિયાન, કિશોર કન્યાઓ માટેની યોજના, રાષ્ટ્રીય બાળ વિકાસ ગૃહ યોજના.

→ આ યોજનાના ઉદ્દેશ્ય.

- દેશમાં માનવ મૂડી વિકાસમાં યોગદાન આપવું.
- કુપોષણના પડકારોનો સામનો કરવો.
- ટકાઉ સ્વાસ્થ્ય અને સુખાકારી માટે પોષણ જાગૃતિ અને સારી આહાર આદતોને પ્રોત્સાહન આપવું.

Current Affairs By C.H.Bhingala

✱ પાલન 1000 અને પેરેન્ટિંગ એપ.

→ કેન્દ્રીય સ્વાસ્થ્ય રાજ્યમંત્રી ભારતી પ્રવીણ પવારે મુંબઈ ખાતેથી પાલન 1000 રાષ્ટ્રીય અભિયાન અને પેરેન્ટિંગ એપ વર્ચ્યુઅલી લોન્ચ કરી.

→ સમગ્ર ઝુંબેશનો ઉદ્દેશ્ય ભારતમાં બાળમૃત્યુદર ઘટાડવાનો છે.

→ 2014માં બાળમૃત્યુદર 1000 એ 45 હતો જે 2019માં 1000એ 35 થયો.

→ બાળકના મગજના વિકાસની પ્રક્રિયા સગર્ભાવસ્થા દરમિયાન શરૂ થાય છે અને સગર્ભા સ્ત્રીના સ્વાસ્થ્ય, પોષણ અને વાતાવરણથી તે પ્રભાવિત થાય છે.

→ આ ઝુંબેશ હેઠળ બાળકના જીવનના પ્રથમ 1000 દિવસ તેના શારિરિક, માનસિક, ભાવનાત્મક, જ્ઞાનાત્મક અને સામાજિક સ્વાસ્થ્ય તરફ ધ્યાન કેન્દ્રિત કરાશે.

✱ મહારાષ્ટ્રએ 'દહી હાંડી'ને રાજ્યની સત્તાવાર રમત તરીકે માન્યતા આપી.

→ મહારાષ્ટ્રના CM એકનાથ શિંદેએ આ જાહેરાત કરી છે અને રાજ્યમાં 'પ્રો-દહી-હાંડી' સ્પર્ધા શરૂ કરવાની જાહેરાત પણ કરી છે.

→ ઉપરાંત ગોવિંદાને રમતગમત ક્વોટા હેઠળ નોકરી આપવાની તથા રૂ.10 લાખનું વીમા કવચ આપવાની પણ જાહેરાત કરી છે.

Current Affairs By C.H Shingala

→ દહી-હાંડીને અન્ય 'ગોપાલકલા' તરીકે પણ ઓળખવામાં આવે છે.

✱ જાન્યુઆરી 2023નો પ્રવાસી ભારતીય દિવસ.

→ વર્ષ 2023નો 17મો પ્રવાસી ભારતીય દિવસ ઇન્દોર ખાતે ઉજવાશે.

→ આ દિવસ ભારતના વિકાસમાં પ્રવાસી ભારતીય સમુદાયના યોગદાનને ચિહ્નિત કરવા માટે દર વર્ષે 9 જાન્યુઆરીએ મનાવાય છે.

→ 9 જાન્યુઆરી 1915ના મહાત્મા ગાંધી દ. આફ્રિકાથી ભારત પરત આવ્યા હતા.

→ 16માં પ્રવાસી ભારતીય દિવસ (2021)ના અતિથિ - ચંદ્રિકાપ્રસાદ સંતોખી, સૂરીનામના રાષ્ટ્રપતિ હતા.

## (4) કરંટ ઈન શોર્ટ (1)

- [*] 20 ઓગસ્ટ - વિશ્વ મચ્છર દિવસ. વર્ષ 2022ની થીમ: હાર્નેસ ઈનોવેશન ટૂ રિડ્યુસ ધ મલેરિયા ડિઝીઝ બર્ડન એન્ડ સેવ લાઈવ્સ.
- [*] ધ્રોલના ભૂચર મોરી ખાતે 5000 રાજપૂત યુવાનોએ 11 મિનિટ સુધી તલવારબાજી કરી વર્લ્ડ બુક ઓફ રેકોર્ડ્સ લંડનમાં સ્થાન મેળવ્યું.
- [*] મહિન્દ્રા ટ્રેક્ટર્સ દ્વારા ગાંધીનગરના સરઢવ ગામે 'હર ઘર ખેડુ અભિયાન, હરિત અભિયાન' કાર્યક્રમ આયોજિત કર્યો.
- [*] મારૂતિ કુરિયર સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ અમૃત મહોત્સવના ભાગરૂપે 'લેન્ડ ઓફ લિજેન્ડ્સ' અભિયાન શરૂ કર્યું.

---

## (III) કરંટ ઈન શોર્ટ (7)

- [*] વિદેશમંત્રી ડૉ. એસ. જયશંકર બ્રાઝીલ, પરાગ્વે, આર્જેન્ટિનાની યાત્રાએ જશે.
- [*] ભારતની ફૂટબોલ ટીમના પૂર્વ કેપ્ટન સમર 'બદ્રૂ' બેનર્જી જેમણે 1956માં મેલબોર્ન ઓલિમ્પિકમાં દેશને ઐતિહાસિક ચોથા સ્થાન પર પહોંચાડ્યો તેમનું નિધન થયું.
- [*] સરકારે 'ગ્રામીણ ઉદ્યમી પરિયોજના'ના બીજા ચરણની મહારાષ્ટ્ર, રાજસ્થાન, છત્તીસગઢ, મધ્યપ્રદેશ, ઝારખંડ અને ગુજરાતમાં શરૂઆત કરી.
- [*] ચંદીગઢ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને 'શહીદ ભગતસિંહ' નામ અપાશે.
- [*] પુડુચેરીના મુખ્યમંત્રી એન. રંગાસ્વામીએ 2022-23 માટે 10,696.61 કરોડ રૂપિયાનું બજેટ રજુ કર્યું.
- [*] ફિલ્મનિર્માતા અબ્દુલ ગફ્ફાર નાડિયાડવાલાનું નિધન

GPSC Current Affairs By C.H.Shingala

# * 21 ઓગસ્ટ - 2022 *

## [*] 20 ઓગસ્ટ - અક્ષય ઊર્જા દિવસ.

→ અક્ષય ઊર્જા અથવા નવીનીકરણીય ઊર્જા દિવસ દર વર્ષે 20 ઓગસ્ટે મનાવાય છે.

→ આ દિવસનો ઉદ્દેશ્ય ભારતમાં અક્ષય ઊર્જા અપનાવવાની બાબતમાં જાગૃતતા લાવવાનો છે.

→ પુનઃ અપ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોનો ઉપયોગ કરવાના બદલે પુનઃ પ્રાપ્ય ઊર્જાના સ્ત્રોતોનો વિસ્તૃત પ્રમાણમાં ઉપયોગ થાય તે હેતુથી વર્ષ 2004માં આ દિવસ મનાવવાની શરૂઆત કરવામાં આવી છે.

## [*] રાજીવ ગાંધીની 78મી જયંતી. - 20 ઓગસ્ટ - 2022.

→ રાજીવગાંધી ભારતના 6ઠ્ઠા પ્રધાનમંત્રી હતા જેમણે 1984 થી 1989 સુધી સેવાઓ આપી.

→ તેઓ 40 વર્ષની ઉંમરે ભારતના સૌથી યુવા પ્રધાનમંત્રી બન્યા હતા.

→ ચૂંટણી પ્રચાર દરમિયાન 1991માં આત્મઘાતી હુમલામાં તેમની હત્યા કરવામાં આવી હતી.

Current Affairs By C.H Shingala

→ 1991માં ભારત સરકારે તેમને મરણોપરાંત ભારત રત્નથી સન્માનિત કર્યા હતા.

## [*] NIDAAN પ્લેટફોર્મ.

→ દેશમાં ડ્રગ વિરોધી કાયદાને લાગુ કરવા માટે સોંપાયેલ વિવિધ કેન્દ્રીય અને રાજ્ય કાર્યવાહી એજન્સીઓ દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલ ધરપકડ થયેલ માદક દ્રવ્યોના અપરાધીઓનો પ્રથમ પ્રકારનો ડેટાબેઝ તૈયાર કરાયો. જેના માટે આ પોર્ટલ વિકસાવાયું.

→ નાર્કોટિક્સ કો-ઓર્ડિનેશન મિકેનિઝમ પોર્ટલનો તે એક ભાગ છે.

→ પોર્ટલમાં કોર્ટ, પોલીસ, જેલ, ફોરેન્સિક વિજ્ઞાન પ્રયોગશાળાઓના ડેટાને ટ્રાન્સફર કરવામાં આવશે.

**[*] બ્લોકચેન પ્રણાલીથી ખેડૂતોને બીજ વિતરણ કરતું પ્રથમ રાજ્ય ઝારખંડ બન્યું.**

→ ઝારખંડ સરકારે ટેક કંપની એટલીઝેંટના સહયોગથી આ પ્રણાલી વિકસાવી.

→ આ સાથે ઝારખંડ પારદર્શક રીતે બીજ અને ખેડૂતલક્ષી યોજનાઓનું વિતરણને સરળ બનાવશે.

→ આ સિસ્ટમ બિયારણના વિતરણના પુરવઠાને ટ્રેક કરે છે.

→ ઝારખંડ CM – હેમંત સોરેન

**[*] મંકીપોક્સ પરીક્ષણની ભારતની પ્રથમ સ્વદેશી કીટ.**

→ ટ્રાંસએશિયા બાયો-મેડિકલ્સ દ્વારા અને કેન્દ્ર સરકારના મુખ્ય વૈજ્ઞાનિક સલાહકાર અજય કુમાર સૂદ દ્વારા તે લોન્ચ કરાઈ.

→ આ કીટ ભારતની સ્વદેશી રૂપથી નિર્મિત પ્રથમ RT-PCR કીટ મંકીપોક્સ માટેની છે.

→ આ કીટ મંકીપોક્સની પ્રારંભિક જાણકારી આપવા માટે સક્ષમ છે.

Current Affairs By C.H.Shingala

**[*] વિદ્યારથ-સ્કૂલ ઓન વ્હીલ્સ' પરિયોજના.**

→ આસામના મુખ્ય મંત્રી હિમંત બિસ્વા સરમાએ આ યોજના શરૂ કરી.

→ આ યોજનાનો ઉદ્દેશ્ય આર્થિક રીતે નબળા બાળકોને 10 મહિના માટે પ્રાથમિક શિક્ષણ આપવાનો છે.

→ 10 માસ બાદ તેમને પરંપરાગત શિક્ષણમાં સામેલ કરાશે.

→ યોજના હેઠળ વિદ્યાર્થીઓને મધ્યાહ્ન ભોજન, યુનિફોર્મ અને પાઠ્યપુસ્તક પુરા પડાશે.

## * 22 ઓગસ્ટ, 2022 *

### [*] L&T ગ્રીન પ્રોજેક્ટ.

→ L&T દ્વારા આલ્કલાઈન ઈલેક્ટ્રોલાઈઝર આધારિત કોમર્શિયલ ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ શરૂ કરાયો.

→ આ પ્લાન્ટ હરિત ઊર્જા પ્રત્યે પોતાની પ્રતિબદ્ધતા મજબૂત બનાવશે.

→ પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા 15,000 કિગ્રા/વર્ષ છે. જે હાઈડ્રોજન નિર્માણ માટે સૌર ઊર્જાનો ઉપયોગ કરશે.

→ આ ઉત્પાદનથી વાર્ષિક 3000 ટન ગ્રીન હાઉસ ગેસમાં ઘટાડો થશે.

→ L&T 2035 અને 2040 સુધીમાં અનુક્રમે જળ અને કાર્બન ન્યુટ્રાલિટીનાં લક્ષ્યને પહોંચી વળવા પ્રયત્નશીલ છે

### [*] ગ્રેટ પાર્લામેન્ટ એવોર્ડ...

→ ભારતની પરમાણુ સહેલી ડોક્ટર નીલમ ગોયલને નવી દિલ્હીમાં ગ્રેટ પાર્લામેન્ટ 2022થી સન્માનિત કરવામાં આવ્યા.

→ ડૉ. નીલમને દેશ અને સમાજમાં તેમના ઉત્કૃષ્ટ યોગદાન બદલ આ એવોર્ડ અપાયો.

→ આ એવોર્ડ ઈન્ટરનેશનલ હ્યુમન રાઈટ્સ એમ્બેસેડર્સ કોર્પોરેશન અને ઈન્ટરનેશનલ પ્રેસ કોર્પ એસોસિએશન દ્વારા અપાયો છે.

### [*] સ્કોટલેન્ડ સંગ્રહાલયે ભારતને સાત પ્રાચીન કલાકૃતિઓ પાછી આપવા સમજૂતી કરી.

→ સ્કોટિશ શહેર ગ્લાસગોમાં સંગ્રહાલયોએ ભારત સરકારને સાત ચોરી થયેલ કલાકૃતિઓ પાછી આપવા સમજૂતી કરી.

→ સાત પુરાતત્વીય અવશેષોમાં 14મી સદીની ઔપચારિક ઈન્ડો-ફારસી તલવાર અને કાનપુરના એક મંદિરમાંથી લેવાયેલ 11મી સદીની નક્કાશીદાર પથ્થરની ચોખટ પણ સામેલ છે.

* ક્રિપ્ટો કપમાં રમેશબાબુ પ્રજ્ઞાનંદે મેગ્નસ કાર્લસનને હાર આપી.

→ ગ્રેન્ડમાસ્ટર રમેશબાબુ પ્રજ્ઞાનંદે FTX ક્રિપ્ટો કપમાં લગાતાર ત્રણ રમત જીતીને પાંચ વખતના વિશ્વ શતરંજ ચેમ્પિયન મેગ્નસ કાર્લસનને હરાવીને ઈતિહાસ રચ્યો.

→ મે 2022માં શતરંજ માસ્ટર્સ ઓનલાઈન રેપિડ શતરંજ ટૂર્નામેન્ટમાં આ જીત મેળવી.

→ પ્રજ્ઞાનંદ, 2016માં 10 વર્ષની ઉંમરે ઈતિહાસમાં સૌથી નાની ઉંમરનો આંતરરાષ્ટ્રીય માસ્ટર બન્યો હતો.

* ભારતની પ્રથમ શિક્ષા ટાઉનશીપ

→ ઉત્તર પ્રદેશ સરકારે રાજ્યમાં શિક્ષાક્ષેત્ર માટે આ ટાઉનશીપ શરૂ કરી.

→ આ ટાઉનશીપ 'સિંગલ એન્ટ્રી, મલ્ટિપલ ઓબ્જેક્ટ'ના વિચાર પર વિકસિત કરવામાં આવશે.

→ આ ટાઉનશીપ યુવાનોને ઉચ્ચ ગુણવત્તાવાળી શિક્ષા પ્રદાન કરશે, અને એક જ સ્થળે અલગ અલગ પ્રકારના કોર્ષ મળશે.

→ ઉપરાંત અહિં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે રહેઠાણની સુવિધા પણ આપાશે.

* અંતિમ પંઘાલને U-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપમાં ગોલ્ડ મળ્યો.

→ 17 વર્ષીય પહેલવાન, અંતિમ પંઘાલે બલ્ગેરિયાના સોફિયા ખાતે આ મેડલ જીતનાર પ્રથમ ભારતીય મહિલા પહેલવાન બની.

→ તેમણે મહિલાઓના 53 kg વર્ગમાં ફાઈનલમાં કઝાકિસ્તાનની એટલિન શગાયેવાને 8-0થી હાર આપી.

→ અંતિમ હરિયાણાના હિસારની રહેવાસી છે.

→ અંડર-20 વિશ્વ કુશ્તી ચેમ્પિયનશિપની આ 2022માં 45મી આવૃત્તિ હતી.

## * કરન્ટ ઈન શોર્ટ *

- (*) યૂટ્યૂબ ચેનલ સ્ટોરના નામથી ટૂંક સમયમાં પોતાનો ઓનલાઈન સ્ટોર શરૂ કરશે.
- (*) VLC મીડિયા પ્લેયર ભારતમાં બેન (બંધ) કરવામાં આવ્યું. આ પ્રતિબંધ IT અધિનિયમ, 2000 હેઠળ મૂકવામાં આવ્યો.
- (*) Facebook મેસેન્જરમાં પણ Whatsappની માફક End to End Encryption ફીચર મૂકવામાં આવશે.
- (*) વિજય શેખર શર્મા ફરીથી પેટીએમના મેનેજિંગ ડાયરેક્ટર અને CEO નિયુક્ત કરાયા.
- (*) BIMSTEC મહાસચિવ તેનજિન લેકફેલ ભારતના મુલાકાતે

— * — * — 23/4

## * કરન્ટ ઈન શોર્ટ *

- (*) ભારતીય પેરા શટલર પ્રમોદ ભગત અને સુકાંત કદમને પટાયામાં આયોજિત થાઈલેન્ડ પેરાબેડમિન્ટન ઈન્ટરનેશનલ ટૂર્નામેન્ટમાં ગોલ્ડ મેડલ મળ્યા.
- (*) U-18 ચેમ્પિયનશિપમાં ભારતીય પુરુષ વોલીબોલ ટીમે કોરિયાને 3-2 થી હરાવી બ્રોન્ઝ મેળવ્યો. સેમીફાઈનલમાં ઈરાન અને ફાઈનલમાં જાપાને જીત મેળવી.
- (*) અમેરિકાની ઈનસાઈડર ઓનલાઈન પત્રિકા માટે કામ કરનાર બાંગ્લાદેશની ફહમીદા અઝીમને 2022નો પુલિત્ઝર પુરસ્કાર અપાયો. તેમને ઈલસ્ટ્રેટેડ રિપોર્ટિંગ એન્ડ કમેન્ટ્રી શ્રેણીમાં આ પુરસ્કાર અપાયો.
- (*) ગરબાને UNESCOની યાદીમાં સામેલ કરવા નામાંકન કર્યું.
- (*) ભારતની સૌથી મોટી પામ તેલ પ્રોસેસર ગોદરેજ એગ્રોવેટે આસામ, ત્રિપુરા, મણિપુર રાજ્ય સાથે સમજૂતી કરી.
- (*) IREDA એ નવીનીકરણીય ઊર્જા માટે MAHAPREIT (મહાત્મા ફુલે રિન્યૂએબલ એનર્જી એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ટેકનોલોજી લિમિટેડ) સાથે સમજૂતી કરી.

*** 23 - ઓગષ્ટ - 2022 ***

[*] 300 ગ્રામીણ ઔદ્યોગિક પાર્કની સ્થાપના.

→ છત્તીસગઢ સરકાર ગ્રામીણ અર્થવ્યવસ્થાને વેગ આપવા અને મજબૂત કરવા માટે રાજ્યમાં 300 ગ્રામીણ ઔદ્યોગિક પાર્કની સ્થાપના કરશે.

→ આ યોજના 2 ઓક્ટો. 2022 ગાંધી જયંતીના અવસરે અમલમાં મુકાશે.

→ આ પાર્કની સ્થાપનાનો ઉદ્દેશ્ય ગ્રામીણ ગરીબ પરિવારો માટે નિશ્ચિત આવકનો સ્ત્રોત બનાવવાનો છે.

→ છત્તીસગઢના મુખ્યમંત્રી = ભૂપેશ બઘેલ ; રાજધાની - રાયપુર

[*] ગ્રીસ યુરોપિયન યુનિયનના અર્થતંત્રના ઉન્નત સર્વેલન્સ ફ્રેમવર્કમાંથી બહાર નિકળ્યું.

→ 2010 અને 2015 વચ્ચે યુરોપિયન યુનિયન અને IMF તરફથી - કુલ 260 બિલિયન યુરો તથા આંતરરાષ્ટ્રીય બેલઆઉટ હેઠળ વચન આપેલા સુધારાને અમલમાં મુકયા તેની ખાતરી કરવા માટે 2018 થી ગ્રીસની આર્થિક કામગીરી અને નીતીઓનુ ફ્રેમવર્ક હેઠળ નજીકથી નિરીક્ષણ કરવામાં આવ્યું.

→ આ સર્વેલન્સમાંથી બહાર નિકળવાને લીધે ગ્રીસને પોતાની આર્થિક પસંદગીઓમાં છૂટછાટ મળશે.

→ બેલઆઉટના કારણે ગ્રીસમાં પેન્શન કાપ, ખર્ચની મર્યાદા, ટેક્સમાં વધારો જેવા પરીબળોને કારણે અર્થતંત્રમાં 25% નો ઘટાડો થયો હતો.

→ સર્વેલન્સ ફ્રેમવર્કનો હેતુ આર્થિક મુશ્કેલીના સંભવિત સ્ત્રોતોને પહોંચી વળવા અને ટકાઉ આર્થિક વિકાસને ટેકો આપવા માટે માળખાકીય સુધારાના પગલાંને સતત અપનાવવાની ખાતરી કરવાની છે.

→ ગ્રીસના પ્રધાનમંત્રી - ક્યારીકોસ મિત્સોતાકિસ

→ રાજધાની - એથેન્સ

☒ IIT ગુવાહાટીએ 'ઝાયલિટોલ'ના ઉત્પાદનની નવી પદ્ધતિ વિકસાવી.

→ IIT ગુવાહાટીના સંશોધકોએ શેરડીના પિલાણ પછી બાકી રહેલા અવશેષો માંથી 'ઝાયલિટોલ' નામના ખાંડના વિકલ્પને બનાવવા માટે અલ્ટ્રાસાઉન્ડ-સહાયિત આથો બનાવવાની પદ્ધતિ વિકસાવી.

→ આ સંશોધન બાયોરિસોર્સ ટેકનોલોજી અને અલ્ટ્રાસોનિક્સ સોનોકેમિસ્ટ્રી જર્નલમાં પ્રકાશિત થયું.

→ ખાંડની માંગ માત્ર ડાયાબિટીસના દર્દીઓ માટે જ નહીં પરંતુ સામાન્ય સ્વાસ્થ્ય માટે પણ પ્રતિકૂળ અસરોના તેના પ્રભાવ સાથે ભારતને બચાવવા આ સંશોધન કરાયું.

→ ઝાયલિટોલ, કુદરતી ઉત્પાદનોમાંથી મેળવવામાં આવેલ ખાંડનો આલ્કોહોલ એન્ટિ-ડાયાબિટીક અને એન્ટિ-ઓબેસોજેનિક અસરો માટે ઉપયોગી છે.

→ સામાન્ય રીતે ઝાયલિટોલ લાકડામાંથી મેળવેલ ડી-ઝાયલોઝને નિકલ ઉત્પ્રેરક સાથે ખૂબ ઊંચા તાપમાને અને દબાણે પ્રક્રિયા કરી બનાવવામાં આવે છે જેમાં ખૂબ જ વધુ ઊર્જાનો ઉપયોગ થાય છે અને માત્ર 8 થી 15% ઝાયલોઝ ઝાયલીટોલમાં રૂપાંતરિત થાય છે.

→ જ્યારે શેરડીના રસમાંથી બનાવાયેલો આ ઝાયલિટોલ સંશ્લેષણ પદ્ધતિઓની ખામી મર્યાદા ઘટાડે છે અને તેમાં થતાં અલ્ટ્રાસાઉન્ડ તરંગોના ઉપયોગ સૂક્ષ્મજીવાણુઓની મદદથી સંશ્લેષણ ઝડપી બનાવે છે.

☒ સિલ્ક માર્ક એક્સપો - નવી દિલ્હી.

→ કેન્દ્રીય મંત્રી દર્શના જરદોશે નવી દિલ્હી ખાતે આ એક્સપોનું ઉદ્ઘાટન કર્યું.

→ આ આયોજન કેન્દ્રીય રેશમ બોર્ડ, વસ્ત્ર મંત્રાલય હેઠળ ભારતના સિલ્ક માર્ક સંગઠન દ્વારા કરવામાં આવ્યું.

→ એક્સપોમાં 12 રાજ્યોના 39 પ્રદર્શકો ભાગ લેશે.

→ આ એક્સપોનો ઉદ્દેશ્ય રેશમ નિર્માતાઓ અને તેની સાથે જોડાયેલાઓના રક્ષણનો છે.

☒ અબ્દુલાય માઇગા માલીના અંતરિમ પ્રધાનમંત્રી નિયુક્ત.

→ માલીના પ્રધાનમંત્રી ચોગુએલ કોકલ્લા માઇગા બીમારીના કારણે હોસ્પિટલમાં દાખલ થયા બાદ માલીની સેનાએ કર્નલ અબ્દુલાયની અંતરિમ પ્રધાનમંત્રી તરીકે નિયુક્તિ કરી.

→ તેઓ સરકારના પ્રવક્તા અને પ્રાદેશિક મંત્રી તરીકે કાર્યરત હતા.

→ ચોગુએલ ઓગસ્ટ 2020માં પ્રમુખ તરીકે નિયુક્ત થયા હતા.

*** 24 ઓગસ્ટ- 2022 ***

(કોક્સસેકી વાયરસ A16 ના કારણે થાય.
[*] ટોમેટો ફ્લૂ. (કોક્સસેકી વાયરસ A16 ના કારણે થાય.) 'ટોમેટો ફ્લૂ' જોવા મળ્યો.
→ તાજેતરમાં ભારતમાં એક નવો વાયરસ ... 5 વર્ષથી નીચેના
→ આ વાઇરસથી 10 વર્ષથી નીચેના 26 અને
82 બાળકો સંક્રમિત થયા છે.
→ ટોમેટો ફ્લૂના સંક્રમણમાં ચામડી પર લાલ છાલા, સાંધાઓમાં
દુઃખાવો જેવા લક્ષણો જોવા મળે છે.
→ ભારતમાં કેરળના કોલ્લમ, આર્યનકાવું, આંચલ અને કારણમાં
આ ફ્લૂના કેસ નોંધાયા છે.
→ વાયરસ ચેપના કારણે ફેલાય છે તથા હાલ તેને કાબૂમાં લેવા માટે
કોઈ જ દવા ઉપલબ્ધ નથી.
→ આ રોગ જીવલેણ ન હોવાની પણ માહિતી આરોગ્ય વિભાગે આપી છે.

[*] VL-SRSAM મિસાઈલ સિસ્ટમનું સફળ પરિક્ષણ.
→ DRDO અને ભારતીય નૌસેના દ્વારા વર્ટિકલ લોન્ચ - શોર્ટ રેન્જ
સરફેસ-ટુ-એર મિસાઈલ (VL-SRSAM) નું સફળતાપૂર્વક
પરીક્ષણ કર્યું.
→ આ પરીક્ષણ ઓડિશાના ચાંદીપુર ખાતે કરવામાં આવ્યું.
→ આ મિસાઈલ DRDO એ સ્વદેશી રૂપથી નજીકની સીમા વિસ્તારને
અવકાશી જોખમોને બેઅસર કરવાના ઉદ્દેશથી બનાવી છે.

[*] ભારત, શ્રીલંકામાંથી લાંબી આંગળીઓવાળા ચામાચિડીયા (ચમકાદડ)
-ની નવી પ્રજાતિ શોધાઈ.
→ ચામાચિડીયાની મળેલી આ નવી પ્રજાતિને 'મિનિઓપ્ટેરસ
ફિલિપ્સી' નામ અપાયું છે.
→ આ ચામાચિડીયા વિશ્વભરમાં લગભગ 40 પ્રજાતિઓના એક
મોટા સમૂહનો હિસ્સો છે.
→ આ અગાઉ મેઘાલયમાંથી મોટા અંગૂઠાવાળા ચામાચિડીયાની
પ્રજાતિ 'ગ્લિસ્કોપસ મેઘાલયાનસ'ની શોધ થઈ હતી.

→ નવી મળેલી પ્રજાતિનું નામકરણ શ્રીલંકા અને દક્ષિણ એશિયાના
સસ્તન પ્રાણીઓ પરના અભ્યાસમાં તેમના યોગદાનને માન્યતા
આપવા જાણીતા પ્રાણીશાસ્ત્રી ડબલ્યુ ડબલ્યુ એ ફિલિપ્સ (1892-1981)
પરથી અપાયું છે.

→ આ નવી પ્રજાતિ અંગેનું સંશોધન 2019માં શ્રીલંકામાં શરૂ કરાયું હતું.
આ પ્રજાતિના નમૂના શ્રીલંકાના ઉવા પ્રાંતની ઈદુલગાશિંનના
ગુફામાંથી એકત્ર કરી નેચરલ હિસ્ટ્રી મ્યુઝિયમમાં જમા કરાયા છે.
→ ભારતમાં આ પ્રજાતિ પશ્ચિમઘાટના મહાબળેશ્વરમાં રોબરની ગુફામાંથી
મળી આવી છે.

## [*] ઈન્ડિયા ક્લીન એર સમિટ- 2022.

→ ઈન્ડિયા ક્લીન એર સમિટ (ICAS) ની ચોથી આવૃત્તિ બેંગલુરુ ખાતે આયોજીત કરવામાં આવી.

→ આ આયોજન સેન્ટર ફોર એર પોલ્યુશન સ્ટડીઝ અને સેન્ટર ફોર સ્ટડી ઓફ સાયન્સ, ટેકનોલોજી એન્ડ પોલીસી દ્વારા કરવામાં આવ્યું.

→ ચાર દિવસીય આ સંમેલનમાં વૈશ્વિક વિશેષજ્ઞો વાયુ પ્રદૂષણ અને જળવાયુ પરિવર્તનને હલ કરવા અંગેના ઉપાયોની ચર્ચા કરશે.

→ આ સમિટની 2022 ની થીમ - 'ધ રાઈટ ટુ લાઈફ : મિટિગેશન એન્ડ ધ સેન્ટર ઓફ સાયન્સ.'

## [*] 23 ઓગસ્ટ- Internaut Day (ઈન્ટરનોટ દિવસ)

→ વર્લ્ડ વાઈડ વેબની શોધને ચિહ્નિત કરવા આ દિવસ ઉજવાય છે.

→ ઈન્ટરનોટ એ એ વ્યક્તિ છે જે ઈન્ટરનેટ અને તેના ઈતિહાસનો ઉપયોગ કેવી રીતે કરવો તેની સંપૂર્ણ જાણકારી ધરાવે છે.

→ 23 ઓગસ્ટ, 1991 ના રોજ ટીમ બર્નર્સ લી દ્વારા WWW ની મદદથી વિશ્વ માટે ઈન્ટરનેટનું માધ્યમ ખોલવામાં આવ્યું હતું.

## [*] UDAN યોજનાનાં 5 વર્ષ પૂર્ણ.

→ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ 27 એપ્રિલ 2017 ના રોજ UDAN (ઉડે દેશ કા આમ નાગરિક) હેઠળ પ્રથમ ફ્લાઈટ શરૂ કરી હતી.

→ આ યોજનાનો હેતુ નાના અને મધ્યમ શહેરોને હવાઈ સેવા દ્વારા મોટા શહેરો સાથે જોડવાનો છે.

→ અત્યાર સુધીમાં 58 એરપોર્ટ, 8 હેલીપોર્ટ, 2 વોટર એરોડ્રામ સહિત UDAN હેઠળ 66 અંડરસર્વિડ અથવા બિન સર્વિડ સ્થળો જોડાયા.

→ UDAN હેઠળ 156 એરપોર્ટને જોડતા 954 રૂટ પૂરા પડાયા.

→ યોજનાના ક્રમિક પાંચ તબક્કા.

(1.) UDAN 1.0 = 36 નવા એરપોર્ટ કાર્યરત થયા.

(2) UDAN 2.0 = પ્રથમ વાર હેલિપેડ ઉમેરવામાં આવ્યું.

(3) UDAN 3.0 = પ્રવાસી માર્ગો, પાણીના એરોડ્રામને જોડવા સી પ્લેન અને ઉત્તર-પૂર્વના ક્ષેત્રોમાં UDAN યોજના લાગૂ કરાય.

(4) UDAN 4.0 = 2020 માં 78 નવા રૂટ મંજૂર થયા.

(5) UDAN 4.1 = UDAN હેઠળ નાના એરપોર્ટ ને ખાસ હેલીકોપ્ટર અને સી-પ્લેન રૂટને જોડાયા.

[*] વિશ્વ જળ સપ્તાહ - 23 ઓગસ્ટ થી 1 સપ્ટેમ્બર 2022

→ વિશ્વ જળ સપ્તાહ 1991 થી SIWI - સ્ટોકહોમ ઈન્ટરનેશનલ વોટર ઈન્સ્ટિટ્યૂટ દ્વારા વૈશ્વિક જળ સમસ્યાઓ અને આંતરરાષ્ટ્રીય વિકાસ સંબંધિત બાબતો સંબોધવા માટે આયોજિત વાર્ષિક ઈવેન્ટ છે.

→ 2022 ની વિશ્વ જળ સપ્તાહની થીમ - Seeing The Unseen: The Value of Water.

→ આ થીમ હેઠળ લોકો એ પાણીનું મૂલ્ય, પ્રકૃતિ અને આબોહવા પરિવર્તન માટે પાણીનું મૂલ્ય, પાણીનું સામાજિક અને આર્થિક મૂલ્ય સમજાવવા પ્રયાસો કરાશે.

[*] ભારતનો પ્રથમ સંપૂર્ણ 'કાર્યાત્મક રીતે સાક્ષર' જિલ્લો - મંડલા.

→ મંડલા એ મધ્યપ્રદેશનો આદિવાસી પ્રભુત્વ ધરાવતો જિલ્લો છે.

→ વર્ષ 2020ના અનુમાનાનુસાર આ જિલ્લામાં 2.25 લાખથી વધુ લોકો સાક્ષર ન હતા. જેના કારણે તેઓ સાથે છેતરપીંડી થવાના બનાવોની ફરિયાદ વધતી હતી.

→ શાળા શિક્ષણ વિભાગ, આંગણવાડી અને મહિલા બાળ વિકાસ વિભાગની સહાયતાથી લોકોને સાક્ષર બનાવવા શરૂ કરાયેલા અભિયાનમાં તમામ લોકો લખતાં, વાંચતા અને ગણતાં થતા સમગ્ર જિલ્લો સાક્ષર બની ગયો.

---

Current Affairs By C.H Shingala

# ⊘ કરન્ટ ઈન શોર્ટ ⊘

- [*] રાજેશ વર્મા રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુના સચિવ નિયુક્ત થયા.
- [*] તાશ્કંદ ખાતેની SCO રક્ષામંત્રીની બેઠકમાં રાજનાથ સિંહ હાજરી આપશે.
- [*] નાવિકોની સરળ અવરજવરના હેતુથી ભારત અને ઈરાન વચ્ચે સમજૂતી થઈ.
- [*] નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈમ્યૂનોલોજી (NII)ના નિર્દેશક તરીકે દેબાશીષ મોહંતીની નિમણૂંક થઈ.
- [*] આંતરરાષ્ટ્રીય ખગોળ વિજ્ઞાન અને ખગોળ ભૌતિકી ઓલિમ્પિયાડમાં ભારત ત્રણ ગોલ્ડ અને બે સિલ્વર સાથે ત્રીજા સ્થાને. પાંચ ગોલ્ડ સાથે ઈરાન પ્રથમ સ્થાને છે. સિંગાપુર પણ ભારતની સાથે ત્રીજા સ્થાને છે.
- [*] કેન્દ્ર સરકારે વિવિધ પુરસ્કારો માટે વ્યક્તિ/સંગઠનોને નામાંકિત કરવા માટે 'રાષ્ટ્રીય પુરસ્કાર પોર્ટલ' લોન્ચ કર્યું.
- [*] 1992 બેચના વિક્રમ દોરાઈસ્વામી UKમાં ભારતના આગામી રાજદૂત નિયુક્ત.
- [*] તમામ 23 AIIMSના નામ સ્થાનિક મહાનુભવ, સ્વતંત્રતા સેનાની, ઐતિહાસિક ઘટનાઓના સ્મારકોના નામ પરથી રાખવાનો પ્રસ્તાવ મંજૂર કરાયો.
- [*] રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના શ્રમ મંત્રીઓનું રાષ્ટ્રીય સંમેલન આંધ્રપ્રદેશ ખાતે આયોજિત થશે.
- [*] તમિલનાડુના CM એમ. કે. સ્ટાલિને 'તમિલનાડુ ફૂટવેર અને ચર્મ ઉત્પાદન નીતિ 2022' અનાવરણિત કરી.
- [*] ઝારખંડ સરકાર 'શિવનિંગ મારંગ ગોમકે જયપાલ સિંહ મુંડા શિષ્યવૃત્તિ' આપવા માટે બ્રિટન સાથે સમજૂતી કરી. ભારતમાં બ્રિટનના ઉચ્ચાયુક્ત (રાજદૂત) - એલિક્સ એલિસ.
- [*] વિદેશમંત્રી એસ. જયશંકરે પરાગ્વે ખાતે ભારતીય દૂતાવાસનું ઉદ્ઘાટન કર્યું. ભારત અને પરાગ્વે બંનેના રાજનાયિક સંબંધોના 60 વર્ષની ઉજવણી કરી રહ્યું છે.
- [*] રાજીવગાંધીની જન્મ જયંતિ (20 ઓગસ્ટ) સદ્ભાવના દિવસ તરીકે ઉજવવામાં આવી.
- [*] ભારત રશિયા પાસેથી 2220 kmphની ઝડપ ધરાવતા Tu-160 બોમ્બર વિમાન ખરીદશે.
- [*] મનીષા કલ્યાણ UEFAમાં રમનાર પ્રથમ ભારતીય મહિલા.

# *25 ઓગસ્ટ - 2022*

(*) 'ન્યૂ ઈન્ડિયા : સિલેક્ટેડ રાઈટિંગ્સ 2014-19' બુકનું વિમોચન.

→ પૂર્વ ઉપરાષ્ટ્રપતિ એમ. વેંકૈયા નાયડુએ આ બુકનું વિમોચન કર્યું.

→ પૂર્વ કેન્દ્રીય મંત્રી અને પદ્મવિભૂષણ અરુણ જેટલીના પસંદ કરાયેલા લેખોનું સંકલન આ બુકમાં કરવામાં આવ્યું છે.

→ અરુણ જેટલીએ 2014 થી 2019 સુધી ભારત સરકારમાં નાણાં અને કોર્પોરેટ બાબતના મંત્રી તરીકે કાર્ય કર્યું હતું.

(*) દક્ષિણ કોરિયાએ વિશ્વના સૌથી ઓછા પ્રજનન દરનો રેકોર્ડ તોડ્યો.

→ 2021ના આંકડાઓ અનુસાર, કોરિયામાં મહિલાઓ જીવનકાળ દરમિયાન પ્રતિ મહિલા હિસાબ આપાતા બાળ જન્મની સંખ્યા 0.84 થી ઘટીને 0.81 થઈ.

→ 2021માં નવજાત શિશુઓની સંખ્યા ઘટીને 2,60,600 થઈ જે કુલ જનસંખ્યાના 0.5%. બરાબર છે.

(*) 24 ઓગસ્ટ - યૂક્રેન સ્વતંત્રતા દિવસ

→ 1991ની સ્વતંત્રતા અહેરાતની યાદમાં આ દિવસ મનાવાય છે.

→ રશિયા બાદ યૂક્રેન બીજા નંબરનો મોટો યુરોપીય દેશ છે.

→ 1990ના દશકામાં સોવિયેત સંઘના ભંગાણ બાદ 16 જુલાઈ 1990 ના રોજ યૂક્રેની સરકારે રાજ્યની સંપ્રભુતાની ઘોષણા કરી.

→ અમેરિકી રા. પતિ જો બાઈડને આ દિવસે કીવને 2.98 અરબ ડોલર સૈન્ય સહાય આપવાની જાહેરાત કરી છે.

(*) 'આઝાદી ક્વેસ્ટ ઓનલાઈન શૈક્ષિક મોબાઈલ ગેમ'

→ સૂચના અને પ્રસારણ મંત્રી અનુરાગ ઠાકુરે ભારતના સ્વતંત્રતા સંગ્રામ પર આધારિત ઓનલાઈન શૈક્ષિક ખેલોની શ્રેણીનો શુભારંભ કર્યો.

→ પ્રસારણ મંત્રાલયે ઝિંગા ઈન્ડિયાના સહયોગથી આ ગેમ વિકસાવી છે.

→ આ ગેમનો ઉદ્દેશ્ય ભારતના સ્વતંત્રતા સંગ્રામના મુખ્ય પડકારોને ઉજાગર કરવાનો અને ડિજીટલ શિક્ષાનો અનુભવને પ્રોત્સાહિત કરવાનો છે.

(*) યુક્રેનના રાષ્ટ્રપતિ વ્લાદિમીર ઝેલેન્સ્કીને લિબર્ટી મેડલ.

→ ઝેલેન્સ્કીને રશિયાના આક્રમણના પ્રત્યુત્તર આપવા માટેના નેતૃત્વ બદલ આ મેડલ આપવામાં આવ્યો.

→ લિબર્ટી મેડલ, 1988માં સ્થાપિત સ્વતંત્રતાની ખોજ માં અમેરિકાના નેતૃત્વને માન્યતા આપવા માટે એક વાર્ષિક પુરસ્કાર રાષ્ટ્રીય સંવિધાન કેન્દ્ર દ્વારા પ્રશાસિત છે

---

## કરન્ટ ઇન શોર્ટ

- (*) ગૂગલે ભારતમાં 1,00,000 ડેવલપર્સ માટેની કાર્યક્રમની ઘોષણા કરી.
- (*) ડ્રીમસેટગો એ સૌરવ ગાંગુલીને બ્રાન્ડ એમ્બેસેડર નિયુક્ત કર્યા
- (*) VVS લક્ષ્મણ એશિયા કપ 2022ના અંતરિમ મુખ્ય કોચ નિયુક્ત,
- (*) વિશ્વ U-20 કુશ્તી ચેમ્પિયનશિપ 2022માં ભારતે 1 ગોલ્ડ, 4 સિલ્વર, 11 બ્રોન્ઝ સાથે 16 મેડલ જીત્યા.
- (*) થાઇલેન્ડ કોર્ટે પ્રધાનમંત્રી પ્રયુત ચાન-ઓ-ચાને દૂર કર્યા.
- (*) ભારતની અમૂર્ત સાંસ્કૃતિક વિરાસતને વિકસાવવા માટે તથા તેની રક્ષા કરવા માટે રોયલ એનફિલ્ડે UNESCO સાથે ભાગીદારી કરી.
- (*) પ્રધાનમંત્રી મોદીએ મોહાલીમાં હોમી ભાભા કેન્સર હોસ્પિટલનું ઉદ્ઘાટન કર્યું.
- (*) સરકારે NDDBના અધ્યક્ષ મીનેશ શાહનો કાર્યકાળ 6 મહિના વધાર્યો.

GPSC Current Affairs by C.H.Bhingola

## * 26 ઓગસ્ટ 2022 *

### [*] DRDOના પ્રમુખ તરીકે સમીર વી. કામતની નિયુક્તિ.

→ પ્રતિષ્ઠિત વૈજ્ઞાનિક ડૉ. સમીર કામત DRDOના આગામી અધ્યક્ષ બનશે.

→ ડૉ. કામત ડૉ. જી. સતીશ રેડ્ડીનું સ્થાન લેશે જેઓને રક્ષામંત્રીના વૈજ્ઞાનિક સલાહકાર તરીકે નિયુક્ત કરાયા છે.

→ આ અગાઉ ડૉ. કામત DRDOમાં નેવલ સિસ્ટમ્સ એન્ડ મેટેરિયલ્સના નિર્દેશક હતા.

→ DRDOની સ્થાપના - 1958 તથા મુખ્યાલય - નવી દિલ્હી.

### [*] 26 ઓગસ્ટ - આંતરરાષ્ટ્રીય ડૉગ દિવસ.

→ પ્રથમવાર 2004માં પશુ કલ્યાણ કાર્યકર્તા અને પાલતુ જાનવરની જીવન શૈલી વિશેષજ્ઞ કોલીન પેજ દ્વારા આ દિવસ મનાવાયો હતો.

→ 26 ઓગસ્ટ એ માટે પસંદ કરાયો કેમકે પેજના પરિવારે સ્થાનિક પશુ આશ્રમથી એક કૂતરો 'શેલ્ટી' દત્તક લીધો હતો.

→ પેજ રાષ્ટ્રીય વન્યજીવ દિવસની પણ સંસ્થાપક છે

### [*] યૂનેસ્કો શાંતિ પુરસ્કાર - 2022

→ પૂર્વ જર્મન ચાન્સેલર એંજેલા મર્કેલને 'શરણાર્થીઓનો સ્વીકાર કરવાના પ્રયાસો' માટે વર્ષ 2022નો યૂનેસ્કો શાંતિ પુરસ્કાર આપવામાં આવ્યો.

→ 2015માં મર્કેલે જર્મનીમાં 1.2 મિલિયનથી વધુ શરણાર્થીઓને આશ્રય આપ્યો હતો.

→ આ પુરસ્કાર ફેલિક્સ હૌફૌટ-બોઈગ્ની-UNESCO શાંતિ પુરસ્કારથી પણ ઓળખાય છે. 1989થી દર વર્ષે આ પુરસ્કાર આપવામાં આવે છે

### [*] 31મું વ્યાસ સન્માન.

→ હિંદીના જાણીતા લેખક ડૉ. અસગર વજાહત ને આ સન્માન આપવામાં આવ્યું.

→ તેમના નાટક 'મહાબલી', જે મુગલ સમ્રાટ અકબર અને કવિ તુલસીદાસ પર કેન્દ્રિત છે તેમના માટે આ પુરસ્કાર અપાયો.

→ વ્યાસ સન્માન હિંદી સાહિત્યિક પુરસ્કાર છે જે 1991થી કે. કે. બિરલા ફાઉન્ડેશન દ્વારા 4 લાખ રૂ.ની રકમ સાથે અપાય છે.

→ 'ભારતની પ્રાચીન ભાષા પરિવાર અને હિંદી' માટે રામવિલાસ શર્માને આ એવોર્ડ પ્રથમવાર અપાયો હતો.

## (*) ભારતનું રોજગાર સંકટ.

→ તાજેતરમાં હાયેલા અભ્યાસ મુજબ કૃષિ હાલમાં સૌથી ઓછા લોકોને રોજગારી આપે છે.

→ ખેતી છોડી રહેલા લોકો ફેક્ટરીઓ કરતાં બાંધકામ અને અસંગઠિત ક્ષેત્રની રોજગારીમાં વધુ જોડાય છે.

→ વર્ષ 1993-94 માં કૃષિ એ દેશના રોજગારી મેળવતા શ્રમ દળમાં લગભગ 62% હિસ્સો ધરાવતા હતા.

→ રાષ્ટ્રીય આંકડાકીય કચેરીના સામયિક લેબર ફોર્સના સર્વેના ડેટા મુજબ વર્ષ 2004-05 સુધીમાં લગભગ 6% અને તે પછીના સાત વર્ષમાં તે 9% ઘટી.

→ વર્ષ 2018-19માં આ હિસ્સો ઘટીને 41.4% થયો. અને માથાદીઠ GDP સ્તર અનુસાર, ભારતના કૃષિ ક્ષેત્રમાં કુલ કર્મચારી 33-34% જ કાર્યરત હોવાની માહિતી આ સર્વેમાં જોવા મળી.

→ ભારતમાં 2020-21માં કૃષિ ક્ષેત્રે કાર્યરત લોકોનો હિસ્સો વધીને 44-45% થવા પામ્યો જે છેલ્લા બે વર્ષમાં બદલાયેલું વલણ દર્શાવે છે.

→ હાલ ભારતની ટોચની પાંચ આઈટી કંપની ટાટા કન્સલ્ટન્સી સર્વિસીસ, ઈન્ફોસીસ, વિપ્રો, એચસીએલ ટેકનોલોજીસ અને ટેક મહિન્દ્રામાં સંયુક્ત કર્મચારીઓની સંખ્યા 2020-22 વચ્ચે વધીને 55 લાખ થઈ. જેની સફળતા પાછળનું કારણ નિકાસ માનવામાં આવે છે

• <u>બેરોજગારી કાબૂમાં લેવાના પગલાં</u> •

– ખેતી ક્ષેત્રના કામદારોને કૌશલ્ય પ્રશિક્ષણ આપવું.

– પ્રશિક્ષણ માટે સરકારે યોજનાઓને પ્રાથમિકતા આપવી.

– કૃષિ ક્ષેત્રના પ્રશિક્ષિત કામદારોને અન્ય રોજગારના ક્ષેત્રો શોધવામાં મદદ કરવી.

– ભારતમાં ફૂડ પ્રોસેસિંગ, ચામડા અને ફૂટવેર, લાકડાના ઉત્પાદો અને ફર્નિચર, વસ્ત્ર ક્ષેત્રના ઉદ્યોગોમાં રોજગારી ઉત્પન્ન કરવા માટે વિશેષ પેકેજ આપવું.

– ગ્રામીણ વિસ્તારનો વિકાસ કરવો જેનાથી ગ્રામીણ લોકોનું શહેરી સ્થળાંતરણ ઘટે અને તેનાથી શહેરી વિસ્તારમાં રોજગારનું દબાણ ઘટે.

• બેરોજગારીના પ્રકાર•

① છૂપી (પ્રચ્છન્ન) બેકારી :-
- એવી પરિસ્થિતિ જેમાં વાસ્તવમાં જરૂરિયાત કરતા વધુ લોકોને રોજગારી આપવામાં આવી. જે મુખ્યત્વે ભારતના કૃષિ અને અસંગઠિત ક્ષેત્રોમાં જોવા મળે છે.

② મોસમી બેકારી :-
- આ બેરોજગારી વર્ષની અમુક સીઝન દરમિયાન જોવા મળે છે. ભારતમાં ખેતમજૂરો પાસે સમગ્ર વર્ષના અમુક સમય દરમિયાન ખૂબ જ ઓછું કામ હોય છે તે મોસમી બેરોજગારી.

③ માળખાકીય (સંરચનાત્મક) બેકારી :-
- આ બેરોજગારી બજારમાં ઉપલબ્ધ નોકરીઓ અને કામદારોના કૌશલ્ય વચ્ચે અસંતુલનના કારણે ઉત્પન્ન થાય.

④ ચક્રીય બેરોજગારી :-
- જ્યાં મંદી દરમિયાન બેરોજગારી વધે અને આર્થિક વૃદ્ધિ ઘટે તે ચક્રીય બેરોજગારી.

⑤ ટેકનિકલ બેરોજગારી :-
- ટેકનોલોજીમાં થતાં ફેરફારના કારણે રોજગારમાં થતો ઘટાડો.

⑥ ઘર્ષણયુક્ત બેરોજગારી :-
- એવી બેરોજગારી જ્યારે વ્યક્તિ નવી નોકરી શોધી રહી હોય અથવા નોકરી બદલતી હોય. તે નોકરીઓ વચ્ચેની સમય ગાળાનું અંતર એટલે ઘર્ષણયુક્ત બેરોજગારી.

⑦ નબળી (મુલાયમ) બેરોજગારી :-
- લોકો યોગ્ય નોકરી કોન્ટ્રાક્ટ વિના અનૌપચારિક રીતે કામ કરી રહ્યા છે અને તેમને કોઈપણ કાનૂની રક્ષણ મળતું ન હોય. અને આવા વ્યક્તિના કામની ક્યારેય નોંધ લેવામાં આવતી ન હોય.

⑧ અલ્પ બેરોજગારી :-
- વ્યક્તિને કામ તો મળે છે પરંતુ તેની જરૂરિયાત કે ક્ષમતા કરતાં ઓછું.

⑦ શિક્ષિત બેરોજગારી :-
- ઓછામાં ઓછું માધ્યમિક શિક્ષણ મેળવ્યું હોય છતાં બેરોજગાર હોય તે પ્રકારની બેરોજગારી.

⑩ ખુલ્લી બેરોજગારી :-
- કામકાજ વગર પડી રહેનાર શ્રમિકને ખુલ્લી બેરોજગારી કહેવાય. શિક્ષિત તથા સાધારણ બેરોજગારીનો તેમાં સમાવેશ થાય છે.

## ⊛ કરન્ટ ઈન શોર્ટ ⊛

- ⊛ દાહોદમાં આવેલા ઈન્ટિગ્રેટેડ કમાન્ડ કન્ટ્રોલ સેન્ટર (ICCC)ને આઈજીબીસી ગ્રીન બિલ્ડિંગ રેટિંગ સિસ્ટમ હેઠળ ગ્રીન બિલ્ડિંગ સ્ટાન્ડર્ડ માટે 'ગોલ્ડ સર્ટિફિકેટ' અપાયું.
- ⊛ ટીમલીઝ ડિગ્રી એપ્રેન્ટિસશિપ અને જસ્ટજોબ્સ નેટવર્ક દ્વારા રજૂ કરાયેલા 'ઈન્ડિયા એમ્પ્લોયેબિલિટી રિપોર્ટ' અનુસાર ભારતમાં 367 મિલિયન યુવાઓનો સમૂહ છે જેમાંથી દર વર્ષે 3.5% યુવાનો નોકરીમાં જોડાય છે. જેમાં સ્નાતક બેરોજગારીનો દર સૌથી વધુ 16% જોવા મળ્યો. અને પોસ્ટ ગ્રેજ્યુએટનો દર 14% છે.
- ⊛ ગૂગલે ભારતમાં 2000 પર્સનલ લોન એપ નીતિ ઉલ્લંઘનના કાયદા અંતર્ગત બ્લોક કરી.
- ⊛ ભૂપેન્દ્ર ચૌધરીને યુપી ભાજપના પ્રદેશ અધ્યક્ષ નિયુક્ત કર્યા.
- ⊛ ભારતીય રેલવેએ 'Super Vasuki' નામક સૌથી લાંબી માલગાડીનું પરિચાલન શરૂ કર્યું.
- ⊛ બિહારના મિથિલા મખાનાને GI Tag આપવામાં આવ્યો.

---

## ⊛ કરન્ટ ઈન શોર્ટ ⊛

Current Affairs By C.H Shingala

- ⊛ ઉત્તરપ્રદેશના લખનૌ ખાતે દેશની પ્રથમ નાઈટ સફારી શરૂ કરવા પ્રવાસન વિભાગના પ્રસ્તાવને મંજૂરી આપવામાં આવી.
- ⊛ બેંગલુરુના હલાસુરમાં કેમ્બ્રિજ લેઆઉટમાં ભારતની પ્રથમ 3 D-પ્રિન્ટેડ પોસ્ટ ઓફિસ શરૂ કરવામાં આવી.
- ⊛ સાત્વિકસાઈરાજ રંકીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીને ભારત માટે વિશ્વ બેડમિન્ટન ચેમ્પિયનશિપમાં પ્રથમ મેડલ મળ્યો.
- ⊛ CJI એન.વી. રમન્નાની અધ્યક્ષતા વાળી બેંચે પ્રથમ વાર સર્વોચ્ચ અદાલતની કાર્યવાહીનું વેબકાસ્ટ પોર્ટલના માધ્યમથી સીધું પ્રસારણ કર્યું. સર્વોચ્ચ અદાલતે 2018માં બંધારણીય અને રાષ્ટ્રીય મહત્વના બાબતોની અદાલતી કાર્યવાહી લાઈવ કરવાની અનુમતિ આપી હતી.

---

# * 27 ઓગસ્ટ, 2022 *

[*] 26 ઓગસ્ટ - આંતરરાષ્ટ્રીય મહિલા સમાનતા દિવસ.

→ અમેરિકાના બંધારણમાં 19 મો બંધારણીય સુધારો, 1920 અંતર્ગત મહિલાઓને પુરુષોની જેમ મતાધિકાર આપવામાં આવ્યો.

→ ભારતમાં વર્ષ 1921માં 'મદ્રાસ સ્ટેટ' દ્વારા સૌ પ્રથમ મહિલાઓને મતાધિકાર આપવામાં આવ્યો.

→ વર્ષ 1973 થી દર વર્ષે 26 મી ઓગસ્ટે સમગ્ર વિશ્વમાં આ દિવસ ઉજવાય છે.

→ આ ઉપરાંત આ દિવસનો ઉદ્દેશ્ય મહિલાઓને શિક્ષણ અને રોજગારમાં સમાન તકો પૂરી પાડવાનો પણ છે.

→ રિચાર્ડ નિક્સન, 37 માં યુએસ પ્રમુખે સત્તાવાર રીતે 26 તારીખને મહિલા અધિકાર દિવસ તરીકે જાહેર કરી હતી.

[*] બાયોએશિયાની 20મી આવૃત્તિ તેલંગાણા સરકાર દ્વારા હોસ્ટ કરવામાં આવશે.

→ તેલંગાણા સરકાર દ્વારા આયોજિત ગ્લોબલ લાઇફ સાયન્સ અને હેલ્થ ટેક ઇવેન્ટ 24-26 ફેબ્રુઆરી, 2023 દરમિયાન આયોજિત થશે.

→ ઉદ્યોગ અને વાણિજ્ય મંત્રી, કે.ટી. રામા રાવે, બાયોએશિયા 2023નો લોગો અને થીમ:- 'એડવાન્સિંગ ફોર વન: શેપિંગ ધ નેક્સ્ટ જનરેશન ઓફ હ્યુમનાઇઝ્ડ હેલ્થકેર' લોન્ચ કરી.

→ CEO, બાયોએશિયા શક્તિ નાગપ્પનના જણાવ્યાનુસાર બાયો-એશિયા 2023 જીવન વિજ્ઞાન અને હેલ્થકેર લીડર્સ, એકેડેમિયા, સ્ટાર્ટ-અપ્સ, રેગ્યુલેટર્સ અને રોકાણકારોને એક મંચ પર સાથે લાવશે.

→ આ ઇવેન્ટમાં એક સ્ટાર્ટઅપ શોકેસ પણ હશે જ્યાં વિશ્વભરના 100થી વધુ પસંદગીના હેલ્થ-ટેક ઉદ્યોગસાહસિકો સ્વાસ્થ્ય સમસ્યાઓને ઉકેલવા નવીન ઉકેલો રજૂ કરી શકે છે.

→ આ બાયોએશિયામાં અંદાજે 70 દેશના 37,500 પ્રતિનિધિઓ ભાગ લેશે.

[*] ભારત-બાંગ્લાદેશ સંયુક્ત નદી આયોગની બેઠક દિલ્હીમાં યોજાઈ.

→ ભારત-બાંગ્લાદેશ મંત્રી સ્તરની 38મી બેઠક આયોજિત થઈ.

→ આ બેઠકમાં બંને પક્ષોએ 'કુશિયારા નદીના વચગાળાના પાણીની વહેંચણી' પર MOU કર્યા.

→ ઓક્ટોબર 2019ના ભારત-બાંગ્લાદેશ MOU મુજબ ત્રિપુરાના સબરૂમ નગરની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા ફેની નદી પરના પાણીના વપરાશના બિંદુની ડિઝાઈન અને સ્થાનને અંતિમ સ્વરૂપ આપવાનું આવકાર્યું.

→ ભારત તરફથી કેન્દ્રીય જળશક્તિ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત અને બાંગ્લાદેશ તરફથી જળ સંસાધન મંત્રી ઝાહીદ ફારૂકે આ બેઠકનું નેતૃત્વ કર્યું.

→ અગાઉ બંને રાષ્ટ્રો વચ્ચે સાત નદીઓના પાણી વિતરણ સંબંધિત સમજૂતી હતી. જ્યારે આ બેઠકમાં વધારે 8 નદીઓ માટે સમજૂતી થઈ.

→ ભારત અને બાંગ્લાદેશના સંયુક્ત નદી આયોગની રચના વર્ષ 1972માં કરવામાં આવી હતી.

[*] NASAનું આર્ટેમિસ I મિશન.

→ NASAનું આર્ટેમિસ 1 મિશન ચંદ્ર પર જવા માટે ઉડાન ભરશે.

→ અંતરિક્ષયાન નાના ઉપગ્રહોને તૈનાત કરવા અને ફરીથી તેની મૂળ કક્ષામાં સ્થાપિત કરવાના ઉદ્દેશ્યથી મોકલાશે.

→ આર્ટેમિસ-1 નવા સ્પેસ લોન્ચ સિસ્ટમની પ્રથમ ઉડાન છે.

→ અત્યાર સુધીની આ સૌથી શક્તિશાળી રોકેટ યોજના છે જે એપોલો મા સેટર્ન વી સિસ્ટમથી પણ વધુ શક્તિશાળી છે.

[*] દેશ માટે 100 મેચ રમનાર એકમાત્ર ખેલાડી બન્યા વિરાટ કોહલી.

→ 28 ઓગસ્ટ, 2022 ના રોજ દુબઈ એશિયા કપ 2022માં વિરાટ પોતાની 100મી T20 મેચ સાથે તમામ ફોર્મેટમાં 100 મેચ રમનાર ખેલાડી તરીકેનો ઈતિહાસ રચશે.

→ વિરાટે ટીમ ઈન્ડિયા માટે 99 T20I મેચોમાં 50.12 એવરેજમાં 3308 રન બનાવ્યા.

→ આ ફોર્મેટમાં તેમણે 30 અડધી સદી પણ ફટકારી છે.

# * 28 ઑગસ્ટ, 2022 *

## ☒ ખાદી ઉત્સવ..

→ ખાદી કારીગરો માટે આત્મનિર્ભર ભારત તરફના એક પગલા રૂપે તથા ખાદીનું ગૌરવ ઉજાગર કરવા માટે પરંપરાગત હેરિટેજથી લઈ આજના ફેશન સ્ટેટમેન્ટ સુધીની પ્રગતિ દર્શાવતો ઉત્સવ અમદાવાદ ખાતે આયોજિત કરવામાં આવ્યો.

→ આ ઉત્સવમાં વડાપ્રધાન દ્વારા ખાદી ઉદ્યોગક્ષેત્રે મહિલાઓના યોગદાન અને ભારતની અર્થવ્યવસ્થામાં તેના મહત્વને ઉજાગર કરવા સમર્થન અપાશે.

→ ઉત્સવ દરમિયાન વિશ્વમાં પ્રથમ વાર 7500 મહિલા કારીગરો ગુજરાતના અલગ અલગ જિલ્લાઓમાંથી એકત્ર થઈ Live ચરખો કાંતશે. તથા 1920 થી આજ સુધી અલગ અલગ પેઢીઓના 22 ચરખાઓનું પ્રદર્શન 'ચરખા ઉત્ક્રાંતિ' હેઠળ દર્શાવાશે.

⇒ કાર્યક્રમમાં ગાંધીયુગ થીમ આધારિત લાઈવ સંગીતનું આયોજન કરાશે તથા પોંડુરુ ખાદી ઉત્પાદનનું લાઈવ પ્રદર્શન આયોજિત કરાશે.

## ☒ જેવલિન થ્રોઅર નીરજ ચોપરાએ નવો ઈતિહાસ રચ્યો.

→ ઓલિમ્પિક ચેમ્પિયન જેવલિન થ્રોઅર નીરજ ચોપડા ડાયમંડ લીગનું ટાઈટલ જીતનાર પ્રથમ ભારતીય બન્યો.

→ લુસાને ખાતે નીરજે પ્રથમ પ્રયાસે જ 89.08 મીટરનો થ્રો કરી ગોલ્ડ મેડલ જીત્યો, અને જ્યુરિખમાં યોજાનાર ડાયમંડ લીગની ફાઈનલમાં સ્થાન મેળવ્યું.

→ ઉપરાંત તેણે હંગેરીમાં બુડાપેસ્ટમાં યોજાનાર 2023માં યોજાનાર વર્લ્ડ ચેમ્પિયનશિપ માટે પણ ક્વોલિફાઈ કર્યું.

→ નીરજે કુલ ત્રણ વાર 89+ મીટરનો થ્રો કર્યો. જેમાં ફિનલેન્ડમાં પાવો નુરમી ગેમ્સમાં 89.30 મીટર, સ્ટોકહોમ ડાયમંડ લીગમાં 89.94 મીટર અને લુસાને લીગમાં 89.08 મીટરનો સમાવેશ થયો.

GPSC
Current Affairs By C.H. Shingala

* ભારતના ૪૯માં મુખ્ય ન્યાયાધીશ - યુ.યુ. લલિત.

→ ન્યાયાધીશ ઉદય ઉમેશ લલિતે 27 ઓગસ્ટ, 2022ના રોજ ભારતની સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ તરીકે શપથ ગ્રહણ કર્યા. તેમને રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ દ્વારા શપથ લેવડાવવામાં આવ્યા.

→ લલિત ભારતના ૪૮ માં મુખ્ય ન્યાયાધીશ એન.વી. રમનાનું સ્થાન લેશે અને માત્ર 74 દિવસના કાર્યકાળ માટે તેઓ પદ સંભાળશે.

→ લલિતે નાગપુર હાઈકોર્ટના ન્યાયાધીશ તરીકે અને ભારતની સર્વોચ્ચ અદાલતમાં વરિષ્ઠ વકીલ તરીકે ફરજો બજાવી છે.

→ તેમનો જન્મ મહારાષ્ટ્રના સોલાપુરમાં થયો હતો.

→ તેઓ વર્ષ 2004માં સુપ્રીમ કોર્ટના વરિષ્ઠ વકીલ તરીકે નિયુક્ત થયા અને 2011માં ન્યાયમૂર્તિ જી.એસ. સિંઘવી અને અશોકકુમાર ગાંગુલીની 2જી સ્પેક્ટ્રમ કેસમાં CBI માટે વિશેષ સરકારી વકીલ તરીકે નિયુક્ત થયા હતા.

→ 2017માં ત્રિપલ તલાકના ગેરબંધારણીય કેસમાં પાંચ જજની બેંચમાં તેઓ સામેલ હતા અને તેમણે આ પ્રથા બંધ કરવા અંગેનો ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો.

• <u>બંધારણમાં મુખ્ય ન્યાયાધીશ</u> •

→ ભારતના રાષ્ટ્રપતિ અનુચ્છેદ-124(2) અંતર્ગત સર્વોચ્ચ અદાલતના મુખ્ય અને અન્ય ન્યાયાધીશોની નિમણૂક કરે છે.

→ સર્વોચ્ચ અદાલતના ન્યાયાધીશોની નિમણૂક માટે કોલેજિયમ પદ્ધતિને અનુસરવામાં આવે છે.

→ રાષ્ટ્રપતિ અનુ. 124(6) મુજબ ન્યાયાધીશને ત્રીજી અનુસૂચિ મુજબ શપથ લેવડાવે છે, અને ન્યાયાધીશ 65 વર્ષની ઉંમર સુધી પોતાના પદ પર રહે છે.

* દવાની નિકાસમાં 146%ની વૃદ્ધિ જોવા મળી.

→ દેશની દવાઓની નિકાસ એપ્રિલ-જુલાઈ 2022માં 2013-14ની સરખામણીએ 146% વધી છે.

→ 2013-14માં નિકાસ 20,596 કરોડ રૂપિયાની નિકાસ આજે જુલાઈમાં તે 50,000 કરોડ સુધીની થઈ.

→ ભારતીય હેલ્થકેર સેક્ટર દ્વારા મેળવેલ વૈશ્વિક વિશ્વાસના કારણે દેશને વિશ્વની ફાર્મસી તરીકે ઓળખવામાં આવે છે.

(*) અનંગ તાલ તળાવ રાષ્ટ્રીય મહત્ત્વનું સ્મારક જાહેર થયું.

→ દક્ષિણ દિલ્હીમાં અનંગતાલ તળાવને સ્મારક જાહેર કર્યું છે. આ તળાવ 1060 ઈ.સ. પૂર્વે નિર્માણ કરવામાં આવ્યું હતું.

→ 11મી સદીમાં તોમર રાજા અનંગ પાલ તોમર દ્વારા તે બનાવાયું હતું.

→ રાષ્ટ્રીય મહત્ત્વનું સ્મારક ભારતીય પુરાતત્ત્વ સર્વેક્ષણ (ASI) દ્વારા જાહેર થાય છે.

→ આ જાહેરાત બાદ આ સ્થળની આસપાસ તમામ નિર્માણ કાર્યો પ્રતિબંધિત થઈ જાય છે.

---

## કરન્ટ ઈન શોર્ટ

(*) ભારતીય ગ્રાન્ડ માસ્ટર અર્જુન એરિગેસીએ અબૂ ધાબી માસ્ટર્સ શતરંજ ટૂર્નામેન્ટ-28 મી જીતી.

(*) દેશની સ્વદેશનિર્મિત વિમાનવાહક INS વિક્રાંત ભારતીય નૌસેનામાં સામેલ થશે.

(*) એશિયા કપ 2022ની શરૂઆત 27 ઓગસ્ટના રોજ દુબઈ ખાતે શ્રીલંકા અને અફઘાનિસ્તાન વચ્ચેની મેચથી થઈ. આ 15મી આવૃત્તિ અગાઉ શ્રીલંકા ખાતે આયોજિત થઈ હતી પરંતુ શ્રીલંકાની આર્થિક તંગીને કારણે તે UAEમાં આયોજિત થઈ.

(*) 17 વર્ષીય બ્રિટિશ પાયલટ મૈક રધરફોર્ડ એકલા વિમાનમાં સમગ્ર વિશ્વમાં ઉડાન કરનાર (150 દિવસ) સૌથી નાની વયની વ્યક્તિ બન્યા. તેમણે પાંચ મહાદ્વીપ અને 52 દેશોની યાત્રા કરી છે.

(*) HDFC ERGO એ ભારતની પ્રથમ EV ઇકોસિસ્ટમ-'ઇલેક્ટ્રિક થિંક્સ EV' લોન્ચ કરી.

---

## * 29 ઓગસ્ટ, 2022 *

**[*] હરિદ્વાર ભારતનો સર્વશ્રેષ્ઠ આકાંક્ષી જિલ્લો જાહેર.**

→ નીતિ આયોગે ઉત્તરાખંડમાં હરિદ્વારને પાંચ પરિમાણોમાં શ્રેષ્ઠ મહત્ત્વાકાંક્ષી જિલ્લો જાહેર કર્યો.

→ હરિદ્વારે બેઝિક ઇન્ફ્રાસ્ટ્રક્ચર થીમમાં પ્રથમ સ્થાન મેળવ્યું અને તેનાથી કેન્દ્ર સરકારે રૂ. 3 કરોડની સહાય મંજૂર કરી.

→ આકાંક્ષી જિલ્લા કાર્યક્રમ 2018માં શરૂ કરાયો. જેનો ઉદ્દેશ્ય દેશભરમાં 112 સૌથી ઓછા વિકસિત જિલ્લાઓને વિકસિત કરવાનો છે.

**[*] 29 ઓગસ્ટ - National Sports Days.**

→ ભારતીય હોકી ખેલાડી મેજર ધ્યાનચંદના જન્મદિનને 'રાષ્ટ્રીય રમત-ગમત' દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

→ આ દિવસે રાષ્ટ્રપતિ રાજીવ ગાંધી ખેલરત્ન, અર્જુન એવોર્ડ, દ્રોણાચાર્ય એવોર્ડ જેવા પુરસ્કારો આપે છે.

→ 1928, 1932, 1936 ના ભારતના સફળ ઓલિમ્પિકમાં ધ્યાનચંદે મહત્વની ભૂમિકા ભજવી હતી. તેના કારણે તેમને 'ધ વિઝાર્ડ' તરીકે પણ ઓળખવામાં આવે છે.

→ તેમણે તેમની કારકિર્દીમાં 400 જેટલા ગોલ કર્યા હતા.

GPSC Current Affairs by C.H Shingala

**[*] વન નેશન વન ફર્ટિલાઇઝર**

→ વન નેશન વન ફર્ટિલાઇઝર હેઠળ 15 સપ્ટેમ્બરથી ખાતર કંપનીઓને જૂની શૈલીની બેગ ખરીદવાની પરવાનગી આપશે નહિ.

→ આદેશાનુસાર જે કંપની તેનું ઉત્પાદન કરતી હોય, જાહેર કે ખાનગી ક્ષેત્રની હોય, તમામ ખાતરની થેલીઓ, યુરિયા, DAP, MOP અથવા NPK પર હવેથી 'ભારત યુરિયા', 'ભારત DAP', 'ભારત MOP' અને 'ભારત NPK' બ્રાન્ડ નામ અપાશે.

→ આ કાર્યક્રમ હેઠળ કેન્દ્ર સરકાર વાર્ષિક ધોરણે ખાતર કંપનીને સબસિડી આપે છે તે PMBJPનું જ એક બ્રાન્ડ નામ અને પ્રતીક હોવું જોઈએ તેવો દિશાનિર્દેશ કરાયો છે.

## [*] ડિજિટલ હેલ્થ આઈડી.

→ એડલવાઈસ જનરલ ઈન્સ્યોરન્સે દેશમાં સૌના માટે ડિજિટલ હેલ્થ આઈડી બનાવવા માટે કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલય સાથે સમજૂતી કરી.

→ ઉપયોગકર્તા એડલવાઈસની વેબસાઈટની મદદથી પોતાનો વિશિષ્ટ ABHA નંબર જનરેટ કરી શકશે.

→ ABHA (આયુષ્યમાન ભારત હેલ્થ એકાઉન્ટ) 14 આંકની સંખ્યા છે જે ઉપયોગકર્તાને સ્વાસ્થ્ય સેવાઓ આપવા તથા મેડિકલ સંબંધી રેકોર્ડ ડિજિટલ સ્વરૂપે સાચવવા મદદરૂપ થશે.

## [*] 'સ્મૃતિ વન' સ્મારક.

→ વડાપ્રધાન મોદીએ 'સ્મૃતિવન' સ્મારક જે ગુજરાતના કચ્છમાં સ્થિત છે. જે 2001માં આવેલા વિનાશક ભૂકંપ દરમિયાન લોકો દર્શાવેલ હિંમતને સમર્પિત છે તેનું ઉદ્ઘાટન કર્યું.

→ સ્મૃતિવન ભુજ ખાતે ભુજિયા ડુંગર નજીક 470 એકરમાં સ્થાપિત કરાયું છે.

→ આ ઉપરાંત પ્રધાનમંત્રીએ આ ભૂકંપમાં કાટમાળમાં દટાઈને જીવ ગુમાવેલ 185 બાળકો અને 20 શિક્ષકોને શ્રદ્ધાંજલિ આપવા અંજાર ખાતે 'વીર બાલ સ્મારક' પણ સમર્પિત કર્યું.

---

## ⓪ કરન્ટ ઈમ્પ શોર્ટ ⓪

[*] ઉત્તર-પૂર્વીય રાજ્ય નાગાલેન્ડને શોખુવી ખાતે 119 વર્ષ બાદ બીજું રેલવે સ્ટેશન મળ્યું. જેના પર ડોની પોલો એક્સપ્રેસ થોભાવાશે.

[*] AK-630 બંદૂકમાં નૌકાદળ દ્વારા સૌપ્રથમવાર સંપૂર્ણ રીતે મેક-ઈન ઈન્ડિયા હેઠળ 30 mm દારૂગોળો વાપરવામાં આવશે.

[*] ભારતીય જુડોકા લિન્થોઈ ચનામ્બમે વિશ્વ જુડો કેડેટ (U18) ચેમ્પિયનશિપમાં મહિલાઓની 57 kg માં ગોલ્ડ મેળવ્યો.

[*] એર એશિયા ઈન્ડિયા એરલાઈનના પાયલોટને પ્રશિક્ષિત કરવા AI નો ઉપયોગ કરનાર પ્રથમ એરલાઈન બની છે.

[*] ભારતીય ઓલિમ્પિક સંઘ (IOA) ના અધ્યક્ષ આદિલ સુમારીવાલા બન્યા. તેઓ પૂર્વ અધ્યક્ષ ડૉ. નરિન્દર ધ્રુવ બત્રાનું સ્થાન લેશે.

* 30 ઓગસ્ટ, 2022 *

[*] રાજીવ ગાંધી ગ્રામીણ ઓલિમ્પિક..

→ રાજસ્થાન સરકારે રાજીવ ગાંધી ગ્રામીણ ઓલિમ્પિક ગેમ્સ 29 ઓગસ્ટથી 11,000થી વધુ પંચાયતોમાં શરૂ થયો.

→ મુખ્યમંત્રી અશોક ગેહલોતે જોધપુરમાં આયોજિત રાજ્ય સ્તરીય સમારોહ માં રમતોનું ઉદ્ઘાટન કર્યું.

→ આ ઓલિમ્પિકમાં લગભગ 2,25,000 ટીમ ભાગ લેશે જેમાં કબડ્ડી, શૂટિંગ બોલ, વોલીબોલ, હોકી, ખો-ખો અને ટેનિસ બોલ ક્રિકેટ એમ 6 રમતો સામેલ છે.

→ આ ગેમ્સની વિશેષતા એ છે કે 50 વર્ષથી વધુ ઉંમરના એક લાખથી વધુ સ્પર્ધકો તેમાં ભાગ લેશે. તથા 75 વર્ષથી વધુના 1500 ખેલાડી ભાગ લેશે.

[*] તટ પ્રદેશની સફાઈ માટેના અભિયાન માટે વેબસાઈટ લોન્ચ.

→ કેન્દ્રીય પૃથ્વી વિજ્ઞાન મંત્રી ડૉ. જિતેન્દ્ર સિંહે તટ સફાઈ અભિયાનને વેગ આપવા માટે www.swachhsagar.org વેબસાઈટ લોન્ચ કરી.

→ આ અભિયાન 5 જુલાઈ, 2022ના રોજ શરૂ કરાયું હતું.

→ આ અભિયાન અંતર્ગત 20 દિવસના સમયગાળામાં સમુદ્ર તટોનો 200 ટન જેટલો કચરો દૂર કરવામાં આવ્યો છે.

[*] ડેબિટ અને ક્રેડિટ કાર્ડની સંખ્યામાં ગ્રાહકોની સાથે બેંકનો ક્રમ.

→ જૂન 2022 સુધીમાં 30% હિસ્સેદારી સાથે SBI ડેબિટ કાર્ડ સૌથી ઉપર છે.

→ બેંક ઓફ બરોડા ડેબિટ કાર્ડના ગ્રાહકોની સંખ્યામાં 8% સાથે બીજા સ્થાને તથા 5% સાથે બેંક ઓફ ઈન્ડિયા, કેનરા બેંક, યુનિયન બેંક, PNB ત્રીજા સ્થાને છે.

→ HDFC બેંક 22% હિસ્સેદારી સાથે ક્રેડિટ કાર્ડ ગ્રાહકોમાં પ્રથમ નંબર પર છે.

→ ત્યારબાદ SBI (18%), ICICI (17%), એક્સિસ (12%), RBL (5%) અને કોટક મહિન્દ્રા બેંકનો (5%) સમાવેશ થાય છે.

Current Affairs By C.H Shingala

## ☒ ભારત-પાકિસ્તાન એશિયા કપ - 2022.

→ તાજેતરમાં ભારત અને પાકિસ્તાન વચ્ચે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના તમામ આવૃત્તિઓમાં 200 મેચ પૂર્ણ થઈ.

→ વર્ષ 2022ના એશિયા કપમાં ભારતે 148 રનનો લક્ષ્યાંક પાર કરી પાકિસ્તાન સામે જીત મેળવી.

→ એશિયન ક્રિકેટ કાઉન્સિલ એશિયા કપની સ્થાપના 1983માં એશિયન ક્રિકેટ કાઉન્સિલની સ્થાપના સાથે થઈ.

→ આ કપ પુરુષોનો એક દિવસીય આંતરરાષ્ટ્રીય અને T-20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટ ટુર્નામેન્ટ છે.

→ આ કપ દર બે વર્ષે ODI અને T20 સ્વરૂપે આયોજિત થાય છે.

→ પ્રથમ એશિયા કપ 1984માં સંયુક્ત આરબ અમિરાતના શારજાહ ખાતે આયોજિત થયો હતો.

→ ભારત, 7 જીત (6 ODI અને 1 T20I) સાથે એશિયા કપની સૌથી સફળ ટીમ છે

## ☒ ટ્વીન ટાવર - નોઈડા (દિલ્હી)

→ સર્વોચ્ચ અદાલતના આદેશાનુસાર એપેક્સ અને સિયાન નામક સુપરટેક ટ્વીન ટાવર્સની જમીનદોસ્ત કરવામાં આવ્યા.

→ 3700 કિલો વિસ્ફોટકનો ઉપયોગ કરવી પાડવામાં આવેલ આ ઈમારતો માંથી 80,000 કિલોનો કાટમાળ દૂર કરવામાં આવશે.

→ આ ટાવરો NBR 2006 અને 2010ના નિયમાનુસાર ગેરકાયદેસર જાહેર કરવામાં આવ્યું હતું.

→ આ ટાવરમાં 12.5 % ના વ્યાજ દર સાથે તેમાં રોકાણ કરનારાઓને તેની રકમ પરત અપાશે.

## ☒ હાઈડ્રોજન ટ્રેન શરૂ કરનાર પ્રથમ દેશ જર્મની બન્યો.

→ જર્મનીએ વિશ્વની પ્રથમ હાઈડ્રોજન ટ્રેન, કોરાડિયા આઈલિંટનું ઉદ્ઘાટન કર્યું.

→ એલ્સ્ટોમ દ્વારા નિર્મિત, આ ટ્રેન ખૂબ ઓછા અવાજ સાથે માત્ર વરાળ સ્વરૂપના પાણીનું જ ઉત્સર્જન કરશે.

→ આ ટ્રેન 140 કિમી પ્રતિ કલાકની ઝડપથી યાત્રા કરશે.

→ જર્મનીના ચાંસેલર - ઓલાફ સ્કોલ્ઝ.

# * કરન્ટ ઈન શોર્ટ *

- NITI આયોગ જમ્મુ-કાશ્મીરમાં ઉચ્ચ શિક્ષણના વિદ્યાર્થીઓને લાભ આપવા 500 થી વધુ અટલ ટિંકરિંગ લેબ સ્થાપિત કરશે.
- અનંત નારાયણ ગોપાલકૃષ્ણન SEBI ના પૂર્ણકાલીન સભ્ય નિયુક્ત થયા.
- FIFA એ અખિલ ભારતીય ફૂટબોલ મહાસંઘ પરના પ્રતિબંધ દૂર કર્યો.
- ઈંગ્લેન્ડના જેમ્સ એન્ડરસન આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં 950 વિકેટ પૂર્ણ કરનાર પ્રથમ ખેલાડી બન્યા.
- HDFC પ્રોપર્ટી વેન્ચર્સ અને વેંચર કેપનું HDFD કેપિટલ એડવાઈઝર્સમાં વિલીનીકરણ થયું.

---

# ॥ કરન્ટ ઈન શોર્ટ ॥

- ભારતીય સ્પિનર રાહુલ શર્માએ રોડ સેફ્ટી વર્લ્ડ સીરીઝમાં ભાગ લેવા માટે આંતરરાષ્ટ્રીય ક્રિકેટ અને IPL માંથી નિવૃત્તિ જાહેર કરી.
- NCRB (નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરો) ના આંકડાઓ મુજબ 2021માં દર 10 લાખ લોકોએ 120 લોકોએ આત્મહત્યા કરી જીવ ગુમાવ્યો.
- ભારત-ઈન્ડોનેશિયા વચ્ચે સમુદ્રી અભ્યાસ MPX પર્વ, ઈન્ડોનેશિયા ખાતે આયોજિત થયો.
- ભારત સરકારે 2025 સુધીમાં 1.6 લાખ km રાજમાર્ગ અને 1.2 લાખ km રેલવે લાઈન બનાવવાનો લક્ષ્યાંક રાખ્યો.
- RBI 'eRupi' નામથી પોતાની ડિજિટલ કરન્સી લોન્ચ કરશે.
- Google દ્વારા સાઈબર સુરક્ષા વ્યાવસાયિક કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.
- HDFC એ TATA Neu સાથે મળીને બ્રાન્ડેડ ક્રેડિટ કાર્ડ લોન્ચ કર્યું.

## [*] ૩ ઓગસ્ટ, 2022 [*]

### [*] આવશ્યક વસ્તુ અધિનિયમ - 1955.

→ તાજેતરમાં ગ્રાહક બાબતોના ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલયે તુવેરદાળના ભાવમાં વધારાને રોકવા આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ, 1955 લાદ્યો. અને તે હેઠળ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોને સાપ્તાહિક ધોરણે ગ્રાહક બાબતોના વિભાગના ઓનલાઈન મોનિટરિંગ પોર્ટલ પર સ્ટોકહોલ્ડર એન્ટિટીઝ દ્વારા રખાયેલ સ્ટોકનો ડેટા અપલોડ કરવાનો નિર્દેશ આપવામાં આવ્યો.

→ કર્ણાટક, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ જેવા તુવેરદાળના મુખ્ય ઉત્પાદક રાજ્યોમાં અતિવૃષ્ટિના કારણે ખરીફ પાકની વાવણી ઓછી થવાથી તુવેરદાળના બજારભાવ ઊંચા ગયા.

→ ખાદ્ય ચીજવસ્તુઓના સંગ્રહખોરી અને કાળા બજારને રોકવા માટે વર્ષ 1955માં આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ રચવામાં આવ્યો હતો. પરંતુ આ અધિનિયમમાં 'આવશ્યક ચીજવસ્તુની' કોઈ ચોક્કસ વ્યાખ્યા કરવામાં આવી નથી. પરંતુ કેન્દ્ર સરકાર આવશ્યકતા મુજબ રાજ્ય સરકાર સાથે પરામર્શ કરી આ યાદીમાં ચીજવસ્તુને સમાવી શકે છે.

→ આવશ્યક વસ્તુ અધિનિયમ-1955 ત્યારે બનાવ્યો હતો જ્યારે ભારત ખાદ્યાન્ન ઉત્પાદનમાં આત્મનિર્ભર ન હતું. પરંતુ હાલ ભારત મોટાભાગની કૃષિ ચીજવસ્તુઓમાં સરપ્લસ છે ત્યારે આ કાયદામાં સુધાર કરી ખેડૂતોની આવક બમણી કરવા અને વ્યવસાયની સરળતા હાંસલ કરવા માટેનું એક મહત્વપૂર્ણ પગલું છે.

### [*] મૂળભૂત ફરજો અને ભારતના મુખ્ય ન્યાયાધીશનું અવલોકન.

→ તાજેતરમાં ભારતના મુખ્ય ન્યાયાધીશે કહ્યું કે બંધારણમાં મૂળભૂત ફરજો માત્ર "શૈક્ષણિક અથવા તકનીકી" હેતુની પરિપૂર્ણતા માટે નથી, પરંતુ તેનો સામાજિક પરિવર્તનની ચાવી તરીકે સમાવેશ કરવામાં આવ્યો છે.

→ મૂળભૂત ફરજોનો વિચાર રશિયાના બંધારણમાંથી સરદાર સ્વર્ણસિંહ સમિતિની ભલામણથી 42માં બંધારણીય સુધારા 1976 દ્વારા અમલમાં મૂકાયા.

→ સર્વોચ્ચ અદાલતના રંગનાથ મિશ્રા કેસ 2003 મુજબ મૂળભૂત ફરજો માત્ર કાનૂની પ્રતિબંધો દ્વારા જ નહીં પરંતુ સામાજિક પ્રતિબંધોથી પણ લાગૂ થવી જોઈએ.

→ મૂળભૂત ફરજોની યોગ્ય સંવેદના, સંપૂર્ણ કામગીરી અને અમલીકરણ માટે એક સમાન નીતિની જરૂર છે જે નાગરિકોને જવાબદાર બનાવવામાં મદદ કરે છે.

☒ વાલી અને દત્તક કાયદાઓની સમીક્ષાનો અહેવાલ.

→ સંસદીય સ્થાયી સમિતિએ 'વાલી અને દત્તક' કાયદાની સમીક્ષાનો અહેવાલ આપતી અનાથ અને ત્યજી દેવાયેલા બાળકોને ઓળખવા માટે જિલ્લા સ્તરે સર્વેની ભલામણ કરી.

→ રિપોર્ટ અનુસાર 2021ના અંત સુધીમાં બાળક દત્તક લેનાર માતાપિતાની સંખ્યા 27,939 હતી જે 2017માં 18,000 હતી.

→ CARA (Central Adoption )એ મહિલા અને બાળ વિકાસ મંત્રાલયની વૈધાનિક સંસ્થા છે જે દત્તક લેવાની બાબતો માટે નોડલ એજન્સી તરીકે કામ કરે છે. અને તાજેતરની માહિતી મુજબ 2430 બાળકોને દત્તક લેવા માટે કાયદેસર રીતે મુક્ત જાહેર કર્યા છે. અને વર્ષ 2021-22માં દત્તક લીધેલા બાળકોની કુલ સંખ્યા 3175 જેટલા મળી.

☒ બાળ જાતીય કાયદાની માન્યતા અંગે.

→ તાજેતરમાં મહારાષ્ટ્રમાં નવ વર્ષની બાળકી પર સામૂહિક બળાત્કાર કેસમાં આજીવન કેદની સજા ભોગવી રહેલા 29 વર્ષીય વ્યક્તિ દ્વારા સુપ્રીમ કોર્ટમાં અરજી કરવામાં આવી જેમાં સુપ્રીમ કોર્ટ એવા કાયદાની માન્યતાની તપાસ કરશે કે જે 12 વર્ષથી ઓછી ઉંમરની બાળકી પર સામૂહિક બળાત્કારના દોષિત વ્યક્તિને ગુના માટે પ્રાયશ્ચિત કરવાની અથવા સુધારો કરવાની તક આપ્યા વિના આજીવન કેદ અથવા મૃત્યુની સજા આપે છે.

→ કલમ 376-ABમાં 12 વર્ષથી ઓછી ઉંમરની બાળકી પર બળાત્કાર કરનાર દોષિત વ્યક્તિ માટે 20 વર્ષથી ઓછી ન હોય તેવી સજાની જોગવાઈ હતી, જ્યારે 376-DBમાં આજીવન કેદની ફરજિયાત સજાની જોગવાઈ છે. આરોપીએ કેસ અરજીમાં 376DB એ બંધારણની કલમ 21 (જીવન જીવવાનો અધિકાર) અને કલમ 14 (સમાનતાનો અધિકાર)નું ઉલ્લંઘન હોવાનું દર્શાવ્યું.

☒ 30 ઓગસ્ટ - National Small Industry Day. (રાષ્ટ્રીય લઘુ ઉદ્યોગ દિવસ)

→ દેશના વિકાસમાં નાના ઉદ્યોગોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશ્યથી આ દિવસ મનાવાય છે.

→ કેન્દ્ર સરકારે 30 ઓગસ્ટ 2000ના લઘુ ઉદ્યોગ માટેની વ્યાપક નીતિ પેકેજની શરૂઆત કરી તે હેઠળ આ દિવસ ઉજવવાની શરૂઆત કરી.

12 પાસ, ગ્રેજ્યુએટ

# સરકારી નોકરી માટેની તૈયારી કરવા હવે બહાર ક્યાંય જવાની જરૂર નથી...

**અમદાવાદ, ગાંધીનગરની શ્રેષ્ઠ ફેકલ્ટીઝ આપના મોબાઈલમાં**

લાખો વિદ્યાર્થીઓએ વખાણી
**Quality** એટલે
**Crack GPSC**

**ઘરે બેઠાં તૈયારી કરો,**
**મોબાઈલ કે ટેબ્લેટ પરથી**

આ એપ ડાઉનલોડ કરી
ફ્રી ડેમો વિડિયો જુઓ,
આપને ખરેખર લાગશે કે
કોઈ ક્લાસ કરવાની જરૂર જ નથી.

ક્લાસમાં જ ભણતા હોય તેવો અનુભવ




YouTube /Crack GPSC

**એક એપ, બધી પરીક્ષાઓ**

UPSC, GPSC Class 1/2, PI, STI, PSI, ગુજ. શિક્ષણ સેવા, હિસાબી અધિકારી, Dy. SO, ડે. મામલતદાર, તલાટી, બિનસચિવાલય કલાર્ક, ફોરેસ્ટ ગાર્ડ/ઓફિસર, કોન્સ્ટેબલ, મોટર વાહન નિરીક્ષક, TAT, TET, HTAT, Railway

ગૃહિણીઓ, ક્લાસ જોઈન ન કરી શકતા, સ્કૂલ-કોલેજના અભ્યાસ સાથે તૈયારી કરવા માગતા, અંતરિયાળ વિસ્તારમાં રહેતા, મોંઘી ફી ન ભરી શકતા, મેટ્રો સિટીમાં રહેવાનો ખર્ચ ન કરી શકતા, અપડાઉન કરતાં કરતાં તૈયારી કરવા માગતા, રિવિઝન કરવા માગતા વિદ્યાર્થીઓ માટે ખાસ.

**કોઈપણ સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી આટલી સરળ ક્યારેય નહોતી...**

**ડાઉનલોડ કરો Crack GPSC એપ અને તૈયારી કરો ગમે ત્યારે, ગમે ત્યાંથી**

76000 51070